

પેજ-08

એક્ટ્રેસ કંગના રનૌતે ટીકાકારો પર નિશાન સાધ્યું.....

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09

રાહુલ દ્રવિડે ETPL માં ટીમ માલિક બનવા પર આપી પ્રતિક્રિયા....



| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુતમ |
| અમદાવાદ | 33.00 | 27.00 |
| વડોદરા | 33.00 | 27.00 |
| સુરત | 31.00 | 27.00 |

પેજ 5



RBIનું ફોરેક્સ મેનેજમેન્ટ: બજારમાં ડોલરની ઉપલબ્ધતા વધારવાનો પ્રયાસ...

26 AUGUST-2026 WEDNESDAY

વૈશ્વિક વેપાર માર્ગો પર જોખમ વધતા સંયુક્ત રાષ્ટ્રસંઘની ગંભીર ચિંતા....



પેજ 10

.....સુવિચાર.....

દરેક કામમાં જોખમ હોય છે, પરંતુ કશું નહિ કરવામાં મોટું જોખમ હોય છે!

વર્ષ-15 । અંક-282 । વિક્રમ સંવત-2082 । શ્રાવણ સુદ-14 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# “ભારત અને ચીન હરીફ નહીં, ભાગીદાર છે”

## અજિત ડોભાલના નિવેદનથી નવી આશા



"ભારત અને ચીન ભાગીદાર છે, હરીફ નહીં," ડોવલે વાંગ યીનો હાથ પકડીને કહ્યું. 2027માં દુનિયા મિત્રતા જોશે

(એજન્સી) બેઇજિંગ | તા.25

ભારત અને ચીન વચ્ચેના સંબંધો સુધારવાના પ્રયાસોમાં અત્યાર સુધીના સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે તાજેતરમાં ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે ખાસ મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન, ડોભાલે બંને દેશો વચ્ચેના સંબંધોના સમગ્ર વલણને એક જ વાક્યમાં સ્પષ્ટ કર્યું. વાંગ યી સાથે હાથ મિલાવતા તેમણે કહ્યું, ‘ભારત અને ચીન હરીફ નથી, પરંતુ ભાગીદાર છે.‘ તેમણે 2027 અંગે એક મોટી જાહેરાત પણ કરી, જેના પછી એવું માનવામાં આવે છે કે આવતા વર્ષે આ બંને પડોશીઓ વચ્ચે નવી મિત્રતાનો અનુભવ થશે.

### બેઇજિંગમાં 25મી ઐતિહાસિક બેઠક યોજાઇ

25 ઓગસ્ટ, 2026 ના રોજ, ભારત અને ચીનના ખાસ પ્રતિનિધિઓની 25મી બેઠક ચીનની રાજધાની બેઈજિંગમાં યોજાઈ હતી. આ બેઠક દરમિયાન, અજિત ડોભાલે બંને દેશો વચ્ચેના સંબંધોમાં સુધારો થઈ રહ્યો છે તે અંગે ખુલીને વાત કરી. તેમણે કહ્યું, ‘મને ખૂબ આનંદ છે કે છેલ્લા એક વર્ષમાં આપણા સંબંધો સતત સામાન્ય થઈ રહ્યા છે. આપણા સંબંધોમાં આ સામાન્યીકરણ સરહદી વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતા જાળવવાનું પરિણામ છે.‘ ડોભાલે ભાર મૂક્યો કે ભારત અને ચીન વિરોધી નથી. બંને દેશો વચ્ચે સ્થિર, વિશ્વસનીય અને ભવિષ્યલક્ષી સંબંધ માત્ર ભારત અને ચીન માટે જ નહીં પરંતુ એશિયા અને વિશ્વ માટે મહત્વપૂર્ણ છે.

### ગલવાન તણાવથી શાંતિના નવા યુગ સુધી

૨૦૨૦માં ગલવાન ખીણની ઘટના બાદ, બંને દેશોએ વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર હજારો સૈનિકો તૈનાત કર્યા. રાજદ્વારી અને લશ્કરી વાટાઘાટોના અનેક રાઉન્ડ થયા, જેના કારણે ડેપસાંગ અને ડેમચોક જેવા વિવાદિત વિસ્તારોમાંથી સૈનિકો પાછા ખેંચાયા. વાંગ યીએ પણ ડોભાલના વિચારોને ટેકો આપ્યો, તેઓ માનતા હતા કે સરહદી તણાવ ઘટાડવાથી બંને દેશો વચ્ચેના વેપાર અને આર્થિક સંબંધોને નવી દિશા મળશે.

**આ વિશ્વ અને એશિયા માટે શા માટે મહત્વપૂર્ણ બાબત છે? :** ભારત અને ચીન વિશ્વના બે સૌથી મોટા વસ્તી અને સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રો છે. જ્યારે આ બે પડોશીઓ વચ્ચે તણાવ પેદા થાય છે, ત્યારે તે સમગ્ર વૈશ્વિક સપ્લાય ચેઇન અને ઇન્ડો-પેસિફિક ક્ષેત્રના રાજકારણને અસર કરે છે. આ સંદર્ભમાં, અજિત ડોભાલની ઘોષણા કે બંને દેશો ‘ભાગીદાર છે, હરીફ નહીં‘ વૈશ્વિક શાંતિ માટે એક મહત્વપૂર્ણ સંદેશ છે. BRICS અને શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન (SCO) જેવા આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર બંને દેશોનું એકસાથે આવવું પણ વૈશ્વિક આર્થિક સંતુલન માટે અત્યંત ફાયદાકારક સાબિત થશે.

## જબલપુરમાં ૧૪ વર્ષની એક વિદ્યાર્થીની સાથે સામૂહિક બળાત્કાર

### એક સગીર સહિત પાંચની ધરપકડ કરવામાં આવી




(એજન્સી) જબલપુર | તા.25

મધ્યપ્રદેશના જબલપુરમાં ૧૪ વર્ષની એક શાળાની છોકરી પર બળાત્કાર અને બ્લેકમેઈલિંગનો ગંભીર મામલો પ્રકાશમાં આવ્યો છે. શાહપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલા આ કેસમાં પોલીસે ચાર પુખ્ત આરોપીઓની ધરપકડ કરી છે અને એક સગીરની પણ અટકાયત કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓએ પહેલા વિદ્યાર્થીનીને મિત્રતામાં ફસાવી, પછી તેના પર બળાત્કાર કર્યો, અશ્લીલ વીડિયો બનાવ્યો અને તે વીડિયો દ્વારા તેને સતત ધમકી આપવાનો આરોપ છે. પીડિતા આરોપીઓના ચુંગાલમાંથી છટકી જવામાં સફળ રહી અને ઘરે પહોંચી ત્યારે આ ઘટના પ્રકાશમાં આવી. તેની સ્થિતિ અને તેના ચહેરા પરનો ડર જોઈને તેની માતાએ તેની સાથે વાત કરી. રડતી રડતી વિદ્યાર્થીનીએ તેની માતાને આખી ઘટનાની જાણ કરી.

### બળાત્કાર પછી બનાવેલો વીડિયો

પોલીસના જણાવ્યા અનુસાર, કેસ ત્યારે શરૂ થયો જ્યારે પીડિતા તે જ શાળાના વિદ્યાર્થી નિખિલ સિંહ રાજપૂત સાથે પરિચિત થઈ. એવો આરોપ છે કે નિખિલે વિદ્યાર્થીની સાથે મિત્રતા કરી અને બાદમાં તેના પર બળાત્કાર કર્યો. પોલીસના જણાવ્યા અનુસાર, આ સમય દરમિયાન એક વીડિયો પણ બનાવવામાં આવ્યો હતો. બાદમાં, આ વીડિયોનો ઉપયોગ કરીને વિદ્યાર્થીને ધમકી આપવામાં આવી અને બ્લેકમેલ કરવામાં આવ્યો.પોલીસનો આરોપ છે કે જ્યારે નિખિલના કેટલાક મિત્રોને વીડિયોની જાણ થઈ, ત્યારે તેઓએ પણ વિદ્યાર્થીને ધમકી આપવાનું અને બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું. એવો આરોપ છે કે 2 ડિસેમ્બર, 2025 ના રોજ સંદીપ સિંહ ચૌહાણ, પ્રશાંત પટેલ, સૌરભ સિંહ અને એક સગીર આરોપીએ વિદ્યાર્થીનીને બળજબરીથી કારમાં બેસાડી દીધી. ત્યારબાદ તેઓ તેને એકાંત સ્થળે લઈ ગયા અને તેના પર ગેંગરેપ કર્યો.

### મુંબઈ-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ પર સુરત પાસે પથ્થરમારો

મુંબઈ | મુંબઈથી અમદાવાદ તરફ આવી રહેલી હાઈ-સ્પીડ ’વંદે ભારત એક્સપ્રેસ’(ટ્રેન નંબર 22961) પર સુરત નજીક એક ગંભીર અટકચાળાની ઘટના સામે આવી છે. સુરત રેલવે સ્ટેશનથી રવાના થઈને ટ્રેન 6.30-6.45 કલાકની આસપાસ જેવી ઉત્રાણ સ્ટેશન પાસેથી પસાર થઈ રહી હતી, ત્યારે અજાણ્યા અસામાજિક તત્ત્વોએ વંદે ભારત ટ્રેન પર અચાનક પથ્થરો માર્યા હતા. મુસાફરોમાં ક્ષણભર માટે ભયનો માહોલ સર્જાયો હતો.સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આ જ ટ્રેનમાં ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબહેન પટેલ પણ મુસાફરી કરી રહ્યાં હતાં. જો કે, તેઓ ટ્રેનના એક્ઝિક્યુટિવ કોચમાં સવાર હોવાના કારણે સંપૂર્ણ પણે સુરક્ષિત છે. આ ઘટનામાં સદ્ભાગ્યે કોઈ મુસાફરને ઈજા પહોંચી નથી.

## H-1B વિઝા પર ટ્રમ્પનો મોટો દાવ, કંપનીઓ પર ₹90 લાખથી વધુ ફીનો બોજ

▪ **અમેરિકામાં ભણ્યા બાદ નોકરી મેળવવી બનશે મુશ્કેલ.**

(એજન્સી) અમેરિકા | તા.25



ટ્રમ્પની નવી H-1B યોજના અમેરિકામાં અભ્યાસ કર્યા પછી નોકરી શોધવાનું વધુ મુશ્કેલ બનાવી શકે છે. અમેરિકાએ H-1B વિઝા માટે નવી ફીનો પ્રસ્તાવ મૂક્યો છે. આ ફી વિદેશી કર્મચારી નહીં પણ કંપની દ્વારા ચૂકવવામાં આવશે.અમેરિકામાં અભ્યાસ કરતા વિદેશી વિદ્યાર્થીઓ, ખાસ કરીને ભારતીય વિદ્યાર્થીઓ માટે H-1B વિઝા અંગે મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે H-1B વિઝા સંબંધિત નવી ફીનો પ્રસ્તાવ મૂક્યો છે. આ હેઠળ, કંપનીઓને ચોક્કસ H-1B અરજીઓ ફાઈલ કરવા માટે $103,265 અથવા ભારતીય ચલણમાં 90 લાખથી વધુ ફી ચૂકવવાની જરૂર પડી શકે છે.આ દરખાસ્તનો સીધો પ્રભાવ એવા વિદેશી વિદ્યાર્થીઓ પર પડી શકે છે જેઓ પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી અમેરિકામાં કામ કરવા માંગે છે. જો કે, વિદ્યાર્થીએ આ ફી પોતે ચૂકવવાની રહેશે નહીં; H-1B વિઝા અરજી ફાઈલ કરનાર કંપની આ રકમ ચૂકવશે.મોટી સંખ્યામાં વિદેશી વિદ્યાર્થીઓ F-1 વિઝા પર યુનાઈટેડ સ્ટેટ્સમાં અભ્યાસ કરે છે.







# AAP સુપ્રીમો અરવિંદ કેજરીવાલે સરકારી સ્કૂલો મુદ્દે ભાજપ સરકારને આપી ચેલેન્જ



અમદાવાદ | આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ભાજપ સરકારને ચેલેન્જ આપતા જણાવ્યુ હતું કે, આજકાલ ભાજપવાળા પંજાબની શાળાઓને બદનામ કરવામાં લાગેલા છે. 30 વર્ષથી તમારી ગુજરાતમાં સરકાર છે અને 4.5 વર્ષથી અમારી પંજાબમાં સરકાર છે. હું પંજાબની 1000 શાળાઓનું લિસ્ટ આપું છું, તમે ગુજરાતની 1000 શાળાઓનું લિસ્ટ આપો. આપણે બધા, તમે પણ આવો અને અમે પણ આવીએ. તમારા ગુજરાતની 1000 શાળાઓનું ઈન્સ્પેક્શન કરીએ અને સાથે મળીને પંજાબની 1000 શાળાઓનું ઈન્સ્પેક્શન કરીએ. કઈ શાળાઓ સારી છે? બધી મીડિયાને સાથે લઈને જઈશું. ભાજપવાળા પણ આવે અને અમે પણ આવીએ, બંને રાજ્યોની શાળાઓનું ઈન્સ્પેક્શન કરીએ. CJP એ ભાજપ શાસિત રાજ્યોમાં જ્યારે શાળાઓનું ઈન્સ્પેક્શન કરવાનું શરૂ કર્યું, ત્યારે એમની શાળાઓની જે ખરાબ હાલત છે તે સામે આવી રહી છે. તો તેમણે પોતાની શાળાઓ તો સુધારી નહીં, પરંતુ પંજાબની શાળાઓને બદનામ કરવાનું શરૂ કરી દીધું. માત્ર 4.5 વર્ષની અંદર અમે પંજાબની શાળાઓને એટલી શાનદાર બનાવી દીધી છે. પંજાબમાં લગભગ 19,700 શાળાઓ છે, જેમાંથી માત્ર 500 શાળાઓ જ બાકી રહી ગઈ છે. બાકીની 19,200 શાળાઓને અમે ખૂબ જ ઉત્તમ બનાવી દીધી છે. તે 500 શાળાઓમાં પણ કામ ચાલી રહ્યું છે અને તે પણ આગામી 1.5-2 વર્ષમાં સુધરી જશે. ભાજપવાળાને હું જણાવી દઉં કે આજે પંજાબ સરકારી શાળાઓના શિક્ષણમાં આખા દેશમાં નંબર વન પર છે. આ અમે નથી કહી રહ્યા, આ તમારી સેન્ટ્રલ ગવર્નમેન્ટના નીતિ આયોગનો રિપોર્ટ કહે છે. કેરળને પણ પાછળ છોડી દીધું છે. 2022માં જ્યારે અમારી સરકાર બની હતી, ત્યારે પંજાબ 28મા સ્થાને હતું અને 4.5 વર્ષમાં આજે પંજાબ આખા દેશમાં સરકારી શાળાઓના શિક્ષણમાં નંબર વન પોઝિશન પર છે. વધુમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, આ લોકો શું કરી રહ્યા છે? 2018નો એક જૂનો વિડીયો કાઢ્યો અને તેને ચલાવવા લાગ્યા, તે સમયે શાળા ખરાબ હતી. 2018ના વિડીયોને ચલાવીને કહેવા લાગ્યા કે "જુઓ આમ આદમી પાર્ટીની શાળા કેટલી ખરાબ છે". તે સમયે કોંગ્રેસની સરકાર હતી અને 2017 સુધી ભાજપવાળા તમારી સરકાર હતી, તમે તે શાળાઓની આવી હાલત કરી રાખી હતી. અમે તે શાળાઓ શાનદાર બનાવી દીધી છે. અમારી દાનત સાફ છે. હજુ હમણાં જ રતન ઢિલ્લોન નામના અકાલી દળના એક સમર્થકે શાળાઓ વિશે એક ટ્વીટ કર્યું હતું. અમારા શિક્ષણ મંત્રીએ તેમને તરત જ બોલાવ્યા અને તે શાળા માટે ગ્રાન્ટ ઈશ્યુ કરી દીધી, જેથી રતન ઢિલ્લોને પોતે ટ્વીટ કરીને અમારા શિક્ષણ મંત્રી અને અમારી સરકારના વખાણ કર્યા. અમારી નીયત સાફ છે, અમે કામ સુધારવા માંગીએ છીએ. તમે અમારી સાચી ભૂલ બતાઓ, અમે તેને ઠીક કરીશું, પરંતુ ખોટી રીતે પંજાબના લોકોને બદનામ ન કરો. પંજાબની શાળાઓ માત્ર અમે નથી સુધારી, પંજાબની શાળાઓ પંજાબના લોકોએ, શિક્ષકોએ, પ્રિન્સિપાલ, વાલીઓ અને બાળકોએ સાથે મળીને સુધારી છે. તેમને બદનામ કરવાનો પ્રયાસ ન કરો. જૂના વિડીયો મૂકીને, AI થી એડિટિંગ કરીને કે ફેક ફોટો અને તસવીરો મૂકીને શાળાઓને બદનામ કરવાની કોશિશ ન કરો. ખૂબ જ મુશ્કેલીથી પંજાબની શાળાઓ સુધારી છે અને જો હિંમત હોય તો ભાજપવાળા આ ચેલેન્જ સ્વીકાર કરો. 1000 શાળાઓ તમે બતાવો, 1000 શાળાઓ અમે પંજાબની બતાવીએ છીએ અને સંયુક્ત ઈન્સ્પેક્શન આખો દેશ જોશે કે ગુજરાતમાં 30 વર્ષની સરકાર સારી છે કે પંજાબમાં 4.5 વર્ષની આમ આદમી પાર્ટીની સરકાર સારી છે.

## કેમિકલ કંપની વિરુદ્ધ અવાજ ઉઠાવનાર AAP ખંભાતના સંગઠન મંત્રી રમેશભાઈ પર હુમલો

અમદાવાદ | આમ આદમી પાર્ટી ખંભાતના સંગઠન મંત્રી રમેશભાઈ રાઠોડ પર કેમિકલ કંપની વિરુદ્ધ અવાજ ઉઠાવવા બદલ હુમલો કરવામાં આવ્યો હતો. છેલ્લા લાંબા સમયથી રમેશભાઈ પોતાના ગામમાં કેમિકલ કંપની સામે વિરોધ નોંધાવી રહ્યા હતા. આ દરમિયાન કંપનીએ એક સ્થાનિક વ્યક્તિ સાથે સાંઠગાંઠ કરીને રમેશભાઈ પર હુમલો કરાવ્યો છે, જેમાં તેમના પગમાં ગંભીર ઈજા પહોંચી છે તેવું જાણવા મળ્યું છે. હુમલા બાદ તેમને



સારવાર માટે ખંભાત જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ મુદ્દે આમ આદમી પાર્ટીના ખંભાત વિધાનસભાના મીડિયા મંત્રીએ જણાવ્યું હતું કે, રમેશભાઈને એક હુમલાખોર દ્વારા ઢોર માર મારવામાં આવ્યો હતો અને તેમની હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અત્યારે રમેશભાઈ જનરલ હોસ્પિટલમાં દાખલ છે. આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓને અપીલ છે કે રમેશભાઈનું મનોબળ વધારવા માટે તાત્કાલિક જનરલ હોસ્પિટલ ખાતે આવો. પથારીવશ રહેલા AAP ખંભાતના સંગઠન મંત્રી રમેશભાઈએ ઘાયલ અવસ્થામાં એક વીડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, મને મારી નાંખવાનો પૂરો પ્રયાસ કરવામાં આવ્યો હતો. મારું ગળું દબાવીને મને મારી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ ત્યાં બે બાઈકવાળા લોકો આવ્યા એટલા માટે મારા પર હુમલો કરનાર વ્યક્તિ ભાગી ગયો. હુમલો કરનાર એક જ વ્યક્તિ હતો, એણે મને લાકડી મારીને પાડી દીધો હતો પછી એણે મારું ગળું દબાવ્યું હતું પરંતુ ત્યાં જ બે બાઈક આવી ગઈ એટલા માટે એ હુમલાખોર ત્યાંથી ભાગી ગયો હતો. આપણી પાસે આ ઘટનાના સાક્ષી પણ છે.

## સંતરામપુરમાં મોંઘવારીના વિરોધમાં આમ આદમી પાર્ટીનું અનોખું વિરોધ પ્રદર્શન

જગદીશ ત્રિવેદી | મહીસાગર

સંતરામપુર વિધાનસભા વિસ્તારમાં આમ આદમી પાર્ટીના કાર્યકરો દ્વારા વધતી મોંઘવારીના મુદ્દે વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ખાસ કરીને ખાંડના ભાવમાં થયેલા વધારાને લઈને મધ્યમવર્ગ અને ગરીબ પરિવારોને પડતી મુશ્કેલીઓ સામે પાર્ટીના કાર્યકરોએ અનોખી રીતે વિરોધ નોંધાવ્યો હતો.વિરોધ પ્રદર્શન દરમિયાન કાર્યકરો દ્વારા એક ચમચી ખાંડનું વિતરણ કરી સંતરામપુર નગરજનોને એક-



એક ચમચી ખાંડ આપવામાં આવી હતી અને ખાંડના અસહ્ય ભાવ વધારા સામે પ્રતિકાત્મક વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. વધતી મોંઘવારીને કારણે સામાન્ય પરિવારના દૈનિક જીવન પર પડતા આર્થિક બોજ અંગે સરકારનું ધ્યાન દોરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.આ વિરોધ પ્રદર્શનમાં આમ આદમી પાર્ટીના સંતરામપુર વિધાનસભા પ્રભારી બાબુભાઈ ડામોર, સંતરામપુર તાલુકા પ્રમુખ જયેશભાઈ કલાલ, સંતરામપુર તાલુકા સંગઠન મંત્રી ગિરવતભાઈ કટારા, કડાણા તાલુકા પ્રમુખ મહેશભાઈ વાલુ, સંતરામપુર શહેર પ્રમુખ તલ્હાભાઈ અરબ સહિત પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.આમ આદમી પાર્ટીના કાર્યકરોએ મોંઘવારીમાં રાહત આપવા અને સામાન્ય તથા ગરીબ વર્ગના પરિવારોને જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં રાહત મળે તેવી માંગ સાથે સરકાર સામે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો.

## ભગવતી આશ્રમશાળામાં બોગસ એલ.સી. અને વયપત્રકના આક્ષેપો, સરકારી ગ્રાન્ટની ઉચાપતની તપાસની 'આપ'ની માંગ : યુવરાજ સિંહ જાડેજા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ યુવરાજસિંહ જાડેજા, પ્રદેશ સંગઠન મંત્રી રાજુભાઈ બોરખતરીયા, મેંદરડા તાલુકા પ્રમુખ કિશોરભાઈ પાનસુરીયા, મેંદરડા તાલુકા સંગઠન મંત્રી ભરતભાઈ બેરીયા, મહિલા પ્રમુખ જૂનાગઢ લોકસભા આરતીબેન ઢોલરીયા, દસ્તાવેજોના આધારે સરકારી ગ્રાન્ટની ઉચાપત અંગે ગંભીર બાબત સામે આવી છે. તેમણે જણાવ્યુ હતુ કે શાળાના ચોપડા અને ઓનલાઈન રેકોર્ડમાં વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવવામાં આવે છે, પરંતુ સ્થળ પર વાસ્તવિક વિદ્યાર્થીઓની સંખ્યા અંગે ગંભીર સવાલો ઊભા થાય છે. કેટલાક



શૈલેષભાઈ પરમાર, યુવા સંગઠન મંત્રી ધ્રુવીન મહેતા, જૂનાગઢ વિધાનસભા સંગઠન મંત્રી પ્રવીણભાઈ મકવાણા અને કિશોરભાઈ સાવલિયાની ઉપસ્થિતિમાં મેંદરડા તાલુકાના સાસણ ક્લસ્ટર અંતર્ગત આવેલી શ્રી ભગવતી આદિજાતિ આશ્રમશાળામાં કથિત બોગસ એલ.સી., વયપત્રક, હાજરી પત્રક અને અન્ય એવા બાળકોના નામ પણ રેકોર્ડમાં હોવાનો આક્ષેપ છે જેમના અસ્તિત્વ અંગે જ પ્રશ્નો છે. આ ઉપરાંત પૂરતા શિક્ષકોની હાજરી વિના વિદ્યાર્થીઓના નામે નિભાવ ગ્રાન્ટ, સ્ટેશનરી, યુનિફોર્મ તથા અન્ય સુવિધાઓ માટે મળતી સરકારી ગ્રાન્ટનો દુરુપયોગ થયો હોવાની આશંકા વ્યક્ત કરી સમગ્ર મામલે ઉચ્ચસ્તરીય તપાસ અને નાણાંની રિકવરીની માંગ કરવામાં આવી હતી.આ તકે આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, અમારો સીધો પ્રશ્ન છે કે જે બાળકોનો જન્મ જ થયો નથી તેમના જન્મના દાખલા, વયપત્રક અને એલ.સી. કેવી રીતે તૈયાર થયા? અમને વયપત્રકની નકલ આપવામાં આવી છે, પરંતુ પ્રિન્સિપાલ પાસે માંગણી કરવા છતાં હજુ સુધી એલ.સી. બુક આપવામાં આવી નથી. તેમણે વધુમાં જણાવ્યું કે આ શાળાની મુલાકાત આદિજાતિ કમિશનર, બી.ઈ.ઓ., ટી.પી.ઓ., ડી.પી.ઓ., બી.આર.સી. અને સી.આર.સી. સહિતના અધિકારીઓ દ્વારા લેવામાં આવી હોવાના રેકોર્ડ ઉપલબ્ધ છે. ત્યારે પ્રશ્ન એ છે કે આ તમામ મુલાકાતો દરમિયાન જો રેકોર્ડમાં દર્શાવાતા વિદ્યાર્થીઓ વાસ્તવમાં હાજર ન હોય, તો અધિકારીઓની મુલાકાત દરમિયાન આ "અદ્રશ્ય બાળકો" કેવી રીતે દ્રશ્યમાન બન્યા? પક્ષે સરકાર અને સંબંધિત અધિકારીઓ પાસે મુલાકાતોની નોંધ, એલ.સી. બુક, વયપત્રક તથા વિદ્યાર્થીઓના આધાર આધારિત વેરિફિકેશનની ઉચ્ચસ્તરીય તપાસ કરી જવાબદાર સંચાલકો, અધિકારીઓ અને અન્ય સંડોવાયેલા લોકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## રમેશભાઈ રાઠોડ પર થયેલા હુમલા બાબતે FIRની માંગ, મનોજ સોરઠીયાએ હોસ્પિટલમાં કરી મુલાકાત

અમદાવાદ | ખંભાતમાં આમ આદમી પાર્ટીના સંગઠન મંત્રી રમેશભાઈ રાઠોડ પર હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. લાંબા સમયથી પોતાના ગામથી માત્ર 500 મીટર જેટલા અંતરે આવેલી કેમિકલ કંપનીના કથિત પ્રદૂષણ સહિતના ગંભીર મુદ્દાઓ સામે રમેશભાઈ અવાજ ઉઠાવી રહ્યા હતા. આ દરમિયાન તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં પગ અને ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. હુમલા બાદ તેમને સારવાર માટે ખંભાત જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રમેશભાઈએ ઘાયલ અવસ્થામાં જણાવ્યું હતું કે, હુમલાખોરે લાકડી મારીને તેમને નીચે પાડી દીધા બાદ ગળું દબાવીને જાનથી મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ઘટનાસ્થળેથી બે બાઈકસવાર પસાર થતાં હુમલાખોર ત્યાંથી ભાગી ગયો હતો. રમેશભાઈના જણાવ્યા મુજબ આ ઘટનાના સાક્ષીઓ



પણ હાજર છે.આ ઘટનાની જાણ થતાં આમ આદમી પાર્ટીના સંગઠન મહામંત્રી મનોજભાઈ સોરઠીયા તથા AAPની ટીમે ખંભાત જનરલ હોસ્પિટલ ખાતે રમેશભાઈ રાઠોડની મુલાકાત લઈને તેમની તબિયત અંગે માહિતી મેળવી હતી. ત્યારબાદ પોલીસ સમક્ષ રજૂઆત કરીને સમગ્ર ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કડક કલમો હેઠળ FIR નોંધવા અને હુમલા પાછળના કારણો તેમજ સંડોવાયેલા તમામ લોકોની નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. AAPનું કહેવું છે કે જનહિતના પ્રશ્નો અને કેમિકલ કંપનીના કથિત પ્રદૂષણ સામે અવાજ ઉઠાવનાર કાર્યકર્તા પર હુમલો થવો અત્યંત ગંભીર બાબત છે. પક્ષે પોલીસ તંત્રને તાત્કાલિક અને કડક કાર્યવાહી કરવા માંગ કરી છે તથા AAPના કાર્યકર્તાઓને રમેશભાઈનું મનોબળ વધારવા માટે હોસ્પિટલ ખાતે પહોંચવાની અપીલ કરી છે.

## ગુજરાતમાં આપનું સંગઠન વિસ્તરી રહ્યું છે, નવા હોદ્દેદારોને મહત્વની જવાબદારીઓ સોંપાઈ : મનોજ સોરઠિયા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં આમ આદમી પાર્ટી ધીરે-ધીરે વધુ મજબૂત બની રહી છે અને સંગઠનના વિસ્તરણનું કામ સતત આગળ વધી રહ્યું છે. ગુજરાતના 50 હજારથી વધુ બૂથો પર મજબૂત સંગઠન ઊભું કરવાના સંકલ્પ સાથે પાર્ટી સતત મહેનત કરી રહી છે. સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે વિવિધ સ્તરે જવાબદારીઓ



સોંપવામાં આવી રહી છે. આજે કેટલાક જિલ્લા પ્રમુખો, લોકસભા ઈન્ચાર્જ, લોકસભા સંગઠન મંત્રીઓ તેમજ પ્રદેશ સ્તરની મહત્વની જવાબદારીઓ માટે સાથીઓની નિમણૂક કરવામાં આવી રહી છે.મનોજ સોરઠિયાએ વધુમાં જણાવ્યું હતું કે આગામી 2027ની ગુજરાત વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટી સંગઠનને વધુ મજબૂત અને સક્રિય બનાવી રહી છે. પાર્ટીનો હેતુ ગુજરાતના સામાન્ય અને મહેનતુ લોકોનો અવાજ બનીને જનતાની સરકાર સ્થાપિત કરવાનો છે. દરેક નવા જવાબદારોને સંગઠનના વિસ્તરણ, જનસંપર્ક અને પક્ષને બુથ સ્તર સુધી મજબૂત બનાવવા માટે નિષ્ઠાપૂર્વક કામ કરવા માટે અભિનંદન પાઠવ્યા હતા. ગુજરાતમાં પરિવર્તન માટે આમ આદમી પાર્ટી આગામી સમયમાં વધુ આક્રમક રીતે જનહિતના મુદ્દાઓ ઉઠાવશે અને "સામાન્ય માણસની સરકાર" બનાવવાના સંકલ્પ સાથે આગળ વધશે.

## ખાડી પૂર મુદ્દે સવાલ ઉઠાવનાર AAP કોર્પોરેટર રચના હીરપરાને આગામી બે સામાન્ય સભા માટે સસ્પેન્ડ કર્યા

અમદાવાદ | સુરત મહાનગરપાલિકાની આજની સામાન્ય સભામાં આમ આદમી પાર્ટીના કોર્પોરેટર રચના હીરપરાને આગામી બે સામાન્ય સભા માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. રચના હીરપરાએ શહેરમાં વારંવાર સર્જાતા ખાડી પૂર અને તેના કારણે નાગરિકોને પડી રહેલી મુશ્કેલીઓ અંગે ભાજપ શાસકોને આકરા સવાલો કર્યા હતા. તેમના સવાલોના જવાબ આપવાને બદલે સત્તાધારી ભાજપના ૧૧૫ કોર્પોરેટરોએ બહુમતીના આધારે તેમને સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો છે. આમ આદમી પાર્ટીએ આ સમગ્ર ઘટનાને વિપક્ષના અવાજને દબાવવાનો અને લોકશાહીનું અપમાન કરવાનો અત્યંત નિંદનીય પ્રયાસ ગણાવ્યો છે. પાર્ટીનું કહેવું છે કે ચૂંટાયેલા વિપક્ષી કોર્પોરેટરને પ્રજાના પ્રશ્નો ઉઠાવવા બદલ સસ્પેન્ડ કરવામાં આવે તે લોકશાહી માટે ગંભીર બાબત છે.આ તકે AAP કોર્પોરેટર રચના હીરપરાએ જણાવ્યું હતું કે સામાન્ય સભામાં શહેરના વિકાસ અને નાગરિકોના પ્રશ્નો અંગે ચર્ચા કરવાની હોય છે. સુરતમાં વારંવાર ખાડી પૂર આવે છે, જેના કારણે લોકોના ઘરોમાં પાણી ઘૂસી જાય છે, લોકોની મિલકતોને નુકસાન થાય છે અને સમગ્ર જનજીવન ખોરવાઈ જાય છે. તેમણે સવાલ કર્યો હતો કે, "ભાજપ ૩૦ વર્ષથી સત્તામાં છે, છતાં ખાડી પૂરનું કાયમી નિરાકરણ લાવવા માટે કોઈ નક્કર આયોજન કેમ કરવામાં આવ્યું નથી?" તેમણે વધુમાં કહ્યું કે શાસક પક્ષના નેતાઓ સામાન્ય સભામાં રાષ્ટ્રીય અને અન્ય રાજકીય મુદ્દાઓની વાત કરવાને બદલે શહેરની વાસ્તવિક સમસ્યાઓ પર ચર્ચા કરે અને પ્રજાને જવાબ આપે.

## મંડળ રેલ પ્રબંધક રાજુ ભડકે દ્વારા એકતાનગર ખાતે IRCTC બજેટ હોટેલના નિર્માણ કાર્યની પ્રગતિની સમીક્ષા

વડોદરા | વડોદરા મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેએ આજે મંડળના વરિષ્ઠ અધિકારીઓ સાથે એકતાનગર ખાતે નિર્માણાધીન IRCTC બજેટ હોટેલની મુલાકાત લઈ ચાલી રહેલા નિર્માણ કાર્યની પ્રગતિની સમીક્ષા કરી. પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલ એક પ્રેસ રિલીઝ અનુસાર, નિરીક્ષણ દરમિયાન મંડળ રેલ પ્રબંધક શ્રી ભડકેએ હોટેલમાં ચાલી રહેલા નિર્માણ કાર્યની ગુણવત્તા, પ્રવાસીઓ અને મુસાફરો માટે પ્રસ્તાવિત સુવિધાઓ તેમજ સંરક્ષા વ્યવસ્થાઓનું વિગતવાર નિરીક્ષણ કર્યું. તેમણે સંબંધિત અધિકારીઓ અને નિર્માણ એજન્સીના પ્રતિનિધિઓને નિર્માણ કાર્યમાં નિર્ધારિત ગુણવત્તા ધોરણોનું સંપૂર્ણ પાલન સુનિશ્ચિત કરવા તેમજ મુસાફરોની સુવિધા અને સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા સૂચના આપી.

## વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ સમયસર ચૂકવવા સહિતના પ્રશ્ને ABVP મેદાને

ગાંધીનગર | ABVP ગુજરાત પ્રદેશ દ્વારા રાજ્યના વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિત અને આર્થિક મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને એક મહત્વપૂર્ણ રજૂઆત કરવામાં આવી છે. રાજ્યની તમામ શાળા, કોલેજો, યુનિવર્સિટીઓ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા SC, ST, SEBC, EWS તથા અન્ય પાત્ર ધરાવતા વિદ્યાર્થીઓની બાકી રહેલી શિષ્યવૃત્તિની રકમ તાત્કાલિક ચૂકવવા તેમજ પેન્ડિંગ અરજીઓનો સત્વરે નિકાલ કરવા અંગે ગાંધીનગર કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. રાજ્યની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાંથી મળતી રજૂઆતો અનુસાર, શિક્ષણ વિભાગ અંતર્ગત આવતી MYSY, CMSS સહિતની યોજનાઓ ઉપરાંત આદિજાતિ વિભાગમાંથી મળતી પ્રિ-મેટ્રિક અને પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ તથા સમાજ કલ્યાણ વિભાગની વિવિધ યોજનાઓની રકમ સમયસર વિદ્યાર્થીઓના બેંક ખાતામાં જમા થતી નથી. ઘણા વિદ્યાર્થીઓની અરજીઓ લાંબા સમયથી વેરીફિકેશન, મંજૂરી કે પેમેન્ટની પ્રક્રિયામાં પેન્ડિંગ પડી રહી છે. આ ઉપરાંત, બેંક, DBT, આધાર કે NPCI મેપિંગ, ઈન્સ્ટિટ્યૂટ વેરીફિકેશન અથવા અન્ય ટેકનિકલ અને વહીવટી કારણોસર ચૂકવણી અટકેલી હોવાનું સામે આવ્યું છે. શિષ્યવૃત્તિ અટવાઈ જવાને કારણે આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને અભ્યાસ ફી, હોસ્ટેલ ફી, પુસ્તકો, રહેવા-જમવા તથા અન્ય શૈક્ષણિક ખર્ચાઓ પહોંચી વળવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

# અમદાવાદ મંડળ દ્વારા ટ્રેનોમાં સઘન પેસ્ટ અને રોડન્ટ કન્ટ્રોલ અભિયાન શરૂ

## ચોમાસા દરમિયાન ટ્રેનોમાં સફાઈ અને હાઈજીન વ્યવસ્થાને ઉત્તમ બનાવવાની દિશામાં વિશેષ પહેલ



પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા યાત્રીઓને સ્વચ્છ, સુરક્ષિત અને ઉત્તમ યાત્રાનો અનુભવ પૂરો પાડવાના હેતુથી ટ્રેનોમાં પેસ્ટ અને રોડન્ટ કંટ્રોલ (PRC) અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન સ્વર્ણ જયંતી રાજધાની એક્સપ્રેસ સહિત અમદાવાદ મંડળની અન્ય પેસેન્જર ટ્રેનોમાં પણ નિર્ધારિત જાળવણી દરમિયાન કરવામાં આવી રહ્યું છે. આ જ ક્રમમાં ટ્રેન નંબર 12957 સ્વર્ણ જયંતી રાજધાની એક્સપ્રેસમાં આ વિશેષ અભિયાન 23 ઓગસ્ટ 2026થી શરૂ કરવામાં આવ્યું છે. ચોમાસા દરમિયાન વંદા, ઉંદર અને અન્ય જીવાતોની સમસ્યા વધવાની શક્યતાને ધ્યાનમાં રાખીને આ અભિયાન સાબરમતી સ્થિત ઈન્ટિગ્રેટેડ કોચિંગ ડેપોમાં ટ્રેનની નિર્ધારિત જાળવણી દરમિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાનનો મુખ્ય હેતુ ટ્રેનમાં વંદા, ઉંદર અને અન્ય જીવાતોની સમસ્યાને શરૂઆતના સ્તરે જ નિયંત્રિત કરવાનો અને યાત્રીઓ માટે સ્વચ્છ તથા હાઈજીનિક વાતાવરણ સુનિશ્ચિત કરવાનો છે. સંભવિત જીવાત અસરગ્રસ્ત જગ્યાઓ પર વિશેષ કંટ્રોલ ઉપાયો : અભિયાન હેઠળ ટ્રેનના દરેક કોચનું ગહન નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. કોચમાં એવી જગ્યાઓની ઓળખ કરવામાં આવી રહી છે જ્યાં વંદા કે અન્ય જીવાત સંતાઈ શકે છે અથવા તેમના ઉપદ્રવની સંભાવના હોઈ શકે છે. આવી જગ્યાઓ પર જરૂરિયાત મુજબ સ્પેશિયલ ટ્રીટમેન્ટ અને સ્પ્રે કરવામાં આવી રહ્યા છે. આ કામગીરી માટે નિર્ધારિત ધોરણો અને સુરક્ષા પ્રક્રિયાઓ અનુસાર 'ટેમ્ફોસ એસસી ઈન્સેક્ટીસાઈડ સ્પ્રે'નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અભિયાન દરમિયાન ટ્રીટમેન્ટ કરાયેલી જગ્યાઓનું સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે અને જરૂરિયાત જણાય તો રી-ટ્રીટમેન્ટ પણ કરવામાં આવી રહી છે, જેથી ટ્રેનોમાં લાંબા સમય સુધી અસરકારક પેસ્ટ કંટ્રોલ સુનિશ્ચિત કરી શકાય. અમદાવાદ મંડળની અન્ય પેસેન્જર ટ્રેનોમાં પણ પેસ્ટ અને રોડન્ટ કંટ્રોલની પ્રવૃત્તિઓ નિયમિતપણે કરવામાં આવી રહી છે. નિર્ધારિત મેઈન્ટેનન્સ દરમિયાન ટ્રેનોમાં ઈન્સ્પેક્શન, ટ્રીટમેન્ટ અને મોનિટરિંગ દ્વારા જીવાત અને ઉંદરોની સંભાવના ધરાવતી સમસ્યાને રોકવા પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. યાત્રીઓની સુવિધા અને હાઈજીન પર વિશેષ ધ્યાન : અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી વેદ પ્રકાશ એ જણાવ્યું કે:"ટ્રેનોમાં યાત્રીઓને સ્વચ્છ, સુરક્ષિત અને શ્રેષ્ઠ યાત્રાનો અનુભવ પૂરો પાડવો એ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતાઓમાંની એક છે. ચોમાસા દરમિયાન વંદા, ઉંદર અને અન્ય જીવાતોની સમસ્યાને રોકવા માટે વિશેષ મોનિટરિંગ અને સમયસર નિયંત્રણના પગલાં લેવા આવશ્યક છે. સ્વર્ણ જયંતી રાજધાની એક્સપ્રેસમાં શરૂ કરાયેલું આ વિશેષ પીઆરસી અભિયાન આ દિશામાં એક મહત્વપૂર્ણ અગમચેતીનું પગલું છે. ટ્રેનની નિર્ધારિત જાળવણી દરમિયાન સ્વચ્છતા અને હાઈજીન સંબંધિત તમામ નિર્ધારિત ધોરણોનું અસરકારક રીતે પાલન સુનિશ્ચિત થાય તેવો અમારો પ્રયાસ છે. આ જ રીતે અન્ય પેસેન્જર ટ્રેનોમાં પણ પેસ્ટ અને રોડન્ટ કંટ્રોલની પ્રવૃત્તિઓ અસરકારક રીતે ચાલુ રાખવામાં આવી રહી છે, જેથી યાત્રીઓને સ્વચ્છ અને ઉત્તમ યાત્રાનો અનુભવ મળી શકે." અમદાવાદ મંડળ યાત્રીઓ માટે ટ્રેનોમાં સ્વચ્છ, સુરક્ષિત અને આરામદાયક યાત્રાનું વાતાવરણ સુનિશ્ચિત કરવા માટે સતત પ્રયત્નશીલ છે.

## RTO ચલણની ફાઈલ મોકલી ઠગાઈ:યુવકે મોપેડનું ચલણ સમજી ફાઈલ ડાઉનલોડ કરતા એકાઉન્ટમાંથી 99 હજાર ઉપડી ગયા



અમદાવાદ | RTOનું ચલણ સમજીને ફાઈલ ડાઉનલોડ કરતા યુવકના ખાતામાંથી અલગ અલગ ટ્રાન્જેક્શન દ્વારા 99 હજાર ઉપડી ગયા હતા. યુવકને જાણ થતા વેજલપુર પોલીસ સ્ટેશનમાં સાયબર ઠગાઈની ફરિયાદ નોંધાવી છે.

શહેરના વેજલપુરમાં રહેતો યુવક ખાનગી કંપનીમાં સેલ્સ એક્ઝિક્યુટિવ તરીકે નોકરી કરે છે. યુવકના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી RTO ચલણની એક ફાઈલ આવી હતી. યુવકે RTOની ફાઈલ સમજીને ડાઉનલોડ કરતા ફાઈલમાં યુવકના મોપેડનું RTO ચલણ હતું. યુવકને એક રૂપિયો ભરવાનું કહેતા યુવકે બેંક દ્વારા એક રૂપિયો ભરાયો નહતો. જેથી યુવકે ફાઈલ અને એપ્લિકેશન ડિલીટ કરી દીધી હતી.

થોડા સમય બાદ યુવકના ફોનમાં OTP આવ્યા હતા. યુવકે બેંકમાં જઈને તપાસ કરતા યુવકના ખાતામાંથી અલગ અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા પૈસા ઉપડી ગયા હતા. ક્રેડિટ કાર્ડમાં પણ 20 હજારનું બિલ આવ્યું હતું. યુવકની જાણ બહાર 99,149 રૂપિયા ટ્રાન્સફર થઈ ગયા હતા. જે અંગે યુવકે વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## નખત્રાણામાં સંસ્કૃત ગૌરવ યાત્રા યોજાઈ:વિદ્યાર્થીઓની રેલીથી શહેર સંસ્કૃતમય બન્યું

કચ્છ (ભુજ ) | નખત્રાણા શહેરમાં સંસ્કૃત ભાષા પ્રત્યે જાગૃતિ અને ગૌરવ વધારવાના હેતુથી સંસ્કૃત ગૌરવ યાત્રાની ઉજવણી કરવામાં આવી. આ અંતર્ગત વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ભવ્ય રેલી યોજી, જેનાથી સમગ્ર શહેર સંસ્કૃતમય બન્યું. આ રેલીમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. તેમણે સંસ્કૃત ભાષાની વિશેષતાઓ, ભારતીય સંસ્કૃતિ સાથેનું તેનું જોડાણ અને પ્રાચીન જ્ઞાનપરંપરામાં તેના યોગદાનને ઉજાગર કરતા સૂત્રોચ્ચારો કર્યા હતા. શિસ્તબદ્ધ રીતે આગળ વધતી આ રેલી નગરજનો માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી. રેલીના પ્રસ્થાન પ્રસંગે નખત્રાણા મામલતદાર અને નગરપાલિકાના ચેરમેન ચંદનસિંહબાપુ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું. આ પ્રસંગે શાળાના આચાર્યો, શિક્ષકો અને અન્ય આગેવાનો પણ હાજર રહ્યા હતા. આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય સંસ્કૃતને માત્ર પ્રાચીન ભાષા તરીકે નહીં.

# અમદાવાદની સ્કૂલોમાં 3 મહિના પછી પણ 199 શિક્ષકોની ઘટ:TAT પાસ ઉમેદવારો ન મળતા હવે બિન-TAT ઉમેદવારોથી જ્ઞાન સહાયકની ભરતી કરાશે

અમદાવાદ | અમદાવાદ શહેરમાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થયાને 3 મહિના જેટલો લાંબો સમય વીતી ગયો હોવા છતાં અનેક શાળાઓમાં હજુ સુધી જરૂરી વિષય શિક્ષકોની ફાળવણી થઈ શકી નથી. શહેરની શાળાઓમાં ખાલી પડેલી 955 જેટલી શિક્ષકોની જગ્યાઓ જ્ઞાન સહાયક યોજના અંતર્ગત ભરવા માટે તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી હતી. જોકે પ્રથમ અને દ્વિતીય રાઉન્ડના અંતે માત્ર 756 જગ્યાઓ જ ભરાઈ શકી છે, જ્યારે ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા મહત્વના વિષયોના 199 જેટલા જ્ઞાન સહાયકો હજુ પણ મળ્યા નથી. યોગ્ય લાયકાત ધરાવતા TAT (શિક્ષક અભિરુચિ કસોટી) પાસ ઉમેદવારો ન મળતાં હવે તંત્ર ત્રીજો રાઉન્ડ બહાર પાડીને TAT પાસ ન કરી હોય તેવા બિન-અનુભવી ઉમેદવારોની અરજી સ્વીકારી ખાલી જગ્યાઓ ભરવા મજબૂર બન્યું છે. શાળાઓ શરૂ થયા બાદ ભરતી પ્રક્રિયા મોડી શરૂ થવાના કારણે સતત બીજા વર્ષે પણ વિદ્યાર્થીઓને શિક્ષકો વગર જ અભ્યાસ કરવાની નોબત આવી છે. અનુભવી શિક્ષકોની અછતના કારણે હવે બિન-TAT ઉમેદવારોને વર્ગખંડમાં ઉતારવાની સ્થિતિ સર્જાતાં શિક્ષણની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા શિક્ષણ મંત્રી સમક્ષ ભરતી પ્રક્રિયા સમયસર અને સત્ર શરૂ થતાં પહેલાં પૂર્ણ કરવાની ઉગ્ર માંગણી કરવામાં આવી છે.

રાજ્ય શાળા સંચાલક મહામંડળના અધ્યક્ષ ભાસ્કર પટેલે જણાવ્યું હતું કે અગાઉ DEO ની મંજૂરીથી શાળા સંચાલકો અવેજી શિક્ષકોની વ્યવસ્થા કરી લેતા હતા. ત્યારબાદ પ્રવાસી શિક્ષક અને હવે જ્ઞાન સહાયક યોજના લાગુ કરવામાં આવી છે, જેમાં સમગ્ર શિક્ષા અભિયાન કચેરી દ્વારા મેરિટ અને જાહેરાતની કામગીરી કરવામાં આવે છે. બે વખત TAT પાસ, એક વખત TAT પાસ અને છેલ્લે બિન-TAT ઉમેદવારોની યાદી બનાવવામાં જ ઘણો કિંમતી સમય વેડફાઈ જાય છે. જો આ સમગ્ર ભરતી પ્રક્રિયા દર વર્ષે મે મહિનાના પ્રથમ અઠવાડિયામાં જ પૂર્ણ કરી દેવામાં આવે તો શાળાઓ શરૂ થતાંની સાથે જ શિક્ષકો હાજર થઈ શકે. મહામંડળે વધુમાં જણાવ્યું હતું કે 11 મહિનાના કરાર સામે માત્ર 10 મહિનાનું જ મહેનતાણું અપાતું હોવાથી ઘણા વિષય શિક્ષકો ઓર્ડર મળ્યા બાદ પણ શાળામાં હાજર થતા નથી. પ્રથમ સત્રની પરીક્ષાઓ નજીક આવી રહી હોવાથી જે શાળાઓ સક્ષમ છે તેઓ પોતાના ખર્ચે બહારથી શિક્ષકો રાખીને કામ ચલાવી રહી છે, પરંતુ નબળી આર્થિક સ્થિતિ ધરાવતી ગ્રાન્ટેડ શાળાઓના ગરીબ બાળકો શિક્ષકો વિના ભણતરથી વંચિત રહી રહ્યા છે.

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી (DEO) રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, સરકાર દ્વારા પારદર્શક મેરિટ પદ્ધતિથી સમયસર શિક્ષકો મળી રહે તે માટે સતત પ્રયાસો ચાલુ છે. શહેરમાં 955 ખાલી જગ્યાઓ પૈકી 756 જગ્યાઓ ભરાઈ ગઈ છે અને ગુજરાતી માધ્યમની તમામ ગ્રાન્ટેડ જગ્યાઓ પૂર્ણ થઈ ગઈ છે. હાલ અંગ્રેજી અને અન્ય માધ્યમોની 199 જેટલી જગ્યાઓ ખાલી છે, જેના માટે ટૂંક સમયમાં ત્રીજો રાઉન્ડ બહાર પાડવામાં આવશે. જો આ રાઉન્ડમાં પણ પૂરતા TAT પાસ ઉમેદવારો ઉપલબ્ધ નહીં .

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## સરથાણામાં સ્કૂલ સામે જ ગલ્લાના ઓટલે ગ્લાસમાં પેગ બનાવ્યા, વીડિયો વાઈરલ થતાં પોલીસ દોડતી થઈ

જાહેર માર્ગ પર, જ્યાં લોકોની અવરજવર હોય અને સામે જ સ્કૂલ આવેલી હોય, ત્યાં આ પ્રકારે ખુલ્લેઆમ દારૂની મહેફિલ જામતાં સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અસામાજિક તત્વોમાં ખાખીનો કોઈ ખોફ જ ન રહ્યો હોય તેવા દ્રશ્યો વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, વિસ્તારમાં બૂટલેગરો અને નશેડીઓ બેફામ બન્યા છે.

# લઠ્ઠાકાંડ વચ્ચે સુરતમાં દારૂડિયાઓ બેફામ



(એજન્સી) સુરત | તા. 25

રાજ્યમાં એક તરફ લઠ્ઠાકાંડની ઘટનાને લઈને હોબાળો મચી ગયો છે અને પોલીસ દ્વારા કડક પેટ્રોલિંગના દાવા કરવામાં આવી રહ્યા છે, ત્યારે સુરત શહેરમાંથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિના લીરેલીરા ઉડાડતો એક ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે. સુરતના સરથાણા વિસ્તારમાં ધોળે દિવસે જાહેર રસ્તા પર દુકાનના ઓટલે બેસીને ત્રણ શખ્સો બિન્દાસ્ત દારૂની મહેફિલ માણતા કેમેરામાં કેદ થયા છે. આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જ સ્થાનિક પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

આ વાયરલ વીડિયો સરથાણા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા શ્યામધામ ચોક વિસ્તારનો છે. શ્યામધામ ચોક પાસે આવેલા સંગના રો-હાઉસ વિભાગ-2ની વાડી તથા નજીકમાં આવેલી સ્કૂલની બરાબર સામે પન્ના ગલ્લાના ઓટલા પર આ ઘટના બની હતી. ધોળા દિવસે ત્રણ જેટલા યુવકો જાહેરમાં કોઈ પણ જાતના ડર વગર બેઠા હતા. તેમણે પ્લાસ્ટિકના ગ્લાસમાં દારૂ કાઢી, તેમાં સોડા મિક્સ કરીને પેગ બનાવ્યા હતા અને આરામથી દારૂની પાર્ટી માણી રહ્યા હતા.

જાહેર માર્ગ પર, જ્યાં લોકોની અવરજવર હોય અને સામે જ સ્કૂલ આવેલી હોય, ત્યાં આ પ્રકારે ખુલ્લેઆમ દારૂની મહેફિલ જામતાં સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અસામાજિક તત્વોમાં ખાખીનો કોઈ ખોફ જ ન રહ્યો હોય તેવા દ્રશ્યો વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, વિસ્તારમાં બૂટલેગરો અને નશેડીઓ બેફામ બન્યા છે.

સોશિયલ મીડિયા પર આ વીડિયો વાઈરલ થતાં જ સરથાણા પોલીસ હરકતમાં આવી છે અને વીડિયોના આધારે ખુલ્લેઆમ દારૂ પીનારા શખ્સોની ઓળખ મેળવી તેમની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે. એક તરફ રાજ્યમાં ઝેરી દારૂ કે લઠ્ઠાકાંડને લઈને તંત્ર એલર્ટ હોવાનો દાવો કરે છે, ત્યારે સુરત જેવા મહાનગરમાં ધોળા દિવસે ખુલ્લેઆમ દારૂ પીતા તત્વો સામે દાખલારૂપ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિકો જોરશોરથી માગ કરી રહ્યા છે.

## રેસ્ક્યુ બોટ ખોટકાઈ પ્રવાસીઓ રામ ભરોસે: ઈમરજન્સી સેવાઓ ઠપ્પ થતાં ફાળચો, કડક પગલાં લેવા ની માંગ

સુશીલ પવાર | ડાંગ

ગુજરાતના પ્રખ્યાત પ્રવાસન સ્થળ એવા સાપુતારાના સર્પગંગા તળાવ ખાતે રોજેરોજ મોટી સંખ્યામાં સહેલાણીઓ બોટિંગનો આનંદ માણવા માટે ઉમટી પડે છે. તળાવના ઊંડા પાણીમાં અનેક પરિવારો અને બાળકો બોટિંગ કરી રહ્યા હોય છે, ત્યારે તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવી એ સ્થાનિક તંત્ર અને બોટિંગ સંચાલકોની પ્રથમ પ્રાથમિકતા હોવી જોઈએ. જોકે, તાજેતરમાં સામે આવેલી ઘટનાએ તળાવમાં સલામતીના નામે ચાલતી મોટા પાયાની બેદરકારી છતી કરી દીધી છે. ઈમરજન્સી કે અકસ્માત સમયે પ્રવાસીઓનો જીવ બચાવવા માટે રાખવામાં આવેલી રેસ્ક્યુ બોટ જ ટેકનિકલ ખામીના કારણે ખોટકાઈ ગઈ હતી, જેના લીધે તળાવમાં બોટિંગ કરી રહેલા નિર્દોષ પ્રવાસીઓની સુરક્ષા સામે મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ઊભો થયો છે.



ઘટના સમયે અચાનક રેસ્ક્યુ બોટમાં ખામી સર્જાતા ઓપરેટરો અને કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી. બોટના એન્જિનમાં ટેકનિકલ ખામી આવતા કર્મચારીઓ એન્જિન ઉતારીને તેને રિપેર કરવાના ફાંફા મારતા નજરે પડ્યા હતા. આ સમગ્ર દ્રશ્યથી સ્પષ્ટ થાય છે કે સંચાલકો દ્વારા ઈમરજન્સી સાધનોનું નિયમિત મેન્ટેનન્સ કે સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવતું નથી. જો બોટિંગ દરમિયાન કોઈ હોડી ઊંધી વળે કે અન્ય ગંભીર અકસ્માત સર્જાય, તો તાત્કાલિક મદદ પહોંચાડવી અશક્ય બની જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. આ દ્રશ્યો જોઈને તળાવ કિનારે હાજર સહેલાણીઓ અને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને પ્રવાસીઓ સાચે જ 'રામ ભરોસે' હોવાનો ઘાટ સર્જાયો હતો.આ ગંભીર અને બેદરકારીભરી સ્થિતિને ધ્યાને રાખીને સ્થાનિક નાગરિકો અને પ્રવાસીઓ દ્વારા નવનિયુક્ત ચીફ ઓફિસર સમક્ષ આકરાં પગલાં લેવાની માંગ ઉઠી છે. લોકોનું કહેવું છે કે પ્રવાસીઓના જીવ સાથે રમત રમતા અને સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરતા બોટિંગ સંચાલકો સામે નવનિયુક્ત ચીફ ઓફિસર તાત્કાલિક ધોરણે કડકમાં કડક કાર્યવાહી હાથ ધરે. સાથે જ તળાવમાં ચાલતી તમામ બોટો, લાઈફ જેકેટ અને ખાસ કરીને રેસ્ક્યુ બોટની ફિટનેસનું કડક ચેકિંગ કરવામાં આવે અને નિયમભંગ કરનારા સંચાલકોના લાયસન્સ રદ કરવા સુધીના આકરાં પગલાં લેવાય તેવી ઉગ્ર માંગણી કરવામાં આવી રહી છે.

## જૂનાગઢમાં બહાઉદ્દીન સરકારી વિનયન કૉલેજના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા યુવક સહકારી શિક્ષણ તાલીમ સત્ર યોજાયું

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ સ્થિત બહાઉદ્દીન સરકારી વિનયન કૉલેજમાં આચાર્યશ્રી ડો.જે. આર.વાંઝાના માર્ગદર્શન હેઠળ અર્થશાસ્ત્ર વિભાગ અને જૂનાગઢ જિલ્લા સહકારી સંઘ, ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ દ્વારા એક સપ્તાહ માટે "યુવક સહકારી શિક્ષણ તાલીમ વર્ગ" નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ તાલીમ જૂનાગઢ જિલ્લા સહકારી સંઘના ટ્રેઈનર શ્રી આશ્લેષભાઈ ત્રિવેદી દ્વારા આપવામાં આવી હતી. તાલીમના ભાગરૂપે કૉલેજમાં 'સહકાર વિષય પર વકતૃત્વ સ્પર્ધા' નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૧૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમાંક ચૌહાણ પાર્થકુમાર એસ., દ્વિતીય ક્રમાંક કરમુર નિશા અને તૃતીય ક્રમાંક શામળા કવિ જે. એ પ્રાપ્ત કર્યા હતા. આ વિજેતા સ્પર્ધકોને શિલ્ડ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ વકતૃત્વ સ્પર્ધા દરમિયાન કાર્યક્રમના અધ્યક્ષશ્રી અને આચાર્યશ્રી ડો.જે. આર. વાંઝા, અતિથિ વિશેષશ્રી રાજયભાઈ ઠાકર એક્ઝીક્યુટીવ ઓફિસરશ્રી, જૂનાગઢ જિલ્લા સહકારી સંઘ, બહાઉદ્દીન સરકારી વિનયન કૉલેજના વરિષ્ઠ અધ્યાપકશ્રી ડૉ.પી.વી.બારસિયા, અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. દિનાબેન એચ. લોઢીયા, ટ્રેઈનરશ્રી આશ્લેષભાઈ ત્રિવેદી, સહાયકશ્રી વિરલભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતમાં અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષશ્રી ડૉ.દિનાબેન એચ. લોઢીયાએ ઉપસ્થિત સૌનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ડૉ.કપિલ પી. ઘોસિયાએ કર્યું હતું. આ તાલીમ વર્ગને સફળ બનાવવા માટે શ્રી ડૉ.અશ્વિનભાઈ વિંઝુડા, શ્રી રીંકલબેન ચાંડેગરાએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેમ આચાર્યશ્રી, બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.



## પવિત્ર શ્રાવણ પ્રદોષ પર્વે શ્રી સોમનાથ મહાદેવને અલૌકિક ભસ્મ શૃંગાર



પ્રભાસ પાટણ | પવિત્ર શ્રાવણ માસના પરમ મંગલકારી પ્રદોષ પર્વ નિમિત્તે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં દેવાધિદેવને દિવ્ય ભસ્મ શૃંગાર અર્પણ કરવામાં આવ્યો હતો. સંધ્યાકાળે શિવ-શક્તિના આરાધના પર્વે ભોળાનાથનું અલૌકિક સ્વરૂપ ભક્તિભાવ અને આધ્યાત્મિક ઊર્જાથી ઝળહળી ઊઠ્યું હતું.શ્રી સોમનાથ જ્યોતિર્લિંગ પર પવિત્ર યજ્ઞ ભસ્મનો લેપ કરવાની આ વિધિ સનાતન પરંપરાની અત્યંત પ્રાચીન અને આધ્યાત્મિક પૂજાવિધિ છે. શાસ્ત્રોક્ત દ્રષ્ટિએ ભસ્મ એ સંસારની ક્ષણભંગુરતા, નિર્ગુણભાવ, વૈરાગ્ય અને પરમ નિર્મોહનું પ્રતીક છે. એવી અખંડ શ્રદ્ધા છે કે ભસ્મવિભૂષિત શિવલિંગના દર્શન માત્રથી જીવ મોહ-માયાના બંધનો અને દંભમાંથી મુક્ત થઈને અંતરમાં શિવત્વ તેમજ પરમ શાંતિની અનુભૂતિ કરે છે.આ પાવન અવસરે સોમનાથ મહાદેવને પવિત્ર યજ્ઞભસ્મ, શિવપ્રિય બિલ્વપત્ર, આસોપાલવ તેમજ દેશી ગુલાબ, ગલગોટા અને સેવંતી સહિતના મનમોહક પુષ્પોથી ભાવપૂર્ણ શૃંગારિત કરવામાં આવ્યા હતા. પ્રદોષ કાળે મહાદેવના આ દિવ્ય ભસ્મ દર્શનનો લાભ લઈ દેશ-વિદેશમાંથી પધારેલા હજારો શ્રદ્ધાળુઓએ ધન્યતા અનુભવી હતી.



## 6 સેકન્ડમાં 6 ફટકા માર્યા ને આધેડ ઢળી પડ્યા : યુવકનો પાટીયાથી હુમલો

(એજન્સી) વડોદરા | તા. 25

વડોદરાના માંજલપુર અલવાનાકા વિસ્તારમાં શાકભાજી ખરીદીને પરત ફરી રહેલા 50 વર્ષીય આધેડના પગ પર લારીનું પૈડું ચડી જતાં તેમણે સંભાળીને ચલાવવાનું કહ્યું હતું. આ બાબતે ઉશ્કેરાયેલા લારી ચાલકે મારી નાખવાના ઈરાદે પ્લાયવુડના પાટીયા વડે આધેડના માથામાં છ સેકન્ડમાં ઉપરાઉપરી છ ઘા ઝીંકી દીધા હતા. આધેડ છેલ્લા ઘામાં જમીન પર ઢળી પડ્યાં હતાં અને ગંભીર ઈજા થતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમના નિવેદનના આધારે પોલીસે હુમલાખોર સામે ગુનો નોંધ્યો છે.

માંજલપુર ભવાનીનગરમાં રહેતા અને પોર ખાતેની ખાનગી કંપનીમાં હેલ્પર તરીકે ફરજ બજાવતા રવિન્દ્રભાઈ હરીભાઈ ગાડે અલવાનાકા શાકમાર્કેટ ખાતેથી શાકભાજી ખરીદીને પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન શનિદેવ મંદિરથી ભૈરવનગર તરફ જતા રોડ પર સામેથી આવી રહેલી એક હાથલારીનું પૈડું રવિન્દ્રભાઈના પગ પર ચડી ગયું હતું.

રવિન્દ્રભાઈએ લારી ચાલકને સંભાળીને લારી ચલાવવાનું કહેતાં મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ ભૈરવનગરમાં રહેતા પ્રેમદાસ રૂપલાલ ગૌતમ નામના લારી ચાલકે ગાળો બોલી બોલાચાલી શરૂ કરી હતી. રવિન્દ્રભાઈ તેને શાંત પાડવા જતાં આવેશમાં આવેલા પ્રેમદાસે પ્લાયવુડના લાંબા પાટીયા વડે તેમના માથાના ભાગે છ ગંભીર ઘા ઝીંકી દીધા હતા.

## જૂનાગઢમાં બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ ખાતે સપ્તધારા નૃત્યધારા સંગીત પ્રસ્તુતિ યોજાઈ

રેન્દ્ર દવે જૂનાગઢ

બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ, જૂનાગઢ ખાતે સપ્તધારા ગીત સંગીત અને નૃત્યધારા અંતર્ગત દેશભક્તિ ગીત સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આચાર્યશ્રી ડો.જે. આર. વાંઝાના માર્ગદર્શન અન્વયે કુલ ૧૩ સ્પર્ધકે ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા.ડૉ.જાગૃતિ વ્યાસ, પ્રા.ડૉ.ભાવસિંહ બારડ, પ્રા.ડૉ.ચંદ્રકાંત વણકરએ સેવાઓ આપી હતી. તેમજ સમગ્ર સંચાલન પ્રા. ડૉ.ગૌરાંગ જાનીએ કર્યુ હતું. આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમાંક પર અનુક્રમે મોરી પ્રીતિ, ગૌસ્વામી વૈશાલી, વ્યાસ કલ્યાણી વિજેતા બનાયા હતા. આ તકે આચાર્યશ્રી ડૉ.જે.આર.વાંઝા એ દેશભક્તિને અનુરૂપ વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક ઉદ્બોધન કર્યું હતું. કાર્યક્રમના અંતમાં પ્રા.ડો.જાગૃતિ વ્યાસે વંદે માતરમના ગાન સાથે આભારવિધિ કરી હતી. ઉક્ત કાર્યક્રમ દરમિયાન કૉલેજનો સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. તેમ આચાર્યશ્રી,બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.



## સંસ્કૃત ગૌરવ યાત્રાથી જૂનાગઢ બન્યું સંસ્કૃતમય! સંસ્કૃત ભાષાના સંરક્ષણ, સંવર્ધન અને પ્રચાર-પ્રસારના સંદેશ સાથે સ્વામિનારાયણ ગુરુકુળથી આર.જે. કનેરિયા ગર્લ્સ હાઈસ્કૂલ સુધી યોજાઈ ભવ્ય યાત્રા



નરેન્દ્ર દવે જૂનાગઢ

સ્વામિનારાયણ ગુરૂકુળ જૂનાગઢ ખાતે સંસ્કૃત ભાષાના ગૌરવ અને મહત્ત્વને ઉજાગર કરતી સંસ્કૃત ગૌરવ યાત્રા તથા સંસ્કૃતોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. મહાનુભાવોના હસ્તે યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. વિવિધ શાળાના વિદ્યાર્થીઓ એ ઉત્સાહભેર જોડાઈ સંસ્કૃતમય નારાઓ ના ગુંજારવ સાથે યાત્રાને જીવંત બનાવી હતી. સંસ્કૃત ભાષાના સંરક્ષણ, સંવર્ધન અને વ્યાપક પ્રચાર-પ્રસારના સંદેશ સાથે યોજાયેલી આ યાત્રાથી સમગ્ર માર્ગ પર સંસ્કૃતમય વાતાવરણ સર્જાયું હતું. સ્વામિનારાયણ ગુરૂકુળથી શ્રીમતી આર.જે. કનેરિયા ગર્લ્સ હાઈસ્કૂલ સુધી યોજાયેલી સંસ્કૃત ગૌરવ યાત્રામાં સ્વ. ટી.એલ.વાળા કન્યા વિદ્યાલય, સ્વ. કે.જી. ચૌહાણ કન્યા વિદ્યાલય, ગવર્નમેન્ટ ગર્લ્સ હાઈસ્કૂલ-આઝાદ ચોક, શ્રી એન. પી. ભાલોડિયા હાઈસ્કૂલ, શ્રી સરગવાડા પ્રાથમિક શાળા, શ્રી કન્યા શાળા નં.૩ તથા શ્રીમતી આર. જે. કનેરિયા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિદ્યાર્થીઓએ "ભારતસ્ય ભાષા સંસ્કૃત ભાષા" અને "ધ્યાનસ્ય ભાષા સંસ્કૃત ભાષા" જેવા સંસ્કૃતમય નારાઓ લગાવી યાત્રામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ ના નારાઓ અને સંસ્કૃત ભાષા પ્રત્યેના ઉત્સાહથી સમગ્ર માર્ગ સંસ્કૃતમય બની ગયો હતો. આ પ્રસંગે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષશ્રી હિમાંજય પાલીવાલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગુજરાતમાં સંસ્કૃત ભાષાના સંરક્ષણ, સંવર્ધન અને વ્યાપક પ્રચાર- પ્રસાર માટે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની સ્થાપના કરવામાં આવી છે. બોર્ડ દ્વારા સંસ્કૃત ભાષાના વિકાસ માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે.તેમણે જણાવ્યું હતું કે, આ પૈકીની એક મહત્વપૂર્ણ યોજના 'સંસ્કૃત સપ્તાહ મહોત્સવ' છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતમાં સંસ્કૃત ભાષાનો વ્યાપક પ્રચાર-પ્રસાર કરવાનો તેમજ નવી પેઢીને સંસ્કૃત ભાષા અને તેના સમૃદ્ધ વારસા સાથે જોડવાનો છે. આજના દિવસે ગુજરાતની વિવિધ શાળાઓ ઉપરાંત તાલુકા અને જિલ્લા કક્ષાએ પણ સંસ્કૃત ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડિયા, મેયરશ્રી ધર્મેશભાઈ પોશીયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પલ્લવીબેન ઠાકર, અધિક નિવાસી કલેક્ટર શ્રીમતી બી.એસ. બારડ, જૂનાગઢ જિલ્લા શિક્ષણાધિકારી શ્રીમતી લતાબેન ઉપાધ્યાય, પૂર્વ ડીઈઓ શ્રી જાંજરુકિયા, જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના પ્રાચાર્યશ્રી આશાબેન, આ કાર્યક્રમના જિલ્લા નોડલ ઓફિસર ડૉ કોકિલાબેન ઉંધાડ, ગુરૂકુળના જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી, ઋષિકેશદાસજી સ્વામી, પ્રીતમદાસજી સ્વામી તથા શાળાના આચાર્યશ્રી અશ્વિનભાઈ સાવલિયા ઉપસ્થિત રહ્યા હતા. સંસ્કૃત ગૌરવ યાત્રાના સમાપન સમયે કનેરિયા સંસ્થાના પ્રમુખશ્રી શિરીશભાઈ સાપરિયા, ઉપપ્રમુખશ્રી કલ્પેશભાઈ પટેલ તથા આચાર્યશ્રી સંગીતાબેન મોદી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દ્વારા સંસ્કૃત ભાષાના ગૌરવ સાથે તેના સંરક્ષણ, સંવર્ધન અને પ્રચાર-પ્રસાર માટે સૌને સંકલ્પબદ્ધ થવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## મહેંગાઈ માર ગઈ /ગુજરાત માં ગરીબ અને મધ્યમ વર્ગ નું બજેટ ખોરવાયું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ડુંગળી રૂ. ૬૦ થી ૮૦ પ્રતિ કિલો પહોંચી અમદાવાદમાં મોંઘવારીનો નવો માર પડ્યો છે. ખાંડના ભાવ વધારા બાદ હવે ડુંગળીના ભાવ આસમાને પહોંચતા ગૃહિણીઓનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે.આવકમાં મોટો ઘટાડો: એક મહિના અગાઉ જ્યાં માર્કેટમાં રોજની ૨૫ ટ્રકોની આવક થતી હતી, તેની સામે આજે માત્ર ૫ ટ્રકની જ આવક રહી ગઈ છે. ભાવમાં તોતિંગ વધારો:હોલસેલ માર્કેટ: અઠવાડિયા પહેલા જે ડુંગળી રૂ. ૨૫થી ૩૦ પ્રતિ કિલો હતી, તે વધીને રૂ. ૪૦ થી ૫૦ થઈ છે. મણનો ભાવ રૂ. ૭૦૦ સુધી પહોંચ્યો છે. છૂટક માર્કેટ: છૂટક બજારમાં ડુંગળીનો ભાવ પ્રતિ કિલો રૂ. ૬૦ થી રૂ. ૮૦ સુધી બોલાઈ રહ્યો છે.વરસાદી નુકસાન: વેપારીઓના જણાવ્યા મુજબ તાજેતરમાં થયેલા ભારે વરસાદને કારણે ડુંગળીનો પાક પલળી ગયો છે અને રાજસ્થાન તેમજ નાસિકથી આવતી આવક બંધ/ઘટી ગઈ છે. રાહતની શક્યતા: ઓક્ટોબર મહિનામાં દિવાળી પછી જ નવો પાક આવતા ગ્રાહકોને ભાવમાં રાહત મળે તેવી શક્યતા છે.સુકામેવામાં પણ તોતિંગ ભાવવધારો: કિસમિસ, બદામ અને એલચી મોંઘા : રાજકોટમાં ખાંડના ભાવ રૂ. ૭૦ ને પાર થયા બાદ હવે સુકામેવાના ભાવમાં પણ ભડકો થયો છે.કિસમિસ: ભાવમાં ૮૦% નો વધારો (રૂ. ૨૫૦ પ્રતિ કિલોથી વધીને રૂ. ૪૫૦ થયો).બદામ: ભાવમાં ૨૦% નો વધારો (રૂ. ૧૦૦૦ થી વધીને રૂ. ૧૨૦૦ પ્રતિ કિલો).એલચી: ભાવમાં ૩૦% નો વધારો (રૂ. ૩૫૦૦ થી વધીને રૂ. ૪૫૦૦ પ્રતિ કિલો).શ્રાવણ માસમાં પ્રસાદી અને વાનગીઓમાં વપરાતા સુકામેવાના ભાવ વધતા સામાન્ય પ્રજા અને ગરીબોની પહોંચ બહાર આ વસ્તુઓ જઈ રહી છે.

## સંતરામપુર ખાતે ધારાસભ્યશ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોરના અધ્યક્ષસ્થાને સ્વ-સહાય જૂથો માટે લોન ધિરાણ અને કાજુ રોપા વિતરણ કાર્યક્રમ યોજાયો

જગદીશ ત્રિવેદી | મહીસાગર(ખારોલ)

સંતરામપુર તાલુકા મથક ખાતે વિકાસલક્ષી અભિગમ સાથે મહિલા સશક્તિકરણને વેગ આપવા માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંતરામપુર વિધાનસભાના ધારાસભ્યશ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક ચંદ્રિકાબેન ભાભોરની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સ્વ-સહાય જૂથોની બહેનોને આર્થિક સહાયના ચેકો અને કાજુના રોપાનું વિતરણ કરીને તેઓને આત્મનિર્ભરતા તરફ દોરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.ધારાસભ્યશ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોરે બહેનોને પ્રોત્સાહિત કરતા કાજુની ખેતી અને કેશ ક્રેડિટ લોન દ્વારા રોજગારીની નવી તકો ઊભી કરવા અંગે ઝીણવટપૂર્વકનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોના હસ્તે કુલ ૨૪.૫૦ લાખ રૂપિયાના કેશ ક્રેડિટ લોન ધિરાણના ચેકોનું પ્રત્યક્ષ વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી કુલ ૭૫.૭૦ લાખ રૂપિયાની લોન shg જૂથોના બેંક ખાતામાં જમા કરવામાં આવેલ છે.આ



પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રીમતી ચંદ્રિકાબેન ભાભોર દ્વારા બહેનોને સંબોધન કરતા કાજુના રોપાના વાવેતર અને તેની માવજત વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે મહિલાઓ કેશ ક્રેડિટ લોન ધિરાણનો યોગ્ય સદુપયોગ કરી વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ દ્વારા સ્વ-નિર્ભર બને તે સમયની માંગ છે. આર્થિક રીતે પગભર થવા માટે સરકારની વિવિધ યોજનાઓનો લાભ લેવા તેમણે બહેનોને વિશેષ સૂચન કર્યું હતું.આ કાર્યક્રમમાં સંતરામપુર તાલુકા પંચાયતના પ્રમુખશ્રી રજનીતાબેન એન. તાવિયાડ, ઉપપ્રમુખશ્રી રવિરાજભાઈ, પૂર્વ પ્રમુખશ્રી હરીશભાઈ વલવાઈ, તાલુકા વિકાસ અધિકારીશ્રી, કારોબારી અધ્યક્ષશ્રી ઈશ્વરભાઈ કલાસવા, ન્યાય સમિતિના ચેરમેનશ્રી કિશોરભાઈ, તેમજ સચિનભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા લાઈવલી હુડ મેનેજરશ્રી પરેશભાઈ પટેલ, આસી. પ્રોજેક્ટ મેનેજરશ્રી હરિશ્ચંદ્ર હજૂરી, તાલુકા લાઈવલી હુડ મેનેજરશ્રી એ. આર. સેલોત તથા એન.આર.એલ. એમ. સ્ટાફ અને મોટી સંખ્યામાં સ્વ-સહાય જૂથની બહેનો હાજર રહી હતી. કાર્યક્રમના અંતે મહાનુભાવોના હસ્તે કાજુના રોપાનું વિતરણ કરવામાં આવ્યો હતો અને આભાર વિધિ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

**મહીસાગર જિલ્લામાં 'સંસ્કૃત સપ્તાહ'ની ભવ્ય ઉજવણીનો પ્રારંભ.....**

## જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરે લીલી ઝંડી આપી ભવ્ય સંસ્કૃત યાત્રાને પ્રસ્થાન કરાવ્યું

### રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા ત્રિ-દિવસીય કાર્યક્રમનું આયોજન

જગદીશ ત્રિવેદી | મહીસાગર

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગરની સૂચના મુજબ સંસ્કૃત શિક્ષણને પ્રોત્સાહન આપવા અને જનસમુદાયમાં સંસ્કૃત ભાષાના ગૌરવ, સંરક્ષણ, સંવર્ધન તેમજ વ્યાપક પ્રચાર-પ્રસાર અર્થે મહીસાગર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા ૨૫, ૨૭ અને ૨૯ ઓગસ્ટ દરમિયાન ત્રિ-દિવસીય 'સંસ્કૃત સપ્તાહ'ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીના ભાગરૂપે આજ રોજ લુણાવાડા સ્થિત સુપ્રસિદ્ધ લુણેશ્વર મહાદેવ મંદિર પરિસર ખાતેથી ભવ્ય સંસ્કૃત શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીને મહીસાગર જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરે ઉત્સાહપૂર્વક લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ સંસ્કૃત યાત્રા લુણેશ્વર મહાદેવ મંદિરથી શરૂ થઈ નગરના વિવિધ માર્ગો પરથી પસાર થઈ શ્રી પી. એન. પંડ્યા કોલેજ ખાતે સંપન્ન થઈ હતી. યાત્રા દરમિયાન વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા દેવવાણી સંસ્કૃતના શ્લોકોચ્ચાર અને સુભાષિતોના નારાઓ સાથે ભારતીય સંસ્કૃતિ અને સંસ્કૃત ભાષાના મહત્વનો સંદેશ જન-જન સુધી પહોંચાડવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ ત્રિ-દિવસીય સપ્તાહ અંતર્ગત આગામી તા. ૨૯/૦૮/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડા ખાતે સંસ્કૃત સાહિત્ય પ્રદર્શનીનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આજના આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નૈલેષકુમાર મુનિયા, પ્રાંત અધિકારીશ્રી ઉમેશ શાહ, શિક્ષણ વિભાગના અધિકારીઓ, શાળા-કોલેજના આચાર્યશ્રીઓ, શિક્ષકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને સંસ્કૃત પ્રેમી નાગરિકો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રીમતી એચ. બી. સંઘવી મહિલા આર્ટ્સ એન્ડ કોલેજ ના એન .એસ. એસ. વિભાગ નો વન ડે ટ્રેકિંગ કેમ્પ તુલસીશ્યામ ખાતે સુપેરે સંપન્ન



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન શ્રીમતી એચ. બી. સંઘવી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,રાજુલા સંસ્થાના એન. એસ. એસ. યુનિટ એક તથા બે યુનિટ ના વનડે ટ્રેકિંગ કેમ્પ તુલસીશ્યામ ખાતે સુપેરે સંપન્ન થયું. આ સાથે કોલેજના વિદ્યાર્થીની બહેનોએ ધારી ખાતે ખોડીયાર ડેમ તથા આંબરડી સફારી પાર્ક ની પણ મોજ માણી હતી . પ્રકૃતિ તથા વન્ય જીવો ને તેમના જીવન ને નજીકથી નિહાળ્યો હતું. તમામ સ્વયંસેવક બહેનો સમયસર ટ્રેકિંગ કાર્ય શરૂ કરેલ અને ખૂબ જ ઉત્સાહથી પૂર્ણ કરેલ. આ ટ્રેકિંગ કાર્યક્રમ માં અંદાજે ૭૦ વિદ્યાર્થીની બહેનો અને કોલેજ સ્ટાફ જોડાયેલો હતો. આ ટ્રેકિંગ કાર્યક્રમને પ્રોત્સાહન કેમ્પસ મેનેજરશ્રી રવિભાઈ વ્યાસ તથા સેક્રેટરી શ્રી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી સાહેબ તથા કેમ્પસ ડાયરેક્ટર શ્રી ડો. જીગ્નેશભાઈ વાજા દ્વારા મળેલ. સંપૂર્ણ માર્ગદર્શન કોલેજ પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવળે આપેલ. સમગ્ર ટ્રેકિંગ કાર્યક્રમની જહેમત એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર યુનિટ એક જાગૃતીબેન તેરૈયા તથા યુનિટ બે ના પ્રોગ્રામ ઓફિસર ભગવતીબેન વડીયા એ સફળતાપૂર્વક પૂર્ણ કરાવેલ. સમગ્ર એન.એસ. એસ યુનિટના તમામ બહેનોને રાજુલા સ્થિત પર્યાવરણવિદ શ્રી વિપુલભાઈ એન.લહેરી દ્વારા આંબરડી પાર્ક ની નિઃશુલ્ક મુલાકાત કરાવેલ. ડી સી. એફ શ્રી મોહનભાઈ ભંડારીયા તથા જંગલ ખાતાના કર્મચારી શ્રી યુવરાજભાઈ મકવાણા નો આ તકે સહયોગ મળેલ. તમામ બહેનો એ ખૂબ જ ઉત્સાહ દર્શાવેલ. વન્ય પ્રકૃતિ વિશે પણ માહિતી મેળવેલ. એન .એસ. એસ ના તમામ સ્વયમ સેવક બહેનોએ પ્રકૃતિનો આલાદક આનંદ માણેલ અને વન્યજીવન તથા વન્ય સૃષ્ટિ ની જાળવણી અંગે પણ પ્રતિજ્ઞા કરેલ. ટ્રેકિંગ દ્વારા વિદ્યાર્થી બહેનોમાં સમુહ જીવન અને પ્રકૃતિ સાથે એક તાદાત્મ્ય સંધાન કરેલ. આ સાથે ભગવાન દ્રોણેશ્વર ના પણ દર્શન કરી આધ્યાત્મિક સુખદ અનુભૂતિ કરલ. તુલસીશ્યામ ભગવાન ના દર્શન કરી દિવ્ય અનુભૂતિ કરેલ.સમગ્ર કાર્યક્રમમાં તમામ બહેનો એ જહેમત ઉઠાવી હતી.

## જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ ચૌધરીની અધ્યક્ષતામાં જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા કલેકટરશ્રી યોગેશ ચૌધરીની અધ્યક્ષતામાં યોજાયો હતો. કલેક્ટરશ્રીએ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં આવેલ ૩૩ અરજીના નિવારણ માટે નાગરીકોના પ્રશ્નો રૂબરૂ સાંભળ્યા હતા. આ જિલ્લા સ્વાગત કાર્યક્રમ માં નાગરિકોના પ્રોપર્ટી કાર્ડ જારી કરવા, બિન અધિકૃત દબાણનો નિકાલ કરવા, જાહેર રસ્તો ખૂલ્લો કરવો, વીજ કનેક્શન આપવા, પ્લોટ ફાળવવા, વરસાદિ પાણીના નિકાલ કરવા, બાગાયતી યોજનાને લગત સહાય બાબત, જેવા પ્રશ્નોનોના નિવારણ લાવવા નાગરિક પ્રથમ અભિગમ દાખવી જિલ્લા કલેકટરશ્રી દ્વારા સબંધિત અધિકારીઓ સાથે અરજદારની હાજરીમા વિગતવાર સમીક્ષા કરી અરજીઓનો ત્વરિત નિકાલ લાવવા જરૂરી માર્ગદર્શક સૂચનો આપ્યા હતા.આ કાર્યક્રમમાં જિલ્લા પોલીસ વડાશ્રી સુબોધ ઓડેદરા, અધિક કલેક્ટર સુશ્રી બી. એસ. બારડ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી ડી.એ. જાડેજા, પ્રાંત અધિકારીશ્રીઓ, મામલતદારશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તેમજ સંલગ્ન વિભાગોના અધિકારીશ્રીઓ/કર્મચારીઓ હાજર રહ્યા હતા.



# આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ સાવચેત રહેજો, વધુ પડતું ખવાઈ જશે તો તમારી સવાર બગડશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમારા ઘરમાં સૌહાર્દતા લાવવા માટે સહકારપૂર્વક કામ કરો.

**વૃષભ : બ. વ. ઉ.**

માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. પારિવારિક વાતાવરણ જાળવવા તથા તેને કલુષિત ન કરવા તમારે તમારા ગુસ્સા પર કાબૂ મેળવવાની જરૂર છે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારા અણધાર્યા સ્વભાવને તમારા વૈવાહિક સંબંધ પર અસર કરવા ન દો.આ બાબતને ટાળવાનો પ્રયાસ કરો ન્યથા તમે પછીથી પસ્તાશો. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે.

**કર્ક : ડ. હ.**

હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ્યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. જીવનસાથી તમને ધૂમ્રપાનની લત છોડવા પ્રેરણા આપશે.

**સિંહ : મ. ટ.**

આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે.

**કન્યા : પ. ઠ. ણ.**

કોઈક સંતપુરુષનાં આશિષતમને માનસિક શાંતિ આપશે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો.

**તુલા : ર. ત.**

તમારૂં ઈર્ષાયુક્ત વર્તન તમને દુઃખી તથા નિરાશ કરી શકે છે. પણ એ પોતાની જાત પર જ કરેલી ઈજા જેવું છે આથી તેના વિશે વિલાપ કરવા જેવો નથી. અન્યોની ખુશીઓમાં સહભાગી થવા તમારી જાતને પ્રેરો અને આમાંથી બહાર આવો.

**વૃશ્ચિક : ન. ય.**

તમારો જીદ્દી અભિગમ તમારા ખુશખુશાલ જીવન માટે ત્યજી દો, કેમ કે આ બાબત સમયનો નર્યો વેડફાટ છે. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે

**મકર : ખ. જ.**

અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે તેઓ જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં- તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે- કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. તમારા જીવનસાથી આજે આખો દિવસ તમારા વિશે જ વિચારશે.

# રાજપીપળા નગરમાં ભવ્ય સંસ્કૃત ગૌરવયાત્રા યોજાઈ

સત્યવલંબા બારોટ





સંસ્કૃત સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ભારતીય સંસ્કૃતિની મૂળભૂત ભાષા, જ્ઞાન-પરંપરા અને સાંસ્કૃતિક વારસાની પ્રતીક સમાન દેવભાષા સંસ્કૃત પ્રત્યે જનમાનસમાં ગૌરવ અને અભિમાનની ભાવના પ્રબળ બની રહે તેવા શુભ આશય સાથે રાજપીપળા નગરમાં ભવ્ય સંસ્કૃત ગૌરવયાત્રા યોજાઈ હતી. નાંદોદના ધારાસભ્યશ્રી ડૉ. દર્શનાબેન દેશમુખના હસ્તે ભિલરાજાની પ્રતિમા ખાતેથી સંસ્કૃત ગૌરવયાત્રાનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. યાત્રાના પ્રારંભ પૂર્વે વિવિધ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા નર્મદા અષ્ટકમ, સંસ્કૃત શ્લોકોચ્ચારણ સહિતની સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી. શંખનાદ સાથે પ્રસ્થાન કરેલી આ યાત્રા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ આંબેડકર ચોક થઈ હરસિદ્ધિ માતા મંદિર પરિસર ખાતે પહોંચી સંપન્ન થઈ હતી.ભારતની પ્રાચીન જ્ઞાનપરંપરાને સમૃદ્ધ બનાવનાર સંસ્કૃત ભાષા માત્ર સંવાદનું માધ્યમ નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિ, દર્શન, સાહિત્ય, વિજ્ઞાન અને આધ્યાત્મિક પરંપરાના જ્ઞાનનો અમૂલ્ય વારસો છે. સંસ્કૃત ભાષાના સંવર્ધન અને સંરક્ષણ સાથે નવી પેઢીને તેના મહત્વ અને સાંસ્કૃતિક મૂલ્યો સાથે જોડવાનો સંદેશ પણ આ ગૌરવયાત્રા દ્વારા આપવામાં આવ્યો હતો.યાત્રા દરમિયાન વિદ્યાર્થીઓએ ભારતીય પરંપરાગત તેમજ ગુરુકુળ પ્રણાલીને ઉજાગર કરતા વેશભૂષા ધારણ કરી હાથમાં વિવિધ સંસ્કૃત શ્લોકો અને સંદેશસભર પોસ્ટરો સાથે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સંસ્કૃત શ્લોકોની સુમધુર ગૂંજથી સમગ્ર નગરનું વાતાવરણ સંસ્કૃતમય બની ગયું હતું. માર્ગમાં નગરજનો દ્વારા ફૂલોની વર્ષા કરી યાત્રાનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.સંસ્કૃત ગૌરવયાત્રામાં ભારતીય સંસ્કૃતિના વૈવિધ્યસભર સ્વરૂપને ઉજાગર કરતી પ્રાચીન ગુજરાતી ગરબાની ઝલક પણ જોવા મળી હતી. સંસ્કૃત ભાષા અને ભારતીય લોકપરંપરાના આ સુમેળે યાત્રાને વિશેષ આકર્ષણ આપ્યું હતું.આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ડૉ. કિરણબેન પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી નિશાંત દવે, વિવિધ શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, નગરજનો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી સંસ્કૃત ગૌરવયાત્રાને સફળ બનાવી હતી.

# રામપુરા-સેંગપુરા-સમારીયા પાટીયા માર્ગ પર તમામ પ્રકારના વાહનો માટે ટ્રાફિક ડાયવર્ઝન

રાજપીપલા: અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી સી.કે. ઉંધાડને મળેલ સત્તાની રૂએ રામપુરા ગામથી સેંગપુરા થઈને સમારીયા પાટીયા તરફ જતા માર્ગ પર તમામ પ્રકારના વાહનોની અવરજવર માટે નીચે મુજબ ટ્રાફિક ડાયવર્ઝન ફરમાવવામાં આવે છે.ટ્રાફિક ડાયવર્ઝનની વિગત : (૧) રામપુરા ગામથી સેંગપુરા તથા સમારીયા ચોકડી તરફ જતા વાહનો માટેનો રૂટ: રામપુરા ગામ-વાવડી ચોકડી-રાજપીપળા- ગરુડેશ્વર હાઈવે થઈને પોતાના ગંતવ્ય સ્થળે જઈ શકશે. (૨) સમારીયા ચોકડી તરફથી રામપુરા ગામ તરફ આવતા વાહનો માટેનો રૂટ:સમારીયા ચોકડી-વાવડી ચોકડી-રામપુરા ગામ તરફ જઈ શકશે. ટ્રાફિક ડાયવર્ઝન અંગે નિયમોનુસાર જરૂરી બોર્ડ, બેરિકેડ્સ તથા આનુષંગિક તમામ કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા.મ.) વિભાગ, રાજપીપળા, નર્મદાએ કરવાની રહેશે. આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તારીખથી અન્ય હુકમ ન થાય ત્યાં સુધી કરવાની રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ કાયદેસરની શિક્ષાને પાત્ર થશે.

# ધોળકામાં "ફેમિલી હેલ્થ ફોરમ"નું સફળ આયોજન

## ડિસ્ટ્રિક્ટ3232બી1 ગવર્નર શ્રી ગિરવાન મહેતાની વિશેષ ઉપસ્થિતિ



ધોળકા | Special Olympics Bharat - Gujarat દ્વારા Lions Clubs International Foundationના સહયોગથી શ્રી અનંતરાવજી કાલે હોલ,વિદ્યાપ્રચાર મંડળ કલિકુંડ, ધોળકા ખાતે "ફેમિલી હેલ્થ ફોરમ"નું સુંદર અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકો તથા તેમના પરિવારોમાં આરોગ્ય જાગૃતિ, સ્વાસ્થ્ય, નિવારક આરોગ્યસેવા, કાઉન્સેલિંગ અને પરિવારના સશક્તિકરણ અંગે જાગૃતિ લાવવાના હેતુથી આ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો પ્રારંભ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં Lions Clubs International District 3232B1ના District Governor શ્રી ગીરવન મહેતા મુખ્ય મહેમાન તથા શ્રી માર્ગેશભાઈ મોદી, ટ્રસ્ટી - શિક્ષણપ્રચાર મંડળ, વિભૂતિબેન મહેતા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.ફ્રીડમ ડે કેર સેન્ટર, ધોળકાના દિવ્યાંગ બાળકો દ્વારા સુંદર અને ભાવસભર પ્રાર્થના રજૂ કરવામાં આવી હતી. બાળકોની નિર્દોષતા અને આત્મવિશ્વાસ સાથેની આ પ્રાર્થનાએ સૌના હૃદયને સ્પર્શી લીધા હતા.આ પ્રસંગે ડૉ. અનુરાધા માંગલિક તથા ડૉ. હિરેન દવે દ્વારા આરોગ્ય અને પરિવારના સ્વાસ્થ્ય અંગે સુંદર તથા ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ મીનાક્ષી પંડ્યા તથા છાયાબેન દ્વારા "Family Health Forum"ના હેતુ અને મહત્વ અંગે સરસ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં શ્રી તુષાર જોગલેકર, Sports Director - Special Olympics Bharat Gujarat તથા દેવાંગી દવે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત તમામ મહાનુભાવોનું બુકે અર્પણ કરી દિવ્યાંગ બાળકોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાળકોની સહભાગિતાએ કાર્યક્રમને વધુ ભાવસભર અને વિશિષ્ટ બનાવ્યો હતો. વિશિષ્ટ બાળકોના વાલીઓએ ઉત્સાહપૂર્વક હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.સમગ્ર કાર્યક્રમના સફળ આયોજન બદલ ડિસ્ટ્રિક્ટ ચેરમેન - ડિફરન્ટલી એબલ ચિલ્ડ્રન એક્ટિવિટી શ્રી ભાવિનકુમાર પરમાર દ્વારા Lions Clubs International Foundation, Special Olympics Bharat - Gujarat, ઉપસ્થિત મહાનુભાવો, ડૉક્ટરો, માર્ગદર્શકો, શિક્ષકો, વાલીઓ તથા તમામ સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.આ ફેમિલી હેલ્થ ફોરમ દ્વારા વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકો તથા તેમના પરિવારોને આરોગ્ય અને સર્વાંગી વિકાસ અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન મળ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સફળ અને ઉપયોગી રહ્યો હતો.

# રાજ્યપાલશ્રીએ વહેલી સવારે શાળામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે કર્યો યોગાભ્યાસ

માહિતી બ્યુરો,સુરત | રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ બારડોલી તાલુકાની ટીંબરવા ગામની પ્રાથમિક શાળાના સામાન્ય ઓરડામાં રાત્રિ વિશ્રામ કર્યા બાદ વહેલી સવારે શાળાના



વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા ગ્રામજનો સાથે યોગાભ્યાસ કર્યો હતો. ગામની પ્રાથમિક શાળા ખાતે વહેલી સવારે યોજાયેલા યોગ સત્ર દરમિયાન રાજ્યપાલશ્રીએ શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકગણ, યુવાઓ તેમજ ગ્રામજનો સાથે યોગાભ્યાસ અને પ્રાણાયામ કરી યોગથી થતા શારીરિક તેમજ માનસિક ફાયદા અંગે વિસ્તૃત માહિતી આપી હતી. સુક્ષ્મ વ્યાયામ કરાવતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, યોગથી શરીરની લચકતા વધે છે. શરીરમાં લોહીનો સંચાર વધે છે તેથી અનેક રોગોમાં ફાયદાકારક છે. યોગ ઋષિ મુનિઓની દેન હોવાનું જણાવીને તેમણે દોડધામભર્યા જીવનમાં શારીરિક બીમારી તેમજ માનસિક અશાંતિને નાથવા માટે ભારેભરખમ જીમમાં જઈને કરાતી અંગ કસરતની સાપેક્ષે નિયમિત યોગાભ્યાસ સમગ્ર શરીરને સ્વસ્થ બનાવતો હોવાનું ઉમેરી યોગને દૈનિક ધોરણે અપનાવવા પર ભાર મૂક્યો હતો.આ તકે રાજ્યપાલશ્રીએ શીતલી, અનુલોમ-વિલોમ, ભ્રામરી, ભસ્ત્રિકા પ્રાણાયામના નિયમિત અભ્યાસથી બુદ્ધિની તીવ્રતા વધવા સાથે એકાગ્રતા, શીતળતા વધતી હોવાનું જણાવી યોગ અને પ્રાણાયામને દૈનિક જીવનશૈલીનો એક ભાગ બનાવવા અનુરોધ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ બાળકો સાથે સૂર્ય નમસ્કાર કર્યા તથા ૐ ની મહત્તા જણાવી હતી. ગાયત્રી મંત્રના સામુહિક જાપ સાથે યોગાભ્યાસ સંપન્ન થયો હતો.

### રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં હવે પ્લાસ્ટિકના ફોલ્ડર અને ફાઈલોનો ઉપયોગ તબક્કાવાર બંધ કરાશે

ગાંધીનગર |ગુજરાત સરકારે ટકાઉ અને પર્યાવરણલક્ષી કાર્યપ્રણાલીને વેગ આપવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. હવેથી રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં પ્લાસ્ટિકના ફોલ્ડર અને ફાઈલોનો ઉપયોગ તબક્કાવાર બંધ કરવાના નિર્ણય અંગે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. ભારત સરકારના 'પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬' અને 'પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૧૬' અંતર્ગત પર્યાવરણને નુકસાન પહોંચાડતા સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવાના ભાગરૂપે રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં પ્લાસ્ટિક-આધારિત સ્ટેશનરીનો તબક્કાવાર ઉપયોગ ઘટાડવામાં આવશે. આ નિર્ણય સચિવાલયના તમામ વિભાગો, ખાતાના વડાની કચેરીઓ, જાહેર સાહસો, નિગમો, મંડળો, સ્વાયત્ત સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, સરકારી યુનિવર્સિટીઓ તેમજ ગ્રાન્ટ-ઈન-એઈડ સહિતની તમામ સંસ્થાઓને લાગુ પડશે.દૈનિક કામગીરીમાં વપરાતા પ્લાસ્ટિકના ફોલ્ડર અને ફાઈલોના સ્થાને હવે કાગળ, શણ અથવા કાપડમાંથી બનેલા ઈકો-ફ્રેન્ડલી અને ટકાઉ ફાઈલ કવરનો ઉપયોગ કરવામાં આવશે. હાલમાં કચેરીઓમાં ઉપલબ્ધ પ્લાસ્ટિક સ્ટેશનરીનો સ્ટોક પૂર્ણ થયા બાદ નવી તમામ ખરીદી આ પર્યાવરણીય દિશાનિર્દેશો મુજબ જ કરવાની રહેશે.

# અમદાવાદ જિલ્લાની ત્રણ અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓ ખાતે 27 ઓગસ્ટે ખેલો ઈન્ડિયા સંવાદ

અમદાવાદ | રાષ્ટ્રીય રમત-ગમત દિવસના અવસર પર મેરા યુવા ભારત (MY Bharat), અમદાવાદ અને રાષ્ટ્રીય સેવા યોજનાના સંયુક્ત ઉપક્રમે "ખેલો ઈન્ડિયા સંવાદ" કાર્યક્રમનું આયોજન 27 ઓગસ્ટ 2026ના રોજ અમદાવાદ જિલ્લાની ત્રણ અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓ– ભવન્સ R A સાયન્સ કોલેજ, L D આર્ટસ કોલેજ તથા ઈન્ડસ યુનિવર્સિટી ખાતે કરવામાં આવશે.કાર્યક્રમ દરમિયાન માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી વર્ચ્યુઅલ માધ્યમથી દેશભરના યુવાનો સાથે સંવાદ કરશે. અમદાવાદ જિલ્લાના યુવાનો પણ મોટી સંખ્યામાં આ કાર્યક્રમ સાથે જોડાઈને પ્રધાનમંત્રીશ્રીનું સંબોધન સાંભળશે તથા રમતગમત અને યુવા વિકાસ સાથે સંકળાયેલા વિવિધ વિષયો પર સંવાદનો હિસ્સો બનશે. "ખેલો ઈન્ડિયા સંવાદ"નો ઉદ્દેશ યુવાનોને રમતગમત સાથે જોડવા ઉપરાંત તેમને સ્થાનિક ખેલાડીઓ તથા રમત પ્રતિભાઓના અનુભવો સાથે પરિચિત કરાવવાનો છે. કાર્યક્રમમાં ખેલાડીઓના અનુભવો, રમતગમત ક્ષેત્રે ઉપલબ્ધ તકો, દેશમાં વિકસતું રમતગમતનું પર્યાવરણ તથા રમતગમતના માળખાકીય વિકાસ સહિત વિવિધ મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરવામાં આવશે.

### નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ

# ૫૦૦ નવા અત્યાધુનિક '૧૧૨- જનરક્ષક' વાહનોનું ફ્લેગ ઑફ કરી પ્રસ્થાન કરાવ્યું

**સમગ્ર ગુજરાતમાં ૨૪ કલાક કુલ ૧,૦૦૦ 'જનરક્ષક' વાહનો ઈમરજન્સી રિસ્પોન્સ માટે તૈનાત**





ગાંધીનગર | રાજ્યના નાગરિકોને ઝડપી અને અસરકારક ઈમરજન્સી સેવા પૂરી પાડવાના હેતુથી ગુજરાત પોલીસના કાફલામાં વધુ ૫૦૦ અત્યાધુનિક '૧૧૨-જનરક્ષક' વાહનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આજે નવા સચિવાલય ગાંધીનગર ખાતેથી નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ નવા વાહનોનું ફ્લેગ ઓફ કરી પ્રસ્થાન કરાવ્યું હતું. આ નવા ૫૦૦ વાહનોના ઉમેરા સાથે હવે સમગ્ર ગુજરાતમાં ૨૪ કલાક કુલ ૧,૦૦૦ 'જનરક્ષક' વાહનો ઈમરજન્સી રિસ્પોન્સ માટે તૈનાત રહેશે.આધુનિક ૧૫૦ બેઠકો ધરાવતા કોલ સેન્ટર, CAD (Computer Aided Dispatch) સિસ્ટમ અને કોલર લોકેશન ટેક્નોલોજીના ઉપયોગથી રાજ્યનો સરેરાશ પોલીસ રિસ્પોન્સ ટાઈમ ઘટીને માત્ર ૧૦ મિનિટ ૪૯ સેકન્ડ થયો છે. નવા વાહનો અને આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી આ રિસ્પોન્સ ટાઈમને ૮ મિનિટથી નીચે લાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ઓલા, ઉબેર, રેપિડો અને ભારત ટેક્સી જેવી એપ્સમાં પણ ૧૧૨ પેનિક બટનનું ઈન્ટિગ્રેશન કરવામાં આવ્યું છે. ફ્લેગ ઓફ પ્રસંગે રાજ્ય મંત્રી શ્રી કમલેશ પટેલે જણાવ્યું હતું કે ગુજરાત શાંતિ, સમૃદ્ધિ અને સુરક્ષાની દિશામાં દેશનું અગ્રણી રાજ્ય રહ્યું છે. ગુજરાત પોલીસ હંમેશા જનતાની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે. ૧૧૨ -ઈમરજન્સી સેવા દ્વારા સહાય વધુ ઝડપી અને અસરકારક બનશે. હવે કોઈપણ નાગરિક ૧૧૨ નંબર પર ડાયલ કરે ત્યારે શક્ય તેટલા ઓછા સમયમાં પોલીસ સહાય પહોંચે તે દિશામાં આ સેવા વધુ સક્ષમ બનશે. જનરક્ષક પ્રોજેક્ટના અમલીકરણના માત્ર ૧૧ માસના ટૂંકા ગાળામાં ૧૧.૦૪ લાખથી વધુ ઈમરજન્સી કોલમાં સંકલિત સેવાઓ પૂરી પાડવામાં આવી છે, જ્યારે ૬.૭૪ લાખથી વધુ પોલીસ ઈમરજન્સી બનાવોમાં તાત્કાલિક સેવાઆપવામાં આવી છે. ૫૦૦ નવા અત્યાધુનિક જનરક્ષક વાહનોના સમાવેશથી ગુજરાતની ૧૧૨ ઈમરજન્સી સેવા વધુ ઝડપી, ટેક્નોલોજી આધારિત અને નાગરિકકેન્દ્રિત બનશે. આ પ્રસંગે રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિક, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી અરુણકુમાર સોલંકી, સીઆઈડી ક્રાઈમ ડીજીપી ડૉ .કે.એલ.એન રાવ, લૉ એન્ડ ઓર્ડર ડીજીપી શ્રી રાજકુમાર પાંડિયન, પોલીસ ટ્રેનિંગ ડીજીપી શ્રી નિરજા ગોટરૂ, અગ્ર સચિવ શ્રી નિપુણા તોરવણે, પી એન્ડ એમ એડીજીપી શ્રી ખુરશીદ અહેમદ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ મંડળના પાંચ રેલવે કર્મચારીઓને સંરક્ષા ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કાર્ય માટે સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા

પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં રેલવે સંચાલનની સંરક્ષા પ્રત્યે સતર્કતા, સજાગતા અને કર્તવ્યનિષ્ઠાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ રજૂ કરનારા પાંચ કર્મચારીઓને "સંરક્ષા પુરસ્કાર (Safety Award)" થી સન્માનિત કરવામાં આવ્યા. તારીખ 24 ઓગસ્ટ 2026ના રોજ આયોજિત કાર્યક્રમમાં મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશ દ્વારા પાંચેય કર્મચારીઓને તેમની પ્રશંસનીય કાર્યગીરી બદલ પ્રશસ્તિ પત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા. આ કર્મચારીઓએ ડ્યુટી દરમિયાન સંભવિત સુરક્ષા સંબંધિત ખામીઓને સમયસર ઓળખીને તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરી, જેનાથી સંભવિત અકસ્માતો અને રેલવે સંચાલનને ખોરવાઈ જવાને ટાળી શકાયા. વરિષ્ઠ મંડળ સંરક્ષા અધિકારી શ્રી અરવિંદ કુમાર મીણાના જણાવ્યા અનુસાર, સન્માનિત કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલા ઉત્કૃષ્ટ કામોની વિગતો નીચે મુજબ છે: 1. શ્રી અજયસિંહ આર., લોકો પાયલટ અને શ્રી સુનીલ પટેલ, સહાયક લોકો પાયલટ – વીજળી વિભાગ (ટ્રેન સંચાલન), તારીખ 13 મે 2026 ના રોજ શ્રી અજયસિંહ આર., લોકો પાયલટ અને શ્રી સુનીલ પટેલ, સહાયક લોકો પાયલટને ટ્રેન નંબર 14821 જોધપુર-સાબરમતી એક્સપ્રેસમાં આબુ રોડથી સાબરમતી સુધીની ડ્યુટી માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ટ્રેન આબુ રોડથી 16:15 કલાકે ઉપડી હતી. સરતો રોડ અને ઈકબાલગઢ વચ્ચે કિલોમીટર 628/07-09 પર ટ્રેન અંદાજે 90 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે ચાલી રહી હતી. આ દરમિયાન ક્રૂ મેમ્બર્સને ટ્રેનમાં અસામાન્ય આંચકો અનુભવાયો. બંને કર્મચારીઓએ પરિસ્થિતિનું તુરંત આકલન કરીને સંબંધિત નિયંત્રણ કાર્યાલયો અને સ્ટેશન અધિકારીઓને તેની જાણ કરી તથા પ્રભાવિત રેલવે સેક્શનની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરી.ઈકબાલગઢ સ્ટેશન માસ્ટરને ઘટનાની જાણ કર્યા બાદ પ્રભાવિત જગ્યાએથી પસાર થતી આગળની ટ્રેનોને 20 કિલોમીટર પ્રતિ કલાકની સાવચેતીની ઝડપ સાથે ચલાવવાની વ્યવસ્થા કરવામાં આવી. બંને કર્મચારીઓની સતર્કતા, સજાગતા અને ઝડપી કાર્યવાહીના કારણે સંભવિત



અકસ્માતને સમયસર ટાળવામાં મહત્વની મદદ મળી તથા રેલવે સંચાલનની સંરક્ષા સુનિશ્ચિત થઈ.2. શ્રી બંટી કુમાર મીણા, સહાયક લોકો પાયલટ – વીજળી વિભાગ (ટ્રેન સંચાલન), તારીખ 21 મે 2026 ના રોજ શ્રી બંટી કુમાર મીણાને વલસાડથી અમદાવાદ સુધી ટ્રેન નંબર 22186 ના સંચાલન માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ટ્રેન 02:52 કલાકે રવાના થઈને 03:45 કલાકે સુરત સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 1 પર પહોંચી. સુરત સ્ટેશન પર લોકોમોટિવની તપાસ દરમિયાન શ્રી બંટી કુમાર મીણાએ વ્હીલ નંબર 10 ની ઉપર લાગેલી સેકન્ડરી હેલિકલ સ્પ્રિંગ તૂટેલી હોવાનું શોધી કાઢ્યું.તેમણે તુરંત લોકો પાયલટ અને સ્ટેશન અધિકારીઓને આ અંગે જાણ કરી. ત્યારબાદ મુખ્ય લોકો નિરીક્ષક શ્રી અશોક પાઠક દ્વારા લોકોમોટિવનું નિરીક્ષણ કરવામાં આવ્યું અને 03:53 કલાકે લોકોમોટિવને ખરાબ જાહેર કરવામાં આવ્યું. ત્યારબાદ લોકોમોટિવ નંબર 22540 જોડાવામાં આવ્યું અને ટ્રેનને સુરક્ષિત રીતે અમદાવાદ માટે રવાના કરવામાં આવી.શ્રી બંટી કુમાર મીણાની સતર્કતાથી લોકોમોટિવની ગંભીર ટેકનિકલ ખામી સમયસર સામે આવી અને સંભવિત અકસ્માત ટાળી શકાયો.3. શ્રી સરફરાઝ, ટેકનિશિયન ગ્રેડ-I – વીજળી વિભાગ, તારીખ 23 મે 2026 ના રોજ શ્રી સરફરાઝ અમદાવાદ મંડળના સાબરમતી વિસ્તારમાં 16/24 કલાકની શિફ્ટમાં ડ્યુટી પર તૈનાત હતા. લોકોમોટિવ નંબર 37162ની સામાન્ય તપાસ દરમિયાન તેઓ બોગી કાર્ય ક્ષેત્રમાં નિરીક્ષણ કરી રહ્યા હતા. નિરીક્ષણ દરમિયાન તેમણે વ્હીલ નંબર 08 ની તૂટેલી પ્રાઈમરી હેલિકલ સ્પ્રિંગ શોધી કાઢી. તેમણે તુરંત પોતાની શિફ્ટના સુપરવાઈઝર અને સંબંધિત નિયંત્રણ કાર્યાલયને આ અંગે માહિતગાર કર્યા. બાદમાં ખામીયુક્ત સ્પ્રિંગ બદલવામાં આવી. શ્રી સરફરાઝ દ્વારા સમયસર ખામીની ઓળખ કરવામાં આવતાં લોકોમોટિવને સંભવિત ટેકનિકલ જોખમથી બચાવી લેવાયું અને રેલવે સંચાલનની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન મળ્યું.4. શ્રી મેરા ભાઈ, ટેકનિશિયન ગ્રેડ-III – વીજળી વિભાગ (ઈલેક્ટ્રિક ટ્રેક્શન વિભાગ), તારીખ 16 મે 2026 ના રોજ શ્રી મેરા ભાઈ ઈલેક્ટ્રિક ટ્રેક્શન ડિપોમાં પોતાની ડ્યુટી પર તૈનાત હતા. ડ્યુટી દરમિયાન જખવાડા-બાકરોલ રેલવે સેક્શન વચ્ચે ઓવરહેડ ઈલેક્ટ્રિક ઉપકરણનું પગપાળા પેટ્રોલિંગ કરતી વખતે તેમણે ઓવરહેડ ઉપકરણના કિલોમીટર 50/1 પર એક ગંભીર ખામી જોઈ. નિરીક્ષણ દરમિયાન તેમણે જોયું કે બિન-ઈન્સ્યુલેટેડ ઓવરલેપ વાળા બે કેટેનરી વાયરો વચ્ચે લાગેલો જી-જમ્પર તૂટેલો હતો. જો આ ખામી સમયસર દૂર કરવામાં ન આવી હોત તો ઓવરહેડ વીજળી પુરવઠામાં ગંભીર ખામી સર્જાઈ શકી હોત, જેનાથી ટ્રેનોના સંચાલનમાં વિક્ષેપ અને સુરક્ષા સંબંધિત જોખમ ઊભું થઈ શકતું હતું.શ્રી મેરા ભાઈએ તુરંત સંબંધિત અધિકારીઓને આ અંગે જાણ કરી, જેના પછી જરૂરી સુધારાત્મક કાર્યવાહી શરૂ કરવામાં આવી. તેમની સતર્કતા અને ફરજ પ્રત્યેની નિષ્ઠાથી સંભવિત ઓવરહેડ ઉપકરણ નિષ્ફળતાને સમયસર રોકી શકાઈ. રેલવે સંરક્ષા પ્રત્યે પ્રતિબદ્ધતા : અમદાવાદ મંડળ દ્વારા રેલવે સંચાલનની સંરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે છે.

### ગુજરાતની આંગણવાડીની બહેનોએ સરહદના જવાનોની રક્ષા માટે ૪.૫૦ લાખથી વધુ રાખડીઓ મોકલી

અમદાવાદ |રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે દેશની સરહદો પર ખડેપગે રાત દિવસ ફરજ બજાવતા વીર જવાનો પ્રત્યે આદર, કૃતજ્ઞતા અને સ્નેહની લાગણી વ્યક્ત કરવા માટે આંગણવાડીની બહેનો દ્વારા રક્ષાના પ્રતિક રૂપે ૪.૫૦ લાખ રાખડીઓ જવાનોને મોકલવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં રક્ષાસૂત્ર કળશ સરહદી દળોના અધિકારીઓને પ્રતિકરૂપે અર્પણ કરવામાં આવ્યો હતો. સરહદના જવાનો પોતાના પરિવારથી દૂર રહીને માતૃભૂમિની સુરક્ષા માટે સમર્પિત છે. તેમની સદાય રક્ષાની ભાવના સાથે મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડો. મનિષાબેન વકીલના માર્ગદર્શનમાં આંગણવાડી બહેનોએ રક્ષાબંધન પર્વ નિમિત્તે આ રાખડીઓ મોકલાવી છે. દેશની સીમાઓ સાચવતા અને ઘર પરીવારથી દૂર રહેતા સેનાના જવાનોની રક્ષા માટે આંગણવાડી બહેનોએ આ રક્ષાસુત્ર બનાવ્યું છે. ભાઈ બહેનના પ્રેમનો પવિત્ર તહેવાર રક્ષાબંધન આ સૈનિકો સરહદ પર રહીને પણ મનાવી શકે અને માતાઓ બહેનો તેમની સાથે જોડાયેલી છે એવો અહેસાસ તેમને આપવાનો સરાહનીય પ્રયોગ "એક રાખી દેશ કે જવાનો કે નામ" અંતર્ગત ગુજરાત છેલ્લા ત્રણ વર્ષથી કરે છે.

# એએમએ દ્વારા નેચરોપેથ અતુલ શાહ સાથે એક ખાસ વેલનેસ ઈવનિંગનું આયોજન

અમદાવાદ | અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (એએમએ) દ્વારા ત્રિપદા એજ્યુકેશન ટ્રસ્ટ (ત્રિપદા પરિવાર) અને એસોસિએશન ફોર પ્રમોશન ઓફ પ્રોમિનન્ટ સ્કૂલ્સ (એ.ઓ.પી.એસ.)ના સહયોગથી બુધવાર, ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦થી ૮:૦૦ વાગ્યા દરમિયાન એએમએ કોમ્પ્લેક્સ ખાતે હોલિસ્ટીક લિવિંગ અર્થાત્ સમગ્રાત્મક જીવનશૈલી અને નૈસર્ગિક ઉપચાર પર આધારિત નેચરોપેથ અતુલ શાહના વિશેષ વક્તવ્ય સાથે એક ખાસ 'વેલનેસ ઈવનિંગ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપક્રમે જાણીતા નેચરોપેથ અને હેલ્થ કોચ શ્રી અતુલ શાહ પ્રાકૃતિક ઉપચાર, સમગ્ર સ્વાસ્થ્ય અને




સ્વસ્થ ભવિષ્યના નિર્માણ અંગે તેમના વિચારો રજૂ કરશે. એક સફળ ઉદ્યોગપતિ રહી ચૂકેલા શ્રી શાહે પાછળથી તેમનું ધ્યાન સ્વાસ્થ્ય તરફ કેન્દ્રિત કર્યું અને 'ઓજસ લાઈફ'ની સ્થાપના કરી– જે ભારત અને વિદેશમાં પ્રાકૃતિક ઉપચારના પ્રસાર માટે સમર્પિત એક મિશન છે. આપને આ કાર્યક્રમમાં જોડાવા હાર્દિક આમંત્રણ છે. કાર્યક્રમમાં ભાગ લેવા માટે અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે, અને રજીસ્ટ્રેશન પછી કન્ફર્મેશન ઈમેલ મોકલવામાં આવશે. વધુ વિગતો માટે કૃપા કરીને એએમએનો ૦૭૯-૨૬૩૦૮૬૦૧ પર સંપર્ક કરો અથવા એએમએ વેબસાઈટની મુલાકાત લો: www.amaindia.org

## રૂપિયો ફરી નબળો... ડોલર સામે ₹95.74: ક્રૂડ મોંઘું થતાં આયાતકારોની ચિંતા

# ઉદ્યોગ, રોકાણ, શેરબજાર, રૂપિયા, GIFT City અને MSME ક્ષેત્રની 15 મોટી હિલચાલ

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

ભારતીય રૂપિયાએ 25 ઓગસ્ટ 2026ના પ્રારંભિક કારોબારમાં ફરી નબળાઈ દર્શાવી હતી. ડોલર સામે રૂપિયો લગભગ 95.74 સુધી પહોંચી ગયો હતો. ઊંચા ક્રૂડ ઓઈલના ભાવ અને આયાતકારો તરફથી અમેરિકી ડોલરની વધતી માંગને કારણે ભારતીય ચલણ પર દબાણ સર્જાયું છે.આ સમાચાર માત્ર ફોરેક્સ માર્કેટ માટે મહત્વપૂર્ણ નથી. તેની સીધી અસર ભારતીય અર્થતંત્રના અનેક ક્ષેત્રો પર પડી શકે છે. ભારત પોતાની ઊર્જા જરૂરિયાતનો મોટો હિસ્સો આયાત કરે છે. જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ મોંઘું થાય અને સાથે રૂપિયા નબળો પડે ત્યારે ભારત માટે તેલની આયાતનું રૂપિયામાં ગણાતું બિલ વધુ વધી જાય છે.આનો સૌથી પહેલો પ્રભાવ પેટ્રોલિયમ ક્ષેત્ર પર પડે છે. ત્યારબાદ પરિવહન ખર્ચમાં વધારો થાય છે. ટ્રક, ટ્રેન, જહાજ અને હવાઈ પરિવહનના ખર્ચમાં વધારો થાય તો તેનો પ્રભાવ સમગ્ર સપ્લાય ચેઈન પર પડે છે.



### રૂપિયો નબળો પડવાનો બીજો પાસો નિકાસકારો માટે



રૂપિયો નબળો પડવાનો બીજો પાસો નિકાસકારો માટે છે. ભારતીય કંપનીને વિદેશમાં 1 મિલિયન ડોલરની આવક થાય તો ડોલરનો રૂપિયો ભાવ વધવાથી તેને રૂપિયામાં વધુ આવક મળે છે. તેથી IT, ફાર્મા, ટેક્સટાઈલ અને કેટલીક એન્જિનિયરિંગ કંપનીઓને નબળા રૂપિયાથી લાભ મળી શકે છે.પરંતુ આયાત આધારિત કંપનીઓ માટે સ્થિતિ વિપરીત હોય છે.આથી વર્તમાન સ્થિતિમાં ભારતીય કંપનીઓ માટે કરન્સી હેજિંગનું મહત્વ વધ્યું છે. આયાતકાર કંપનીઓ ડોલરની ભાવિ કિંમતને અગાઉથી નક્કી કરીને અચાનક વધતા ખર્ચથી પોતાને બચાવવાનો પ્રયાસ કરે છે.RBIની ભૂમિકા અહીં અત્યંત મહત્વપૂર્ણ બની જાય છે. 25 ઓગસ્ટે બજારના ટ્રેડર્સે પણ RBIની સતત દખલગીરીનો ઉલ્લેખ કર્યો હતો. Reutersના અહેવાલ મુજબ RBIની કામગીરીને કારણે રૂપિયા-ડોલરની દૈનિક ગતિ ઘણી મર્યાદિત રહી હતી.આગામી દિવસોમાં ક્રૂડના ભાવ અને વૈશ્વિક ભૂ-રાજકીય પરિસ્થિતિ રૂપિયા માટે મુખ્ય પરિબળ બની રહેશે.

## રક્ષાબંધન પર ઓરલ હાઈજીન અને સ્વસ્થ ટેવોનું મહત્વ સમજાવતા ડો. સોનિયા દત્તા

(એજન્સી) અમદાવાદ । તા. 25

રક્ષાબંધન એ ભાઈ-બહેન વચ્ચેના પ્રેમ, સંભાળ, ઉપહારો અને એકતાથી ભરેલા ખાસ સંબંધની ઉજવણી છે. મીઠાઈઓ અને ઉત્સવ આ પ્રસંગનો એક અભિન્ન ભાગ છે, પરંતુ તેની સાથે આ તહેવાર પરિવારના સભ્યો રોજિંદા જીવનમાં એકબીજાની સંભાળ કેવી રીતે રાખે છે તેની નાની પરંતુ અર્થપૂર્ણ રીતોની પણ યાદ અપાવે છે. પ્રસિદ્ધ ડેન્ટલ નિષ્ણાત ડો. સોનિયા દત્તાના જણાવ્યા અનુસાર, પરિવારો પેઢી દર પેઢી જે સૌથી મૂલ્યવાન ભેટ આપી શકે છે તે છે સારી



ઓરલ હાઈજીન (મોંની સ્વચ્છતા) ની ટેવ. 'દરેક પરિવારમાં એવી પરંપરાઓ હોય છે જે વર્ષોથી આગળ વધતી રહે છે. કેટલીક ઉજવણીઓ ખુલ્લેઆમ થાય છે, જ્યારે અન્ય ઉજવણીઓ વધુ ધ્યાન ખેંચ્યા વિના રોજિંદા જીવનનો એક ભાગ બની જાય છે.

દિવસમાં બે વાર બ્રશ કરવું, મોંની સ્વચ્છતા જાળવવી અને નિયમિત ડેન્ટલ કેરને પ્રોત્સાહન આપવા જેવી સરળ ટેવો અવારનવાર ઘરમાંથી જ શરૂ થાય છે અને તે માતાપિતા તરફથી બાળકોમાં અને ભાઈ-બહેન વચ્ચે આગળ વધે છે.'તેમણે વધુમાં ઉમેર્યું હતું કે બાળકો ઘણીવાર તેમની આસપાસના લોકોને જોઈને શીખે છે. 'દાંતની સંભાળની સ્વસ્થ ટેવો રાતોરાત બનતી નથી. તે પરિવારમાં સાતત્ય અને સકારાત્મક પ્રોત્સાહન દ્વારા ધીમે ધીમે વિકસે છે. નાની ઉંમરથી જ બાળકોને દાંત અને પેઢાની સંભાળનું મહત્વ સમજાવવામાં માતાપિતા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.'ઓરલ કેર માટે યોગ્ય ઉત્પાદનો પસંદ કરવાના મહત્વ પર ભાર મૂકતા ડો. દત્તાએ જણાવ્યું હતું કે આયુર્વેદિક ઉકેલો રોજિંદા ઓરલ હાઈજીનમાં મદદરૂપ થઈ શકે છે.

ડાબર રેડ ટૂથપેસ્ટમાં લાંબા સમય સુધી તાજગી આપતા પુદીના સત્વ (ફુદીનો), એન્ટિસેપ્ટિક અને એન્ટિબેક્ટેરિયલ ગુણધર્મો ધરાવતા તોમર બીજ (જે સ્વસ્થ પેઢા માટે મદદરૂપ છે) અને સફાઈ તેમજ એન્ટિબેક્ટેરિયલ ગુણો ધરાવતા મરીચ (કાળા મરી) જેવા ભરોસાપાત્ર આયુર્વેદિક ઘટકોનું મિશ્રણ છે.

ઈન્ડિયન ડેન્ટલ એસોસિએશન (IDA) ની માન્યતા ધરાવતી આ ટૂથપેસ્ટ પરિવારની દૈનિક ડેન્ટલ કેર દિનચર્યાનો એક નિર્ભર ભાગ બને છે.ડો. દત્તાએ અંતમાં જણાવ્યું હતું કે, 'જ્યારે પરિવારો રક્ષાબંધનની ઉજવણી કરવા માટે એકઠા થાય છે, ત્યારે એ યાદ રાખવું યોગ્ય છે કે સંભાળનું સૌથી અર્થપૂર્ણ કાર્ય મોટાભાગે સૌથી સરળ હોય છે. આજે ભાઈ-બહેન કે બાળકને દાંતની સારી સંભાળ રાખવાની ટેવ પાડવા પ્રોત્સાહિત કરવાથી આગામી વર્ષો સુધી તેમનું સ્મિત સ્વસ્થ રહી શકે છે.'

## 15 મહિનામાં એસેટ્સ બમણી થઈ

# બજાજ ફિનસર્વ ફ્લેક્સી કેપ ફંડે 3 વર્ષ પૂર્ણ કર્યા

(એજન્સી) મુંબઈ । તા. 25

બજાજ ફિનસર્વ મ્યુચ્યુઅલ ફંડે આજે તેના મુખ્ય ફંડ બજાજ ફિનસર્વ ફ્લેક્સી કેપ ફંડની ત્રીજી વર્ષગાંઠની ઉજવણી કરી. આ એક ઓપન-એન્ડેડ ઈક્વિટી સ્કીમ છે, જે એક વિશિષ્ટ મેગાટ્રેન્ડ્સ વ્યૂહરચના દ્વારા લાર્જ કેપ, મિડ કેપ અને સ્મોલ કેપ શેરોમાં રોકાણ કરે છે. 14 ઓગસ્ટ 2023ના રોજ શરૂ થયા બાદ, ફંડના ડાયરેક્ટ પ્લાન-ગ્રોથ વિકલ્પે 13 ઓગસ્ટ 2026 સુધીમાં 18.21% સીએજીઆર આપ્યો છે, જ્યારે તેના બેન્ચમાર્ક બીએસઈ 500 ટી આર આઈ એ 12.74% સીએજીઆર આપ્યો છે. એટલે કે ફંડે બેન્ચમાર્ક કરતાં 5.47 ટકાના પોઈન્ટનું વધુ વળતર આપ્યું છે. આ જ સમયગાળા દરમિયાન રેગ્યુલર પ્લાન-ગ્રોથ વિકલ્પે 16.59% સીએજીઆર આપ્યો છે.14 ઓગસ્ટ

BAJAJ ASSET MANAGEMENT

2023થી 13 ઓગસ્ટ 2026 સુધીના સમગ્ર બજાર ચક્ર દરમિયાન ડાયરેક્ટ પ્લાન-ગ્રોથ એ 65.2% સંપૂર્ણ વળતર આપ્યું છે, જ્યારે બીએસઈ 500 ટી આર આઈ એ 43.3% વળતર આપ્યું છે. આ જ સમયગાળામાં રેગ્યુલર પ્લાન-ગ્રોથ વિકલ્પે 58.5% વળતર આપ્યું છે.13 ઓગસ્ટ 2026ના રોજ, શરૂઆતમાં ડાયરેક્ટ પ્લાનમાં કરવામાં આવેલ 10,000નું રોકાણ વધીને 16,513 થયું હોત. તેની સરખામણીમાં બીએસઈ 500 ટી આર આઈમાં આ રકમ 14,325 અને ફંડના વધારાના બેન્ચમાર્ક Nifty 50 ટી આર આઈમાં 13,003 થઈ હોત. આ જ રકમનું રેગ્યુલર પ્લાન-ગ્રોથમાં રોકાણ કર્યું હોત તો તે વધીને 15,843 થયું હોત. બજારના વિવિધ ચક્રોમાં સતત કામગીરી: ફંડે જોખમની સરખામણીએ સારું વળતર આપ્યું છે. તેનો શાર્પ ગુણોત્તર 0.82 રહ્યો છે, જ્યારે બીએસઈ 500 ટી આર આઈ માટે તે 0.50 છે. આ દર્શાવે છે કે બેન્ચમાર્કની સરખામણીએ ફંડનું જોખમ અને વળતરનું સંતુલન સારું રહ્યું છે. ફંડનું પ્રમાણભૂત વિચલન (સ્ટાન્ડર્ડ ડેવિએશન) 13.24 રહ્યું છે, જે બેન્ચમાર્કના 14.22 કરતાં ઓછું છે. શરૂઆતથી ફંડનો Jensen's Alpha (જેન્સન આલ્ફા) 4.48% રહ્યો છે. આ તમામ આંકડા દર્શાવે છે કે ફંડે જોખમને નિયંત્રિત રાખીને વળતર મેળવવા માટે શિસ્તબદ્ધ અભિગમ અપનાવ્યો છે.રોકાણકારોનો વધતો વિશ્વાસ : 31 જુલાઈ 2026ના રોજ ફંડની કુલ મેનેજમેન્ટ હેઠળની સંપત્તિ (એયુએમ) 8,149.81 કરોડ હતી અને કુલ 3,22,231 રોકાણકાર ફોલિયો હતા.13 ઓગસ્ટ 2026ના રોજ ડાયરેક્ટ પ્લાન-ગ્રોથની એનએવી 16.52 અને રેગ્યુલર પ્લાન-ગ્રોથની એનએવી 15.85 હતી.

## મોમ્સ બિલીફ બ્રાન્ડ હેઠળ કામ કરતી કંપની રેઝ ઓફ બિલીફ લિમિટેડનો આઈપીઓ 1 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે

મોમ્સ બીલિફ બ્રાન્ડ હેઠળ કાર્યરત રેઝ ઓફ બિલીફ લિમિટેડ, તેના 10ની મૂળ કિંમત ધરાવતા ઈક્વિટી શેરનો આઈપીઓ (ઈસ્યુ) મંગળવાર, 1 સપ્ટેમ્બર 2026ના રોજ ખોલવાનો પ્રસ્તાવ ધરાવે છે. એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડિંગની તારીખ બીડ/આઈપીઓ ખુલવાના એક વર્કિંગ ડે અગાઉ એટલે કે સોમવાર, 31 ઓગસ્ટ 2026 છે. આ આઈપીઓ ગુરૂવાર, 3 સપ્ટેમ્બર 2026ના રોજ બંધ થશે.

# RBIનું ફોરેક્સ મેનેજમેન્ટ: બજારમાં ડોલરની ઉપલબ્ધતા વધારવાનો પ્રયાસ



(એજન્સી) મુંબઈ । તા. 25

ભારતીય રિઝર્વ બેન્ક છેલ્લા કેટલાક સમયથી ચલણ બજારમાં સક્રિય રીતે પ્રવૃત્તિ કરી રહી છે. તેનું મુખ્ય કારણ માત્ર રૂપિયાને કોઈ ચોક્કસ સ્તરે રાખવું નથી, પરંતુ બજારમાં અતિશય અસ્થિરતા અટકાવવી પણ છે.તાજેતરના અહેવાલો અનુસાર જૂનથી 21 ઓગસ્ટ વચ્ચે RBIની વિવિધ ફોરેક્સ કામગીરીના પરિણામે આશરે $73 અબજ જેટલા ડોલરનો પ્રવાહ બેન્કિંગ સિસ્ટમમાં આવ્યો હતો. Reutersએ પણ નોંધ્યું છે કે RBIની સતત કામગીરીને કારણે રૂપિયાની અસ્થિરતા ઘટી છે અને વિદેશી મુદ્રા ભંડાર રેકોર્ડ સ્તરની નજીક છે.અહીં એક મહત્વપૂર્ણ વાત સમજવી જરૂરી છે: કેન્દ્રીય બેન્ક સામાન્ય રીતે રૂપિયાને કોઈ ચોક્કસ ભાવ પર કાયમ માટે સ્થિર રાખતી નથી. તેનું મુખ્ય ધ્યાન બજારમાં અચાનક અને અતિશય ઉતાર-ચઢાવને રોકવા પર રહે છે.જો રૂપિયા થોડા જ દિવસોમાં ખૂબ ઝડપથી નબળો પડે તો આયાતકારો માટે ખર્ચનું આયોજન મુશ્કેલ બને છે. જો ચલણ ખૂબ ઝડપથી મજબૂત થાય તો નિકાસકારો પર દબાણ આવી શકે છે.આથી RBI માટે સંતુલન જાળવવું જરૂરી છે.વિદેશી મુદ્રા ભંડાર પણ ભારતની આર્થિક સુરક્ષા માટે મહત્વપૂર્ણ છે. ઊંચું ફોરેક્સ રિઝર્વ દેશને આયાત માટે ચૂકવણી કરવાની અને વૈશ્વિક નાણાકીય આંચકાઓ સામે રક્ષણ આપવાની ક્ષમતા આપે છે.પરંતુ બજારમાં RBIની દખલગીરીનો ખર્ચ અને તેના લાંબા ગાળાના પરિણામો અંગે પણ ચર્ચા થાય છે. બજારના ખેલાડીઓ માટે નીતિની પારદર્શિતા અને ભવિષ્યની દિશા સમજવી મહત્વપૂર્ણ છે.તાજેતરમાં RBIની કમ્યુનિકેશન અંગે પણ રોકાણકારોમાં ચર્ચા જોવા મળી છે. Reutersએ ઓગસ્ટમાં RBIના વિવિધ સંદેશાઓ વચ્ચે કેટલીક અસંગતતા અંગે બજારની ચિંતા દર્શાવી છે.ભારતીય બિઝનેસ માટે આનો અર્થ એ છે કે આવનારા સમયમાં વ્યાજદર, રૂપિયા અને ફોરેક્સ પોલિસી પર બજારની નજર વધુ રહેશે.

## ગુજરાતની નવી Industrial Policy 2026: મેન્યુફેક્ચરિંગને નવી દિશા

(એજન્સી) ગાંધીનગર । તા. 25



ગુજરાતની નવી Industrial Policy 2026માં મેન્યુફેક્ચરિંગ, નિકાસ, સંશોધન અને વિકાસ, ગ્રીન ઈન્ડસ્ટ્રી, MSME અને મોટા ઔદ્યોગિક પ્રોજેક્ટને પ્રોત્સાહન આપવાની દિશામાં અનેક જોગવાઈઓ રજૂ કરવામાં આવી છે. આ નીતિ 1 જૂન 2026થી પાંચ વર્ષ માટે અમલમાં છે.ગુજરાત પહેલેથી જ કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ, ફાર્મા, ઓટોમોબાઈલ, એન્જિનિયરિંગ અને ટેક્સટાઈલ જેવા ક્ષેત્રોમાં મજબૂત ઔદ્યોગિક આધાર ધરાવે છે. નવી નીતિનો ઉદ્દેશ્ય આ પરંપરાગત ક્ષેત્રોને આગળ વધારવાની સાથે નવી ટેકનોલોજી આધારિત ઈન્ડસ્ટ્રી ઉભી કરવાનો છે.વિશ્વની સપ્લાય ચેઈનમાં વૈવિધ્ય લાવવાની કંપનીઓની નીતિથી ભારતને મેન્યુફેક્ચરિંગ રોકાણ મેળવવાની તક મળી રહી છે. ગુજરાત તેના બંદરો, ઔદ્યોગિક કોરિડોર, માર્ગ અને રેલ કનેક્ટિવિટી તથા રોકાણકાર મૈત્રીપૂર્ણ માળખાને કારણે આ તકનો લાભ લેવા માગે છે.આ નીતિનો વાસ્તવિક લાભ કેટલા રોકાણ પ્રોજેક્ટ જમીન પર આવે છે અને કેટલા નવા રોજગાર સર્જાય છે તેના આધારે માપી શકાશે.

### અમદાવાદનું ઔદ્યોગિક અર્થતંત્ર વધુ વૈવિધ્યસભર બની રહ્યું છે

**અમદાવાદ | અમદાવાદનો ઔદ્યોગિક વિકાસ હવે માત્ર પરંપરાગત ઉદ્યોગો સુધી મર્યાદિત રહ્યો નથી. મેન્યુફેક્ચરિંગ સાથે ઓટોમોબાઇલ અને EV, સેમિકન્ડક્ટર, ફાર્માસ્યુટિકલ્સ, એન્જિનિયરિંગ, સ્ટાર્ટઅપ અને અન્ય ટેકનોલોજી ક્ષેત્રોમાં પણ શહેરની ભૂમિકા વધી રહી છે. અમદાવાદની સૌથી મોટી તાકાત તેનું MSME આધારિત ઔદ્યોગિક ઇકોસિસ્ટમ છે. નાના અને મધ્યમ ઉદ્યોગો મોટા ઉદ્યોગોને ઘટકો, સેવાઓ અને કોન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરિંગ સપોર્ટ પૂરો પાડે છે. આ કારણે નવા મોટા પ્રોજેક્ટ આવે ત્યારે સ્થાનિક સપ્લાય ચેઇન વિકસવાની શક્યતા રહે છે. EV અને સેમિકન્ડક્ટર જેવા નવા ક્ષેત્રો માટે કુશળ માનવબળ સૌથી મોટું પરિબળ બની શકે છે.**

# TVS મોટર MillionR સ્પેશિયલ એડિશન સાથે એક મિલિયન TVS iQube ફેમિલિની ઉજવણી કરે છે

(એજન્સી) બેંગલુરુ । તા. 25

TVS iQube માટે એક મિલિયન (દસ લાખ) ગ્રાહકોની સીમાચિન્હરૂપ સપાટીના આધાર પર આગળ વધતા TVS VENUનો ભાગ અને ટુ-વ્હીલર તથા થ્રી-વ્હીલર વાહનોનું ઉત્પાદન કરતી વિશ્વની પ્રતિષ્ઠિત TVS મોટર કંપનીએ આજે TVS iQube MillionR સ્પેશિયલ એડિશન રજૂ કર્યું છે. એક મિલિયન (દસ લાખ) ગ્રાહકોના ભરોસા અને વિશ્વાસથી પ્રેરિત થઈ TVS iQubeની સાથે ઈલેક્ટ્રિક મોબિલિટીને અપનાવેલ છે તેણે નવી MillionR એડિશન એ ઉપલબ્ધિની શાનદાર ઉજવણી છે અને TVS iQube ભારતમાં ફેવરાઈટ ફેમિલી EV તરીકેના સ્થાનને વધારે મજબૂત કરે છે.TVS મોટરના EV પોર્ટફોલિયોમાં મુખ્ય ઈલેક્ટ્રિક સ્કૂટર તરીકે TVS iQubeએ ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર કેટેગરીમાં કંપનીની લીડરશિપને મજબૂત કરવામાં અત્યંત મહત્વની ભૂમિકા ભજવી છે.તેણે આ વર્ષે બજાર હિસ્સેદારીની બાબતમાં TVS મોટરને નંબર 1 પ્લેયર બનાવવામાં મહત્વનું યોગદાન આપ્યું છે. લોકપ્રિય TVS iQube 3.5 kWh વેરિએન્ટ પર આધારિત MillionR સ્પેશિયલ એડિશન 145 કિમીની IDC રેન્જ આપે છે.



**TVS iQubeના 10 લાખ ગ્રાહકો પૂર્ણ :** એક મિલિયન (દસ લાખ) ગ્રાહકોના ભરોસા અને વિશ્વાસથી પ્રેરિત થઈ TVS iQubeની સાથે ઈલેક્ટ્રિક મોબિલિટીને અપનાવેલ છે તેણે નવી MillionR એડિશન એ ઉપલબ્ધિની શાનદાર ઉજવણી છે અને TVS iQube ભારતમાં ફેવરાઈટ ફેમિલી EV તરીકેના સ્થાનને વધારે મજબૂત કરે છે.

**TVS મોટરના ઘણા લાંબા સમયથી લોકપ્રિયતા ધરાવતી ફ્લેગશિપ સ્કૂટર બ્રાન્ડ TVS જ્યુપિટરથી લઈ ભારતની ફેવરાઈટ ફેમિલી EV TVS iQube સુધી કંપનીએ આ ઇનસાઈટ્સને વિવિધ પાવરટ્રેન ધરાવતા મોબિલિટી સોલ્યુશનમાં તબદિલ કરવાનું જાળવી રાખ્યું છે.**

આ લોંચ અંગે ટિપ્પણી કરતા TVS મોટર કંપનીના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ-હેડ કમ્યુટર અને EV બિઝનેસ અને હેડ કોર્પોરેટ બ્રાન્ડ અને મીડિયા શ્રી અનિરુદ્ધ હલદરે જણાવ્યું હતું કે, 'TVS મોટરે ભારતના સ્કૂટરાઈઝેશનમાં અત્યંત મહત્વની ભૂમિકા ભજવી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં એવા મોબિલિટી સોલ્યુશનનું સર્જન કરવા પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે કે જે ભારતીય પરિવારોને આગળ વધારે છે પછી તે ડ્રાઈવટ્રેન કોઈ પણ હોય અને તેની સાથે અમે પ્રાસંગિકતા, વિશ્વસનીયતા અને વધારે સારી ક્વૉલિટી પ્રત્યે કટિબદ્ધ રહે છે. TVS જ્યુપિટરની 90 લાખ એટલે કે 9 મિલિયનની ઉપલબ્ધિ અને TVS iQubeના 10 લાખ (1 મિલિયન)ના માઈલસ્ટોન આ જર્નીમાં અત્યંત મહત્વનું સીમાચિન્હરૂપ ચેપ્ટર છે, જે ભારતીય પરિવારોની જરૂરિયાતો સાથે આગળ વધવા પર અમારા ફોકસને વધારે મજબૂત બનાવે છે. વર્ષ 2016માં TVS જ્યુપિટરે MillionR એડિશન સાથે 10 લાખ ગ્રાહકો સુધી પહોંચવાના પ્રસંગની ઉજવણી કરી હતી. આજે TVS iQube પણ તેના MillionR એડિશન સાથે આ ઉમદા વારસામાં સામેલ થઈ રહેલ છે, કારણ કે તેમની કોમ્યુનિટી 10 લાખ (એક મિલિયન) ગ્રાહકો સુધી પહોંચી ગઈ છે. હું એવા તમામ ગ્રાહકોનો આભાર વ્યક્ત કરું છું કે જેમણે TVS iQube પર પોતાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.તેમનો આ વિશ્વાસ ભારતમાં ઈલેક્ટ્રિક મોબિલિટીની પ્રગતિને દર્શાવે છે અને અમે પરિવારોને આગળ વધારતા રહેવા માટે સતત પ્રેરિત કરે છે.

# ગેલેક્સી Z ફોલ્ડ8 અલ્ટ્રા, Z ફોલ્ડ8ની કિંમતો મેમરી ખર્ચમાં વધારો થવાથી વધી શકે છે

(એજન્સી) મુંબઈ । તા. 25

દેશના અગ્રણી રિટેઈલર્સના મતે સેમસંગના નવા ફોલ્ડેબલ સ્માર્ટફોન ગેલેક્સી Z ફોલ્ડ8 અલ્ટ્રા, ગેલેક્સી Z ફોલ્ડ8 અને ગેલેક્સી Z ફ્લિપ8 ભારતમાં મોંઘા થઈ શકે છે. રૂ. 1.25 લાખથી રૂ. 2.60 લાખની વચ્ચે કિંમત ધરાવતા નવા સેમસંગ ફોલ્ડેબલ સ્માર્ટફોન અત્યાર સુધીનો સૌથી શુદ્ધ ફોલ્ડેબલ અનુભવ લાવે છે, જે હેતુ-નિર્મિત ગેલેક્સી AIને હિન્જ ડિઝાઈન, ડિસ્પ્લે, ટકાઉપણું અને પ્રદર્શનમાં પ્રગતિશીલ એન્જિનિયરિંગ સાથે જોડે છે.4.1 મીમીનું માપન કરતી વખતે ગેલેક્સી Z ફોલ્ડ8 અલ્ટ્રા સેમસંગનો અત્યાર સુધીનો સૌથી પાતળો ગેલેક્સી Z ફોલ્ડ છે. બીજી તરફ ગેલેક્સી Z ફોલ્ડ8નું વજન ફક્ત 201 ગ્રામ છે, જે તેને સેમસંગનો અત્યાર સુધીનો સૌથી હલકો ફોલ્ડ બનાવે છે.ગેલેક્સી Z ફોલ્ડ8 અલ્ટ્રા, ગેલેક્સી Z ફોલ્ડ8 અને ગેલેક્સી Z ફ્લિપ8એ ભારતમાં વિક્રમી પ્રી-ઓર્ડર મેળવ્યા છે, સેમસંગ ઈન્ડિયાના જણાવ્યા અનુસાર લગભગ 2.71 લાખ ગ્રાહકોએ લોન્ચ થયાના ફક્ત 72 કલાકમાં આ સ્માર્ટફોનનો પ્રી-ઓર્ડર આપ્યો છે. આ મહિનાની શરૂઆતમાં ડિવાઈસીસનું વેચાણ ઝડપથી શરૂ થયું હતું, પરંતુ રિટેઈલર્સને ડર છે કે સ્માર્ટફોન માટે મહત્ત્વપૂર્ણ ઘટક મેમરી ચિપ્સની અભૂતપૂર્વ માગણીને કારણે ભાવમાં વધારો થવાની શક્યતા છે.સેમસંગે ગયા મહિને કહ્યું હતું કે તે ગ્રાહકોના હિતને ધ્યાનમાં રાખીને સ્માર્ટફોનની વધતી કિંમતને મોટા પ્રમાણમાં શોષી રહી છે. કંપનીએ ભારતમાં ગેલેક્સી Z ફોલ્ડ8 અલ્ટ્રા, ગેલેક્સી Z ફોલ્ડ8 અને ગેલેક્સી Z ફ્લિપ8 ખરીદદારો માટે લાંબા ગાળાની શૂન્ય-ખર્ચ EMI પણ શરૂ કરી છે.જો તમે સરખામણી કરો કે તેમણે (સ્પર્ધકો) ભાવમાં કેટલો વધારો કર્યો છે તો સેમસંગનો વધારો સ્પર્ધકો કરતાં પ્રમાણમાં ઓછો છે, કારણ કે અમે ખર્ચ શોષી રહ્યા છીએ. એટલા માટે નહીં કે અમે બજાર હિસ્સો જાળવી રાખવા અથવા બજાર હિસ્સો વધારવા માગીએ છીએ, પરંતુ એક એવી કંપની તરીકે જે શ્રેષ્ઠ ડિવાઈસીસ પ્રદાન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. 2026માં અમે જે નુકસાન સહન કરી રહ્યા છીએ તે ખૂબ મોટું છે," એમ સેમસંગ સાઉથવેસ્ટ એશિયાના પ્રમુખ અને સીઈઓ જેબી પાર્કે લંડનમાં નવા ગેલેક્સી ફોલ્ડેબલ્સના લોન્ચ સમયે જણાવ્યું હતું.

## GIFT Cityમાં નાણાકીય સેવાઓનું ઇકોસિસ્ટમ વિસ્તરી રહ્યું છે

(એજન્સી) ગાંધીનગર । તા. 25

ગાંધીનગર નજીક આવેલી GIFT City ભારતના આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓના મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે વિકસાવવાનો પ્રયાસ કરી રહી છે. GIFT Cityના સત્તાવાર આંકડા અનુસાર અહીં બેન્કો, કેપિટલ માર્કેટ મધ્યસ્થીઓ અને વૈકલ્પિક રોકાણ ફંડ સહિત 725થી વધુ સંસ્થાઓ હાજરી ધરાવે છે.GIFT Cityનો મુખ્ય હેતુ ભારતીય નાણાકીય પ્રવૃત્તિઓને વૈશ્વિક ધોરણના આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્દ્ર સાથે જોડવાનો છે. વિદેશી ચલણમાં વ્યવહાર, વૈકલ્પિક રોકાણ, કેપિટલ માર્કેટ અને આંતરરાષ્ટ્રીય બેન્કિંગ જેવી પ્રવૃત્તિઓ માટે આ વિસ્તાર મહત્વપૂર્ણ બની રહ્યો છે.ગુજરાત માટે GIFT Cityનો વિકાસ અનેક રીતે મહત્વપૂર્ણ છે. એક તરફ નાણાકીય ક્ષેત્રમાં રોજગાર ઊભો થાય છે, તો બીજી તરફ આંતરરાષ્ટ્રીય કંપનીઓ માટે ગુજરાતની ઓળખ મેન્યુફેક્ચરિંગથી આગળ વધીને નાણાકીય સેવાઓના કેન્દ્ર તરીકે પણ બને છે.આગામી વર્ષોમાં વધુ વૈશ્વિક નાણાકીય સંસ્થાઓ અહીં આવે તો ગુજરાતના સર્વિસ સેક્ટર અને ઉચ્ચ કૌશલ્યવાળા રોજગારને મોટો વેગ મળી શકે છે.

## પીપીએફએએસ ગિફ્ટે આઉટબાઉન્ડ પેસિવ ફંડ્સમાં લઘુતમ રોકાણ ઘટાડીને US$500 કર્યું

મુંબઈ | પીપીએફએએસની ગિફ્ટ સિટી સ્થિત ફંડ મેનેજમેન્ટ કંપની પીપીએફએએસ ઓલ્ટરનેટ એસેટ મેનેજર્સ આઈએફએસસી પ્રાઈવેટ લિમિટેડ (પીપીએફએએસ ગિફ્ટ) દ્વારા તેનાં બે આઉટબાઉન્ડ પેસિવ ફંડ્સ - પરાગ પરીખ આઈએફએસસી એસએન્ડપી 500 ફંડ ઓફ ફંડ અને પરાગ પરીખ આઈએફએસસી નાસ્ડાક 100 ફંડ ઓફ ફંડ માટે લઘુતમ પ્રારંભિક રોકાણમાં નોંધપાત્ર ઘટાડો કરવાની જાહેરાત કરી છે, જે આજથી અમલમાં આવશે.આ પગલાંનો હેતુ સ્થાનિક બજારોની બહાર તેમના પોર્ટફોલિયોમાં વૈવિધ્યીકરણ કરવા માગતા પાત્ર ભારતીય રોકાણકારો માટે વૈશ્વિક રોકાણને વધુ સુલભ બનાવવાનો છે. સુધારિત લઘુતમ રોકાણ સાથે મોટા ભાગના રિટેઈલ રોકાણકારો હવે નોંધપાત્ર રીતે ઓછી એન્ટ્રી થ્રેસહોલ્ડ પર આ વૈશ્વિક ઈન્ડેક્સ-લિંક્ડ રોકાણ વ્યૂહરચનાઓનો ઉપયોગ કરી શકે છે.પીપીએફએએસના બિઝનેસ ડેવલપમેન્ટ (ઓલ્ટર્નેટિવ્ઝ)નાં પ્રમુખ હેમા ઠક્કરે જણાવ્યું હતું કે, "અમે અમારાં આઉટબાઉન્ડ પેસિવ ફંડ્સ લોન્ચ કર્યાં હતાં ત્યારે ઉદ્દેશ રોકાણકારોને ગિફ્ટ સિટી દ્વારા વૈશ્વિક બજારોમાં ભાગ લેવા માટે એક સરળ અને પારદર્શક માર્ગ પૂરો પાડવાનો હતો.

## PVR INOXમાં શેર બાયબેકની શક્યતા, 31 ઓગસ્ટે બોર્ડ બેઠક

(એજન્સી) મુંબઈ । તા. 25

મલ્ટિપ્લેક્સ કંપની PVR INOXના બોર્ડની 31 ઓગસ્ટે શેર બાયબેકના પ્રસ્તાવ પર વિચારણા કરવા બેઠક યોજાવાની છે. કંપનીએ હજુ બાયબેકના શેરોની સંખ્યા અથવા ઓફર કિંમત જાહેર કરી નથી.શેર બાયબેક સામાન્ય રીતે ત્યારે કરવામાં આવે છે જ્યારે કંપની પોતાના શેરનું મૂલ્યાંકન આકર્ષક માને અથવા વધારાની રોકડને શેરધારકો સુધી પહોંચાડવા માગતી હોય. જો બાયબેક મંજૂર થાય તો કંપનીની મૂડી રચના અને શેરદીઠ કમાણી પર અસર થઈ શકે છે.PVR INOX માટે બાયબેકની ચર્ચા એવા સમયે થઈ રહી છે જ્યારે મનોરંજન ઉદ્યોગમાં OTT પ્લેટફોર્મ, મોટા બજેટની ફિલ્મો, પ્રીમિયમ સ્ક્રીન અને ગ્રાહક ખર્ચ જેવા પરિબળો મહત્વપૂર્ણ છે.રોકાણકારો હવે 31 ઓગસ્ટની બોર્ડ બેઠકમાં બાયબેકનું કદ, ભાવ અને અન્ય શરતો અંગેની વિગતોની રાહ જોઈ રહ્યા છે. અંતિમ નિર્ણય આવ્યા પછી જ કંપનીના શેર પર તેની વાસ્તવિક અસરનું મૂલ્યાંકન કરી શકાશે.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
WEDNESDAY • 26-08-2026

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, શ્રાવણ સુદ-14

# મોદી સરકારે મંત્રીઓના બંગલા ચમકાવવા માટે કરોડો ખર્ચ્યાં

નવીદિલ્હી : દિલ્હીમાં ક્રિકેટ મેદાન જેટલા મોટા કેમ્પસોમાં મંત્રીઓના બંગલાઓ આવ્યા છે. ફક્ત મંત્રીઓના જ નહીં, સિનિયર ન્યાયાધીશો અને અધિકારીઓના બંગલાઓ પણ જાહોજલાલીવાળા છે. કોકરોચ જનતા પાર્ટીએ દિલ્હીના કેન્દ્રીય મંત્રીઓના સરકારી બંગલાઓની સજાવટ પાછળ થતા ખર્ચાની ટીકા કરી છે. સીજેપીનું કહેવું છે કે જે રકમ મંત્રીઓના આલીશાન બંગલાઓને સજાવવા માટે ખર્ચાય છે એમાંથી સરકારી સ્કૂલોને સુધારી શકાય છે.આરટીઆઈ દ્વારા મેળવેલા આંકડા પ્રમાણે છેલ્લા ૧૨ વર્ષોમાં કેન્દ્રીય મંત્રીઓના રહેઠાણો સજાવવા માટે કુલ રૂપિયા ૫૪૭.૯૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.છેલ્લા વર્ષોમાં આ ખર્ચ ૯૨ કરોડનો થયો છે. ૨૦૧૪ - ૧૫માં આ ખર્ચ રૂ. ૨૭ કરોડનો હતો.આ રકમ ૨૦૨૫-૨૬માં વધીને ૯૨ કરોડ સુધી પહોંચી ગઈ છે.જંતર મંતર પર મહિલાઓના યૌન શોષણની તપાસ પહેલા થશેસીજેઆઈ સૂર્યકાંતે સ્પષ્ટ કર્યું છે કે, જંતર મંતર પર થયેલા પ્રદર્શન દરમિયાન પોલીસ હિંસાના આરોપોની તપાસ કરી રહેલી કમીટી સૌથી પહેલા દેખાવકારોએ મુકેલા યૌન શોષણના આરોપોની તપાસ સૌથી પહેલા કરશે. સીજેઆઈએ કહ્યું હતું કે ૧૮મી ઓગસ્ટના હુકમ અનુસાર કમીટીએ મહિલા દેખાવકારોની વિરૂદ્ધ થયેલી યૌન હિંસા, શોષણ, છેડછાડ અને અન્ય પ્રકારની હિંસા સાથે જોડાયેલી ફરિયાદોની તપાસ તાત્કાલિક કરીને છેવટનો રીપોર્ટ દાખલ કરવા માટે કહેવામાં આવ્યું છે. સિનિયર એડવોકેટ શોભા ગુપ્તાએ જંતર મંતર ખાતે થયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન મહિલાઓ પર થયેલા અત્યાચાર બાબતે સુપ્રિમ કોર્ટને સુઓ મોટો કરવા આગ્રહ કર્યો હતો. આ મામલો અતિ સંવેદનશીલ છે, કારણ કે જો પોલીસ કર્મચારીઓ પર યૌન શોષણનો કેસ ચાલે તો પોલીસ બેડામાં ભારે ચકચાર થાય એમ છે.ભારે વિરોધ પછી વિજયની પીછેહટ : તામિલનાડુના મુખ્યમંત્રી જોસેફ વિજય કોઈપણ બાબતનો વિરોધ થાય એટલે તરત જ સમાધાન કરી લે છે. તેઓ કોઈપણ વિરોધને આગળ વધવા દેતા નથી. ચેન્નઈની પાસે નવા એરપોર્ટ બનાવવાનો પ્રસ્તાવ હતો. આ પરિયોજના હવે રદ કરવામાં આવી છે. જોકે ત્યાર પછી સત્તામાં રહેલા પક્ષ તમિલગા વેતરી કઝગમ (ટીવીકે) અને મુખ્ય વિરોધ પક્ષ ડીએમકે વચ્ચે ટકરાવ વધી ગયો છે. પ્રોજેક્ટનો વિરોધ સ્થાનીક લોકો અને ખેડૂતો ઘણા સમયથી કરી રહ્યા હતા. વિરોધ કરી રહેલા લોકોના સમર્થનમાં વિજય પહેલેથી જ હતા. રાજ્યની રાજધાની ચેન્નઈથી લગભગ ૭૦ કીમી દૂર કરમદુરમાં ગ્રીન ફિલ્ડ એરપોર્ટના વિરોધમાં પર્યાવરણ સંબંધી ચિંતા તેમજ કૃષિને નુકસાન થાય એવો ડર પણ હતો. વિજયએ ખેડૂતોને ખુશ કરવા જ કહ્યું હતું કે ખેડૂતોના ભોગે કોઈ પણ ભવ્ય વિકાસ થશે નહીં.'૧૯૭૧ના યુદ્ધમાં અમે પાકિસ્તાની સૈન્યની બહાદુરી જોઈ ચૂક્યા છીએ' : પાકિસ્તાનની એમએનએસ પાર્ટીના સાંસદ મૌલાના ફઝલુર રહેમાનએ શહબાઝ શરીફ સરકાર અને અસીમ મુનીરની સૈન્યના નેતૃત્વ વિશે કડવી વાત જાહેરમાં કરી છે. ફઝલુર રહેમાનએ સૈન્ય પ્રમુખ અસીમ મુનીરને ટાર્ગેટ કરતા કહ્યું હતું કે દેશમાં શાંતિ સ્થાપવામાં તેઓ નિષ્ફળ ગયા છે. પાકિસ્તાનનું સૈન્ય ગપ્પા મારવામાં પણ એક ઈતિહાસ રચી રહ્યું છે. ૧૯૭૧માં ભારત સામે આત્મસમર્પણ કરવાના એક દિવસ પહેલા જનરલ યાહિયા ખાનએ કહ્યું હતું કે, અમે કોઈપણ સંજોગોમાં લડતા રહીશું. આ ડંફાસના બીજા જ દિવસે એમણે ભારત સમક્ષ હથિયારો મૂકી દીધા હતા. આજે પણ ફક્ત નિવેદનબાજી થઈ રહી છે. જમીયત ઉલેમા-એ-ઇસ્લામ (ફઝલ)ના પ્રમુખ અને મૌલાના ડીઝલ તરીકે ઓળખાતા રહેમાનની વાતનો કેવો પડઘો પડે છે એ જોવું રહ્યું. જજને પ્રભાવિત કરવા તેમજ ધમકાવવાની કોશિષ : અલ્હાબાદ હાઈકોર્ટે સિનિયર આઈએએસ અધિકારી અને દેવી પાટણ મંડળના કમિશનર દુર્ગા શક્તિ નાગપાલના વ્યવહાર માટે ક્રિમિનલ કન્ટેમ્પ્ટ જોનાર કોર્ટ પાસે કેસ મોકલી આપ્યો છે. એક જજનો આરોપ હતો કે કમિશનરે પેન્ડીંગ સિવિલ કેસ બાબતે એમને ફોન પર પ્રભાવિત કરવા અને ધમકાવવાની કોશિષ કરી હતી.

# ડીસામાં અખાદ્ય મરચાંનો જથ્થો ઝડપાયો : લોકોના આરોગ્ય સાથે ચેડાં કરનાર વેપારી સામે સકંજો



માહીતી બ્યુરો, પાલનપુર

જાહેર જનતાના સ્વાસ્થ્યની સુરક્ષા માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, પાલનપુર વર્તુળ કચેરી દ્વારા ડીસા ખાતે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. 23 ઓગસ્ટ, 2026ના રોજ ડેઝિગ્નેટેડ ઓફિસર શ્રી ટી. એચ. પટેલને મળેલી ચોક્કસ બાતમીના આધારે ડીસા GIDC પ્લોટ નં. 51 ખાતે આવેલી મેસર્સ શ્રી દર્શન માર્કેટિંગ પેઢી પર દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન પેઢીના માલિક શ્રી શિવમ સંજયકુમાર મહેસુરીયા દ્વારા મરચું પાવડરના ઉત્પાદનમાં કૃત્રિમ રંગ (ડાઈ), ઘઉંનું ભૂસું અને ધાણા પાવડર જેવા પદાર્થોની ભેળસેળ કરવામાં આવતી હોવાનું સામે આવ્યું હતું.સિનિયર ફૂડ સેફ્ટી ઓફિસર શ્રીમતી એચ. વી. ગુર્જર, ફૂડ સેફ્ટી ઓફિસર શ્રી એમ. એલ. ગુર્જર તથા શ્રી કે. કે. ચૌધરી દ્વારા સ્થળ પર તપાસ કરવામાં આવી હતી. ફૂડ સેફ્ટી વાનના કેમિસ્ટ શ્રી પી. એમ. ચૌધરીએ 'મેજિક બોક્સ' દ્વારા કરેલી પ્રાથમિક તપાસમાં મરચું પાવડરના નમૂનાઓમાં કૃત્રિમ રંગની હાજરી મળી આવી હતી. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ-2006 હેઠળ સ્થળ પરથી મરચું પાવડર, ઘઉંનું ભૂસું, ધાણા પાવડર અને કલર પાવડર સહિત કુલ 9 નમૂનાઓ લેવામાં આવ્યા છે.તપાસ દરમિયાન કુલ 3,571 કિલોગ્રામ શંકાસ્પદ જથ્થો, અંદાજિત રૂ. 2.45 લાખની કિંમતનો, જપ્ત કરવામાં આવ્યો હતો. ઉપરાંત પેઢીમાં મળી આવેલા અંદાજે 2,500 કિલોગ્રામ એક્સપાયરી તથા બિન-આરોગ્યપ્રદ લૂઝ મરચું પાવડરનો જથ્થો ડમ્પિંગ સાઈટ ખાતે તાત્કાલિક નાશ કરવામાં આવ્યો હતો. આમ કુલ 6,071 કિલોગ્રામ શંકાસ્પદ જથ્થા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને જવાબદારો સામે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ-2006 હેઠળ વધુ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

## હસ્તકલા દ્વારા આત્મનિર્ભરતાની નવી આશા : નખત્રાણા રઘુવંશી મહિલા પાંખે રાખડી ખરીદી બાળકોને કર્યું પ્રોત્સાહન

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

તહેવારની ખુશીમાં જ્યારે લાગણી અને સંવેદનાનો સંગમ થાય ત્યારે સેવા એક સુંદર સંદેશ બની જાય છે. નખત્રાણામાં દિવ્યાંગ બાળકો દ્વારા પોતાની મહેનત અને સર્જનાત્મકતાથી તૈયાર કરવામાં આવેલી રાખડીઓ તથા કચ્છી હેન્ડમેડ વસ્તુઓની ખરીદી કરી શ્રી નખત્રાણા તાલુકા રઘુવંશી સોશિયલ ગ્રુપ મહિલા પાંખની બહેનોએ બાળકોને પ્રોત્સાહન આપી અનોખી સંવેદનાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.શ્રી નખત્રાણા લોહાણા મહાજન સંચાલિત દરિયા સ્થાન શ્રી જલારામ મંદિર ખાતે કે.સી.આર.સી. અંધજન મંડળ, ભુજ સંચાલિત ડે કેર સેન્ટર, ફિઝિયોથેરાપી સેન્ટર તથા દિવ્યાંગ અને માનસિક રીતે વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકો માટે કાર્યરત કેન્દ્રના બાળકો દ્વારા રાખડીઓ તૈયાર કરવામાં આવી હતી. આ રાખડીઓ તથા કચ્છી હેન્ડમેડ વસ્તુઓના વેચાણમાં સહભાગી બની રઘુવંશી સોશિયલ ગ્રુપ મહિલા પાંખની બહેનોએ બાળકોના આત્મવિશ્વાસને બળ આપ્યું હતું.શ્રી નખત્રાણા તાલુકા રઘુવંશી સોશિયલ ગ્રુપ મહિલા પાંખના પ્રમુખ હેતલબેન ઠક્કરના આયોજન મુજબ બહેનોએ રાખડીઓ અને હસ્તકલા વસ્તુઓની ખરીદી કરી હતી. આ પ્રસંગે અલ્પાબેન કોઠારી, નીતાબેન કોઠારી, પાયલબેન કોઠારી, રીનાબેન પલણ, દીયાબેન પલણ, ભાવનાબેન પલણ, જાગૃતિબેન પલણ, મિતલબેન પલણ, વૈશાલીબેન પલણ, ભાવિકાબેન સોમૈયા, રશ્મિબેન કોઠારી, કિંજલબેન ઠક્કર, અંકિતાબેન પલણ, ડીસાબેન મીરાણી, પ્રજ્ઞાબેન કારીયા, સંગીતાબેન ઠક્કર સહિતની બહેનો ઉપસ્થિત રહી હતી.બાળકોની કળા અને મહેનતને બિરદાવતાં બહેનોએ તેમની પાસેથી રાખડીઓ ખરીદી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમના અંતે બાળકો માટે દાબેલી અને આઈસ્ક્રીમનો અલ્પાહાર પણ રાખવામાં આવ્યો હતો, જેના કારણે સમગ્ર વાતાવરણમાં આનંદ અને આત્મીયતા છવાઈ હતી.કાર્યક્રમને સફળ બનાવવા અંધજન મંડળ કે.સી.આર. સી. ભુજના મેનેજર અરવિંદસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ વનિતાબેન વાઘેલા, વિજયાબેન રામ, મીરાબેન કવા, કરણસિંહ સોઢા, બાદલભાઈ ભટ્ટ, જમીલાબેન હિંગોરજા સહિતના સ્ટાફે ઉપસ્થિત રહી સહયોગ આપ્યો હતો. દિવ્યાંગ બાળકોની મહેનતથી બનેલી રાખડી માત્ર ભાઈના કાંડે બંધાતી રાખડી નહીં, પરંતુ આત્મનિર્ભરતા, સ્વાભિમાન અને સંવેદનાની લાગણીનો સુંદર દોર બની રહી–રઘુવંશી બહેનોએ ખરીદી કરીને આ લાગણીને વધુ મજબૂત બનાવી હતી.



નખત્રાણામાં દિવ્યાંગ બાળકો દ્વારા તૈયાર કરાયેલી રાખડીઓ તથા કચ્છી હેન્ડમેડ વસ્તુઓની ખરીદી કરી રઘુવંશી સોશિયલ ગ્રુપ મહિલા પાંખની બહેનોએ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા....

## 4,500 માટીના શિવલિંગોથી ઝળહળી ઊઠ્યું રામેશ્વર મંદિર

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારના પાવન અવસરે આદિપુરમાં અનોખી શિવભક્તિનો નજારો જોવા મળ્યો હતો. આદિપુરના ૧૨ વાળીના લોકો દ્વારા રામેશ્વર મહાદેવ મંદિર ખાતે વિશેષ ધાર્મિક આયોજન કરવામાં આવ્યું હતું. શ્રદ્ધા અને સમર્પણભાવ સાથે આશરે 4,500 માટીના શિવલિંગોનું નિર્માણ કરી શાસ્ત્રોક્ત વિધિપૂર્વક પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું.માટીના અસંખ્ય શિવલિંગોને સુંદર રીતે ગોઠવવામાં આવતા રામેશ્વર મહાદેવ મંદિરનું પ્રાંગણ જાણે શિવભક્તિના પાવન રંગોથી નિખરી ઊઠ્યું હતું. શ્રાવણ માસમાં માટીના શિવલિંગ બનાવી તેનું પૂજન કરવાનો વિશેષ મહિમા હોવાથી સમગ્ર આયોજન દરમિયાન ભક્તોમાં ભારે ઉત્સાહ અને શ્રદ્ધાનો માહોલ જોવા મળ્યો હતો.આ અનોખા ધાર્મિક આયોજનનું આયોજન ઉર્વી ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે સુષ્માબેન સાંખલાનો સહયોગ રહ્યો હતો. શિવલિંગોના નિર્માણથી લઈ



પૂજન સુધીની સમગ્ર પ્રક્રિયામાં ભક્તિ અને સમર્પણની લાગણી સ્પષ્ટપણે જોવા મળી હતી. સાંજના સમયે રામેશ્વર મહાદેવ મંદિરના વિશાળ પ્રાંગણમાં ભવ્ય દીપમાળા પ્રગટાવવામાં આવી હતી. હજારો દીવડાઓની ઝગમગતી રોશની વચ્ચે યોજાયેલી મહાઆરતીમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. 'ૐ નમઃ શિવાય'ના નાદ સાથે મંદિર પરિસરનો માહોલ શિવમય બની ગયો હતો.આ પ્રસંગે ઉર્વી ભટ્ટે જણાવ્યું હતું કે, "શ્રાવણ માસ ભગવાન શિવની આરાધના માટે પવિત્ર માસ છે. માટીના શિવલિંગ બનાવી તેનું પૂજન કરવું એ ભગવાન શિવ પ્રત્યેની શ્રદ્ધા વ્યક્ત કરવાનો નાનકડો પ્રયાસ છે. 4,500 શિવલિંગના નિર્માણ અને પૂજનના આ આયોજનમાં ભક્તોને પણ જોડાવાની તક મળી તે મારા માટે આનંદ અને સંતોષની વાત છે."શ્રાવણના પાવન પર્વે યોજાયેલા આ અનોખા આયોજનથી આદિપુરમાં ધાર્મિક માહોલ વધુ ગાઢ બન્યો હતો અને 4,500 માટીના શિવલિંગો ભક્તિ, શ્રદ્ધા અને આસ્થાનું અનોખું પ્રતીક બની રહ્યા હતા.

## શ્રી હસ્તેશ્વર સ્કૂલ લીમખેડા ખાતે રક્ષાબંધનની ભવ્ય ઉજવણી

દિપક રાવલ દાહોદ લીમખેડા

લીમખેડા ખાતે આવેલી શ્રી હસ્તેશ્વર સ્કૂલમાં રક્ષાબંધન પર્વની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના મંત્રી ભરતભાઈ ભરવાડ અને ઉપ પ્રમુખ રાકેશભાઈ ભરવાડ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓમાં ભાઈ-




બહેનના પવિત્ર પ્રેમ, લાગણી અને સ્નેહનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. શાળાના પાંચ હજાર કરતા વધારે વિધાર્થીઓએ રાખડી ની વિશાળ માનવ આકૃતિ બનાવી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા . કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા રક્ષાબંધન પર્વને અનુરૂપ સુંદર ડાન્સ, વક્તવ્ય (સ્પીચ) સહિતના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની કલાત્મક પ્રતિભાનું સુંદર પ્રદર્શન કર્યું હતું.વિદ્યાર્થીઓએ એકબીજાને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી.

## સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલમાં નવરસ ગ્રુપના આદિવાસી કલાકારોએ દર્શકો ને કર્યા મંત્રમુગ્ધ

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાના સાપુતારા ખાતે ચાલી રહેલા મોન્સૂન ફેસ્ટિવલ-૨૦૨૬માં નવરસ ગ્રુપના આદિવાસી કલાકારોએ લોકસંસ્કૃતિ અને પરંપરાગત કલાની અદભૂત રજૂઆત કરી ઉપસ્થિત દર્શકોને મંત્રમુગ્ધ કર્યા. તા. ૨૩ના રોજ તેજસ્વિની સંસ્કૃતિ ધામ, વાસૂર્ણા ખાતે બ્રહ્મવાદિની પૂ. ડો. હેતલદીદીના સાનિધ્યમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. ડૉ. જય વશીના માર્ગદર્શન હેઠળ નવરસ ગ્રુપના આદિવાસી કલાકારોએ લોકગીતો, પૌરાણિક ગીતો તથા ગરબાની મનમોહક રજૂઆત કરી હતી. કલાકારોની કળાને ઉપસ્થિત લોકોએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી હતી. પૂ. ડો. હેતલદીદીના માર્ગદર્શન હેઠળ નવરસ ગ્રુપના આદિવાસી બાળકો અને યુવાનોને વિવિધ સ્થળોએ પોતાની પ્રતિભા રજૂ કરવાની તક મળી રહી છે. છેવાડાના ગામોના યુવાનોમાં રહેલી કલા અને કૌશલ્યને યોગ્ય મંચ મળે તેમજ તેમના વ્યક્તિત્વ અને ચારિત્ર્યનો વિકાસ થાય તે માટે તેજસ્વિની સંસ્કૃતિ ધામ દ્વારા પ્રયાસો કરવામાં આવી



રહ્યા છે.ત્યારબાદ તા. ૨૪ના રોજ સાપુતારા ખાતે આયોજિત મોન્સૂન ફેસ્ટિવલમાં નવરસ ગ્રુપના કલાકારોએ ફરી ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. લોકસંસ્કૃતિ, પૌરાણિક કથાઓ અને પરંપરાગત નૃત્યોની સુંદર રજૂઆતથી સાપુતારાનું વાતાવરણ પણ આદિવાસી સંસ્કૃતિના રંગે રંગાઈ ગયું હતું. નવરસ ગ્રુપની રજૂઆતથી પ્રભાવિત થયેલા દર્શકો ઉપરાંત ટુરિઝમ વિભાગને પણ કાર્યક્રમ પસંદ પડતાં આજે ફરી આ કલાકારોને રજૂઆત માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. પૂ. ડો. હેતલદીદી સંચાલિત અને ડૉ. જય વશી માર્ગદર્શિત નવરસ ગ્રુપના આદિવાસી બાળકોને મળેલું આ આમંત્રણ તેમની કલા અને પ્રતિભા માટે મહત્વપૂર્ણ પ્રોત્સાહન બન્યું છે.આ સમગ્ર કાર્યક્રમો દ્વારા ડાંગની આદિવાસી લોકકલા અને સંસ્કૃતિને વિશાળ મંચ મળ્યો છે. સાથે જ આદિવાસી યુવાનોના આત્મવિશ્વાસ અને સર્જનાત્મકતાને પણ નવી ઉડાન મળી છે. આવા કાર્યક્રમો સતત યોજાય તો ડાંગના આદિવાસી કલાકારોને પોતાની પરંપરાગત કળા દેશ-વિદેશ સુધી પહોંચાડવાની વધુ તકો મળી શકે છે.

## યુનિવર્સિટીના શૈક્ષણિક અને આધ્યાત્મિક જ્ઞાનવર્ધન અર્થે વિશેષ ગ્રંથો ભેટ અર્પણ

નરેન્દ્ર દવે જૂનાગઢ

સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, કુંડળ તેમજ કારેલીબાગ, વડોદરા દ્વારા સદગુરુ જ્ઞાનજીવનદાસ સ્વામીની પ્રેરણાથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ના વિદ્યાર્થીઓમાં સારા સંસ્કાર, સ્વસ્થ જીવનશૈલી, આધ્યાત્મિક જાગૃતિ અને ભદ્ર સમાજના નિર્માણની ભાવના કેળવાય તે હેતુથી ઉપયોગી પુસ્તકો અર્પણ કરવામાં આવ્યા હતા. વિવિધ વિષયો પર પ્રકાશિત ઉપયોગી પુસ્તકોમાં સ્વાસ્થ્યની કાળજી, આધ્યાત્મિક જીવનના ઉપયોગી સિદ્ધાંતો, સદાચાર, સંસ્કાર, માનવીય મૂલ્યો તથા સમાજના સકારાત્મક અને



ભદ્ર નિર્માણ માટે માર્ગદર્શન પૂરું પાડતી સામગ્રીનો સમાવેશ થાય છે.આ તકે યુનિ.ના કુલસચિવશ્રી ડો.આર.જી. પરમાર, કોમર્સ વિભાગના અધ્યક્ષ ડો. ભાવસિંહ ડોડીયા, ડો.દિનેશભાઈ ચાવડા, ડો.અનિતાબા ગોહિલ તેમજ અન્ય સ્ટાફ ગણ ઉપસ્થિત રહ્યા હતા. સુરેન્દ્રનગર સ્થીત એમ પી શાહ કોમર્સ કોલેજનાં આસીસ્ટન્ટ પ્રોફેસર ડો.રમેશ ચાવડાએ યુનિવર્સિટીની મુલાકાત વેળાએ જણાવ્યુ હતુ કે યુનિવર્સિટી અધિકારીઓએ વિદ્યાર્થીઓ સુધી આ પુસ્તકો પહોંચે અને વિદ્યાર્થીઓ તેમના જીવનમાં પુસ્તકમાં સમાવિષ્ટ સારા વિચારો, આધ્યાત્મિક સિદ્ધાંતો, સંસ્કારો તથા સ્વાસ્થ્યલક્ષી માર્ગદર્શનનો ઉપયોગ કરે તે માટે આધ્યાત્મિક જ્ઞાનવર્ધક પૂસ્તકો ખુબ ઉપયોગી બને છે. શ્રેષ્ઠ પુસ્તકો યુનિ.ને ભેટ સ્વરૂપ મળ્યા અંગે યુનિ.નાં રજીસ્ટ્રાર ડો.આર.જી.પરમારે પ્રતિભાવાત્મક વાત કરતા જણાવ્યુ હતુ કે યુવાનોમાં જ્ઞાન સાથે સંસ્કાર, નૈતિકતા, આધ્યાત્મિકતા અને સ્વસ્થ જીવનશૈલીનો વિકાસ કરવો સમયની અગત્યની જરૂરિયાત છે.શ્રેષ્ઠ વાંચન થકી વ્યક્તિના સર્વાંગી વિકાસ સાથે સારા અને સંસ્કારી સમાજના નિર્માણમાં પણ મહત્વપૂર્ણ યોગદાન મળી શકે છે. શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, કુંડળ તેમજ કારેલીબાગ, વડોદરા દ્વારા હાથ ધરવામાં આવેલી આ પુસ્તક-ભેટ પ્રવૃત્તિને બિરદાવતા યુનિ.નાં કોમર્સ વિભાગનાં વડા પ્રો.ડો.ભાવસિંહજી ડોડીયાએ જણાવ્યુ હતુ કે જ્ઞાન સાથે સંસ્કાર અને સંસ્કાર સાથે ભદ્ર સમાજના ઉદ્દેશને સાકાર કરતી પ્રેરણાદાયી પહેલ બની છે.શ્રી હરિચરિત્રામૃત સાગર, લીલાચિંતામણી, લીડરશીપ, વાલપના વેણ, સ્વાસ્થ્ય સુધા જેવા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં અનુવાદીત પુસ્તકો યુનિવર્સિટી પરિવારને અર્પિત થવા બદલ ડો રમેશ દાવડાની પ્રશંસનીય અને જ્ઞાનવર્ધક યોગદાન પ્રવૃતિની સહાના કરવામાં આવી હતી.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં સમાજશાસ્ત્ર ભવનનાં વિદ્યાર્થીઓની પ્રેરણાદાયક પહેલ – દિવ્યાંગ બાળકોને રાખડી બાંધી નવા સત્રમાં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓને આવકાર્યા

નરેન્દ્ર દવે જૂનાગઢ

"Academic Excellence with Social Commitment"ના ધ્યેય મંત્રને સાકાર કરવા માટે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય ભવન દ્વારા સેમેસ્ટર-૧, સેમેસ્ટર-૩ તથા પીએચ.ડી.ના સંશોધક વિદ્યાર્થીઓમાં સમાજ અને સામાજિક સમસ્યાઓ પ્રત્યે વૈજ્ઞાનિક, માનવતાવાદી અને સંવેદનશીલ દ્રષ્ટિકોણ વિકસે તે હેતુથી વિવિધ સામાજિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.આવી જ પ્રવૃતિનાં ભાગરૂપ જૂનાગઢ શહેર સમીપ આવેલા વિજાપુર સ્થિત સાંપ્રત એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, અતિ દિવ્યાંગ બાળકોની સંસ્થાની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા અતિ દિવ્યાંગ બાળકો સાથે આત્મીય સંવાદ સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં અતિ દિવ્યાંગ બાળકો પ્રત્યે સંવેદનશીલતા, સહાનુભૂતિ, સામાજિક જવાબદારી અને માનવતાની ભાવના વિકસાવવાનો સાથે તહેવારની ઉજવણી દ્વારા અતિ



દિવ્યાંગ બાળકોને પ્રેમ, લાગણી અને સામાજિક હૂંફનો અનુભવ થાય તેવો માનવીય અભિગમ રહ્યો હતો. કાર્યક્રમના ભાગરૂપે સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય ભવનમાં નવા સેમેસ્ટર-૧માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું આત્મીય સ્વાગત પણ કરવામાં આવ્યુ હતુ. વિદ્યાર્થીઓને વિભાગની શૈક્ષણિક પ્રવૃત્તિઓ, સંશોધન સંસ્કૃતિ, સામાજિક જવાબદારી તથા વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓથી પરિચિત કરાવવામાં આવ્યા હતા. યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) પ્રતાપસિંહજી ચૌહાણે દુરવાણીથી સંદેશો પાઠવતા જણાવ્યુ હતુ કે વિદ્યાર્થીઓમાં માત્ર શૈક્ષણિક જ્ઞાન નહીં, પરંતુ સામાજિક સંવેદના, સહઅસ્તિત્વ, સમાનતા અને માનવતાના મૂલ્યો વિકસે તે દિશામાં ભવનનાં અધ્યક્ષ પ્રો.(ડો.) જયસિંહ ઝાલા અને ટીમ દ્વારા જે મહત્વપૂર્ણ પ્રયાસ થઇ રહ્યો છે જે અભિનંદનીય છે. આવા શૈક્ષણીક કાર્યથી શિક્ષણનું સાચું સાર્થક્ય ત્યારે જ છે જ્યારે તે સમાજ પ્રત્યેની જવાબદારી અને માનવસેવાની ભાવનાને વધુ મજબૂત બનાવે છે. સામાજિક સંવેદનશીલતા અને માનવતાની અનુભૂતિ સેવાકાર્યથી જ સંભવી શકે.

## કચ્છ જિલ્લા કોંગ્રેસ અનુસૂચિત જાતિ વિભાગમાં નવી નિમણૂકો જાહેર - રમણિકભાઈ ગરવા (એડવોકેટ) મહામંત્રી, સુનિલભાઈ માતંગ ઉપપ્રમુખ અને રમેશભાઈ ઘેડા મંત્રી તરીકે નિયુક્ત




મહેશ એલ.સોની નખત્રાણા

કચ્છ જિલ્લા કોંગ્રેસ સમિતિ અનુસૂચિત જાતિ વિભાગની બેઠક ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખશ્રી અમિતભાઈ ચાવડા અને કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી વી.કે. હુંબલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ બેઠકમાં ચેરમેન શ્રી નરેશભાઈ કે. મહેશ્વરી દ્વારા નવા હોદ્દેદારોની નિમણૂકમાં રમણિકભાઈ ગરવા (એડવોકેટ) – મહામંત્રી, સુનિલભાઈ માતંગ – ઉપપ્રમુખ રમેશભાઈ ઘેડા – મંત્રીના નામોની ઘોષણા કરવામાં આવી હતી. આ પ્રસંગે અનુસૂચિત જાતિ સમાજના જમીન સાંથણી, આરોગ્ય, રોજગારી અને શિક્ષણના પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી અને આગામી દિવસોમાં સરકાર સમક્ષ રજૂઆત કરી યોગ્ય નિરાકરણ લાવવાની ખાતરી આપવામાં આવી હતી.

# રોગ સામે લડતનું પહેલું શસ્ત્ર જાગૃતિ લક્ષ્મીપરના આરોગ્યમંદિરમાં જનજાગૃતિ અભિયાન

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

"સમયસર તપાસ અને યોગ્ય સારવારથી અનેક રોગોને નિયંત્રણમાં લઈ શકાય છે" એવા આરોગ્યલક્ષી સંદેશ સાથે લક્ષ્મીપર (નેત્રા) ખાતે આયુષ્માન આરોગ્યમંદિર અને પ્રાથમિક શાળાના સંયુક્ત સહયોગથી વિવિધ આરોગ્ય જાગૃતિ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. રાષ્ટ્રીય AIDS અને STD નિયંત્રણ કાર્યક્રમ (NACP) અંતર્ગત ચાલી રહેલા સઘન IEC અભિયાન-3.0ના ભાગરૂપે HIV/AIDS, ટીબી, હિપેટાઈટિસ અને લેપ્રસી સહિતના ચેપી રોગો અંગે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. દેશભરમાં તા. 12 ઓગસ્ટથી 12 ઓક્ટોબર, 2026 દરમિયાન ચાલી રહેલા આ અભિયાનનો ઉદ્દેશ રોગો અંગેની ગેરમાન્યતાઓ અને અંધશ્રદ્ધાઓ દૂર કરી સમયસર તપાસ, નિદાન અને યોગ્ય સારવાર માટે જનસમુદાયને પ્રેરિત કરવાનો છે.મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મિતેશ ભંડેરી, જિલ્લા TB-HIV અધિકારી ડો. મનોજ દવે તથા નખત્રાણા તાલુકા હેલ્થ ઓફિસર ડો. અવધકિશોર પ્રસાદના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં આરોગ્ય કર્મચારીઓએ વિદ્યાર્થીઓ અને ગ્રામજનો સાથે સંવાદ કરી વિવિધ રોગોથી બચવાના ઉપાયો સમજાવ્યા હતા.આરોગ્યની સાથે પોષણ અને સ્વચ્છતા પર પણ ભાર : આયુષ્માન આરોગ્યમંદિર ખાતે મમતાદિવસ અને ગૌરી દિવસની ઉજવણી દરમિયાન એનિમિયામુક્ત ભારત, કિશોર-કિશોરી સ્વાસ્થ્ય, પોષણ, વ્યસનમુક્તિ અને રસીકરણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વજન, ઊંચાઈ અને હિમોગ્લોબિનની તપાસ



સાથે આયર્ન-ફોલિક એસિડની ગોળીઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત TB દર્દીઓની મુલાકાત, હાઉસ-ટુ-હાઉસ સર્વેનું ક્રોસચેકિંગ તથા ગ્રામ પંચાયતની મુલાકાત દરમિયાન પાણીના ક્લોરિનેશન, લીકેજ અને સફાઈની કામગીરી અંગે પણ જરૂરી સમજ આપવામાં આવી હતી.શાળામાં વિદ્યાર્થીઓને અપાયું આરોગ્યનું 'પાઠ' : પ્રાથમિક શાળા લક્ષ્મીપર (નેત્રા)ની મુલાકાત દરમિયાન ફર્સ્ટ એઈડ બોક્સની ચકાસણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને વાહકજન્ય, પાણીજન્ય અને દૂષિત ખોરાકથી ફેલાતા રોગો ઉપરાંત TB, લેપ્રસી અને AIDS અંગે માહિતી આપવામાં આવી હતી. સાથે જ પોષણ, વ્યક્તિગત સ્વચ્છતા, માસિક ધર્મ દરમિયાન સ્વચ્છતા, સફેદ પાણી જેવી સમસ્યાઓ તેમજ જાતીય સંક્રમિત રોગો અંગે પણ જરૂરી માર્ગદર્શન અપાયું હતું. 'બેટી બચાવો, બેટી વધાવો, બેટી પઢાવો' જેવા સામાજિક સંદેશાઓ દ્વારા કિશોરીઓના આરોગ્ય અને શિક્ષણનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં PHC સુપરવાઈઝર સુલેમાન એ. પીંજારા, CHO ખુશી પટેલ, આરોગ્ય કાર્યકર પ્રદીપ જાની, ક્રિષ્નાબેન રાજગોર, આશા બહેન લક્ષ્મીબહેન બળિયા સહિત આરોગ્ય સ્ટાફ, આશા બહેનો, આંગણવાડી કાર્યકર-હેલ્પર બહેનો, શાળાના આચાર્ય, શિક્ષકો તથા ખીરસરા સંપના કર્મચારીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. જાગૃતિ, સ્વચ્છતા અને સમયસર સારવારને પ્રાથમિકતા આપીને સ્વસ્થ સમાજના નિર્માણનો સંદેશ લક્ષ્મીપર ખાતે યોજાયેલા આ અભિયાનમાંથી આપવામાં આવ્યો હતો.

## જૂનાગઢના ફાયર વિભાગ દ્વારા વિવિધ શાળાઓમાં બેઝીક ફાયર ઈન્ડક્શન તાલીમ કાર્યકર સંપન્ન

નરેન્દ્ર દવે જૂનાગઢ

શહેરમાં અગ્નિ સુરક્ષા અંગે જાગૃતિ કેળવવા અને આપત્તિ સમયે તાત્કાલિક પ્રતિસાદ માટે મહાનગરપાલિકા, જૂનાગઢના ફાયર વિભાગ દ્વારા વિવિધ શાળાઓમાં 'બેઝીક ફાયર ઈન્ડક્શન તાલીમ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ હેઠળ તા. ૨૪ અને ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન અલગ- અલગ શાળાઓના ૫૩૫થી વધુ વિદ્યાર્થીઓ તેમજ ૪૦ શિક્ષકોને સૈદ્ધાંતિક (થીયરી) અને પ્રાયોગિક (ડેમોસ્ટ્રેશન) તાલીમ આપવામાં આવી હતી.તાલીમ કાર્યક્રમોની વિગત : ન્યૂ બેસ્ટ ઈંગ્લીશ



સ્કૂલ,જોશીપરા ખાતે તા. ૨૪/૦૮/૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે યોજાયેલ સત્રમાં ૧૧૦ વિદ્યાર્થીઓ અને ૧૫ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. ગવર્નમેન્ટ ગર્લ્સ હાઈસ્કૂલ,આઝાદ ચોક ખાતે તા. ૨૪/૦૮/૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૧૫ કલાકે યોજાયેલ તાલીમમાં ૨૦૦ વિદ્યાર્થીનીઓ અને ૨૦ શિક્ષકોએ ભાગ લીધો હતો. ગાયત્રી ઈંગ્લીશ સ્કૂલ ,જોશીપરા ખાતે તા. ૨૫/૦૮/૨૦૨૬ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે ૨૨૫ વિદ્યાર્થીઓ અને ૫ શિક્ષકોને આપત્તિ વ્યવસ્થાપન અને ફાયર સેફ્ટીની સમજ અપાઈ હતી. આ કાર્યક્રમ દરમિયાન ફાયર વિભાગની ટીમ દ્વારા આગના પ્રકારો, અગ્નિશામક સાધનો (ફાયર સિસ્ટમ)નો પ્રત્યક્ષ ઉપયોગ, આગ ઓલવવાની તકનીકો તેમજ અકસ્માત કે અગ્નિકાંડ જેવી કટોકટીની સ્થિતિમાં સુરક્ષિત બહાર નીકળવાના ઉપાયો અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીઓ અને શાળા સ્ટાફમાં કટોકટી વ્યવસ્થાપન અંગે પૂરતી જાગૃતિ આવે અને તેઓ સજ્જ બને તે આ પહેલનો મુખ્ય ઉદ્દેશ રહ્યો હતો.

## સંખેડા નગરમાં ડી.બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાની સંસ્કૃત ગૌરવ યાત્રાનું ભવ્ય આયોજન



રિપોર્ટર .કમલેશ પટેલ .સંખેડા

સંખેડા નગરમાં ડી.બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાની સંસ્કૃત ગૌરવ યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્કૃત ભાષાના ગૌરવ અને ભારતીય સંસ્કૃતિના સંવર્ધનના ઉદ્દેશ્ય સાથે આ યાત્રા સંપન્ન થઈ હતી.આ યાત્રામાં 400થી વધુ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. નાના ભૂલકાઓએ વેદવ્યાસજી, શ્રી ગણેશજી, ભગવાન શ્રીરામ, માતા સીતા, ભગવાન શ્રીકૃષ્ણ, સુદામા અને માતા સરસ્વતીના વેશભૂષા ધારણ કરી હતી. ડી.બી. પારેખ પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓની આ વેશભૂષા વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી. આકર્ષક રીતે શણગારેલા ટ્રેક્ટરમાં વિદ્યાર્થીઓની ઝાંખીઓ રજૂ કરવામાં આવી હતી. સંસ્કૃત ગીતો અને સંસ્કૃતમય ડી.જે.ના તાલે વિદ્યાર્થીઓએ ગરબા રજૂ કરીને યાત્રામાં ચાર ચાંદ લગાવ્યા હતા. સમગ્ર નગર સંસ્કૃતિ, ભક્તિ અને ગૌરવના રંગમાં રંગાઈ ગયું હતું.આચાર્ય શ્રી ચિરાગ શાહના જણાવ્યા મુજબ, યાત્રા દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃત ભાષાના મહત્વ અને ભારતીય સંસ્કૃતિના મૂલ્યોનો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો. નગરજનો દ્વારા યાત્રાનું વિવિધ સ્થળોએ ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું, જે વિદ્યાર્થીઓના જીવંત પાત્ર નિરૂપણને બિરદાવતું હતું.આ સંસ્કૃત ગૌરવ યાત્રાએ વિદ્યાર્થીઓમાં પોતાની સંસ્કૃતિ, પરંપરા અને સંસ્કૃત ભાષા પ્રત્યે ગૌરવની ભાવના વધુ દૃઢ બનાવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કૃણાલ પટેલ અને તેમની ટીમે કર્યું હતું, જ્યારે શાળાના સંસ્કૃત શિક્ષક એસ.કે. ગઢવીએ વિદ્યાર્થીઓને સૂત્રોચ્ચાર કરાવ્યા હતા. યાત્રા પૂર્ણ થયા બાદ તમામ માટે પાણી તથા અલ્પહારનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

## પાટણ જીલ્લાના ચાણસ્મા તાલુકાના પલાસર ગામે ટીબી મુક્ત ભારત અભિયાન 2.0 અંતર્ગત વિશેષ આરોગ્ય કેમ્પ યોજાયો



નિતીન ઠાકર ચાણસ્મા | પાટણ જિલ્લા આરોગ્ય અને જિલ્લા ક્ષય વિભાગ દ્વારા ચાણસ્મા તાલુકાના પલાસર ગામ ખાતે ટીબી મુક્ત ભારત અભિયાન 2.0 હેઠળ હાઈ રિસ્ક વિલેજમાં ટીબી રોગનું નિદાન કરવા માટે વિશેષ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્ય અને દુર્ગમ વિસ્તારોમાં વસવાટ કરતા નાગરિકોમાં ટીબી જેવી ગંભીર ચેપજન્ય બીમારીની સમયસર ઓળખ કરી, યોગ્ય સારવાર સુલભ કરાવવાનો હતો.આ આરોગ્ય કેમ્પ દરમિયાન પોર્ટેબલ એક્સ-રે મશીન દ્વારા કુલ 128 નાગરિકોનું ટીબી માટે સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. આ આરોગ્ય કેમ્પ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, ડૉ. વિષ્ણુભાઈ પટેલ; જિલ્લા ક્ષય અધિકારી, ડૉ. ડી.એન.પરમાર; તથા તાલુકા આરોગ્ય અધિકારી, ડૉ. કલ્પેશભાઈ પટેલ ના માર્ગદર્શન હેઠળ સુચારૂ રીતે યોજાયો હતો. કાર્યક્રમને સફળ બનાવવા તાલુકા પંચાયત પ્રમુખશ્રી રિદ્ધિબેન દેસાઈ; પલાસર ગામના સરપંચશ્રી નટુભાઈ પટેલ; ઉપસરપંચશ્રી જ્યંતીભાઈ પટેલ, પ્રા.આ.કે. હેલ્થ સુપરવાઈઝર, તાલુકા ટીબી સુપરવાઈઝર, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરો, મહિલા આરોગ્ય કાર્યકરો,એક્સ રે ટેકનીશિયન, આશા ફેસિલિટેટર તેમજ આશા બહેનોનો સક્રિય અને નોંધપાત્ર સહયોગ પ્રાપ્ત થયો હતો.આ પ્રકારના આરોગ્ય કેમ્પોના આયોજન દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં ટીબી જેવી ગંભીર બીમારીઓની વહેલી તકે ઓળખ કરી અસરકારક સારવાર તરફ દોરી શકાય છે. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ભવિષ્યમાં પણ આવા આરોગ્ય કેમ્પોનું વ્યાપક આયોજન કરી જનતાને આરોગ્ય સેવાઓ સુલભ બનાવવાનો દૃઢ સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો છે.

# દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆમાં સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અને ભારતીય સાંસ્કૃતિક વારસાના સંરક્ષણના ઉદ્દેશ સાથે યોજાઈ 'સંસ્કૃત ગૌરવ યાત્રા'

દિપક રાવલ દાહોદ લીમખેડા

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગરના પ્રેરણાથી દેવગઢ બારીઆ જનપદ પ્રશાસન તંત્ર તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,દાહોદના સંયુક્ત આયોજન હેઠળ સંસ્કૃત સપ્તાહ-મહોત્સવ અંતર્ગત 'સંસ્કૃત ગૌરવ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું.ભારતીય સંસ્કૃતિ અને પરંપરાના સંવર્ધન-સંરક્ષણ તેમજ સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસારના હેતુથી યોજાનારી આ ગૌરવ યાત્રા દેવગઢ બારીઆના મમલતદારશ્રીની પ્રેરક ઉપસ્થિતિ હેઠળ દેવગઢ બારીઆની વાય.એસ.આર્ડસ એન્ડ કે.એસ.શાહા કોમર્સ કોલેજ ખાતેથી પ્રારંભ થઇ ઇરા માધ્યમિક શાળા ખાતે આવીને પૂર્ણ થઇ હતી.ઇરા માધ્યમિક શાળા ખાતે સંસ્કૃત ભાષા ભારતીય જ્ઞાન, સંસ્કૃતિ અને



પરંપરાનું સમૃદ્ધ વારસો અંગે નવી પેઢીમાં સંસ્કૃત ભાષા પ્રત્યે રસ અને ગૌરવની ભાવના વિકસે તેવા હેતુથી કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા શ્રીફળ વધેરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યાર બાદ શાળાના વિદ્યાર્થીઓએ સંસ્કૃતમાં પ્રાર્થના રજૂ કરી હતી. મામલતદારશ્રીની પ્રાસંગિક ઉદબોધન થકી સૌને સંસ્કૃત ભાષાની મહત્વતા સમજાવી હતી.'સંસ્કૃત ગૌરવ યાત્રા'ના આ પ્રસંગે દેવગઢ બારીઆના પ્રાંત અધિકારીશ્રી, મામલતદારશ્રી, વર્ગ - 2 ના અધિકારિશ્રીઓ, એ.ઇ.આઇ., ટી.પી.ઇ.ઓ., બી.આર.સી., આચાર્યશ્રીઓ, અન્ય અધિકરીશ્રીઓ, શિક્ષક ગણ તેમજ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# વિશ્વ હિન્દુ પરિષદની વિસ્તૃત બેઠક:- સંગઠન મજબૂતીકરણ અને નવી જવાબદારીઓની જાહેરાત

સુશીલ પવાર ડાંગ

ગુજરાત પ્રાંતની સૂચના મુજબ વિશ્વ હિન્દુ પરિષદ, ડાંગ જિલ્લા દ્વારા રવિવારે શબરી ભવન ખાતે એક વિસ્તૃત બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતુ.આ બેઠકનો મુખ્ય હેતુ સંગઠનને વધુ મજબૂત બનાવવો, કાર્યકર્તાઓ વચ્ચે સંકલન વધારવું અને આગામી કાર્યક્રમોનું યોગ્ય આયોજન કરવાનો હતો. કાર્યક્રમમાં



દક્ષિણ ગુજરાતના વાલી અજયજી મિશ્રા, વિભાગ સહમંત્રી રવિભાઈ સૂર્યવંશી, ડાંગ જિલ્લા અધ્યક્ષ દિલીપભાઈ ગાંગુડે અને જિલ્લા મંત્રી બ્રિજેશભાઈ ઠાકર સહિત જિલ્લા તેમજ પ્રખંડ સમિતિના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા.બેઠક દરમિયાન વી.એચ.પી. દ્વારા અત્યાર સુધી થયેલા કાર્યોની સમીક્ષા કરી આગામી આયોજનો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉપસ્થિત અગ્રણીઓએ સંગઠનના કાર્યોને પ્રખંડ અને ખંડ સ્તર સુધી અસરકારક રીતે પહોંચાડવા તથા સમાજલક્ષી પ્રવૃત્તિઓને વેગ આપવા અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતુ.આ સાથે જિલ્લા કાર્યકારિણીના વિસ્તૃતીકરણ અંતર્ગત હરિમોહન પવાર અને ગુલાબભાઈ ચૌધરીની જિલ્લા સહમંત્રી, મિતેશભાઈ ચૌર્યાની કોષાધ્યક્ષ તેમજ રતનભાઈ ચૌધરીની જિલ્લા સત્સંગ પ્રમુખ તરીકે નવી જવાબદારી જાહેર કરાઈ હતી. ઉપસ્થિત સૌએ ૐ નાદ સાથે આ નિમણૂકોને વધાવી લીધી હતી અને અંતે એકતાપૂર્વક સંગઠનને આગળ ધપાવવાનો દૃઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# વઘઇ ગીરાધોધ ખાતે પ્રવાસીઓની સુરક્ષા સામે સવાલો, દુર્ઘટના થાય તો જવાબદાર કોણ ?

ગીરાધોધ વઘઇ ખાતે ફરજ પર તૈનાત GRD અને હોમગાર્ડ જવાનો લારી-ગલ્લે બેસી સમય પસાર કરતા હોવાના આક્ષેપો,દુર્ઘટના સર્જાય તો જવાબદારી કોની? તંત્રની સુરક્ષા વ્યવસ્થા સામે પ્રવાસીઓ-સ્થાનિકોમાં રોષ..

સુશીલ પવાર ડાંગ

ડાંગ જિલ્લાના પ્રવેશદ્વાર ગણાતા વઘઈ નજીક આવેલો ગીરાધોધ ચોમાસાની ઋતુ દરમિયાન કુદરતી સૌંદર્યથી સોળે કળાએ ખીલી ઊઠે છે.ધોધના મનમોહક નજારાની મજા માણવા માટે હાલ મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. જોકે, પ્રવાસીઓની સુરક્ષા માટે તૈનાત કરવામાં આવેલા GRD તથા હોમગાર્ડના જવાનોની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. પ્રવાસીઓની સુરક્ષા માટે સુરક્ષા કર્મચારીઓને ફરજ પર તૈનાત કરવામાં આવ્યા હોવા છતાં તેઓ પોતાની ફરજ બજાવવાના બદલે લારી-ગલ્લાઓ પર બેસીને સમય પસાર કરતા હોવાના આક્ષેપો પ્રવાસીઓ અને સ્થાનિકો દ્વારા કરવામાં આવી રહ્યા છે.જો પ્રવાસીઓની ભીડ વચ્ચે કોઈ અનિચ્છનીય બનાવ કે મોટી દુર્ઘટના સર્જાય અને તે સમયે સુરક્ષા કર્મચારીઓ પોતાની ફરજ પર સક્રિય ન હોય તો તેની જવાબદારી કોની રહેશે? તેવો સવાલ હવે ઉઠી રહ્યો છે.ચોમાસાની ઋતુમાં ગીરાધોધ ખાતે પ્રવાસીઓની સંખ્યા સતત વધી રહી છે. ધોધ તેમજ તેની આસપાસનો વિસ્તાર વરસાદ દરમિયાન લપસણો



અને જોખમી બની જતો હોવાથી અહીં પ્રવાસીઓની સુરક્ષા માટે સતત તકેદારી રાખવી અત્યંત જરૂરી છે.માત્ર સુરક્ષા કર્મચારીઓની નિમણૂક કરી દેવાથી તંત્રની જવાબદારી પૂર્ણ થતી નથી, પરંતુ તેઓ ખરેખર ફરજ પર સક્રિય છે કે નહીં અને પ્રવાસીઓની સુરક્ષા માટે જરૂરી કામગીરી કરી રહ્યા છે કે નહીં તેની પણ નિયમિત દેખરેખ રાખવી જરૂરી છે.સ્થાનિકો અને પ્રવાસીઓની માંગ છે કે, ઉચ્ચ અધિકારીઓ દ્વારા ગીરાધોધની અચાનક મુલાકાત લેવામાં આવે અને સ્થળ પર તૈનાત સુરક્ષા કર્મચારીઓની કામગીરીની વાસ્તવિક સ્થિતિની તપાસ કરવામાં આવે. ફરજમાં બેદરકારી દાખવનાર કર્મચારીઓ સામે જવાબદારી નક્કી કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે.ગીરાધોધ ખાતે મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી રહ્યા છે ત્યારે કોઈ ગંભીર દુર્ઘટના સર્જાય તેની રાહ જોવાને બદલે તંત્ર દ્વારા અત્યારથી જ સુરક્ષા વ્યવસ્થાને વધુ સઘન બનાવવામાં આવે અને ફરજ પર તૈનાત કર્મચારીઓ પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવે તે માટે કડક સૂચનાઓ આપવામાં આવે તેવી માંગ ઉઠી છે.હાલમાં પ્રવાસીઓની સુરક્ષા સાથે કોઈપણ પ્રકારનાં ચેડા ન થાય તથા ગીરાધોધ ખાતે તૈનાત સુરક્ષા કર્મચારીઓ ખરા અર્થમાં ફરજ બજાવે તે સુનિશ્ચિત કરવું હવે તંત્ર માટે અગત્યનું બન્યુ છે.ત્યારે આવનાર દિવસોમાં તંત્ર સાબદુ બને છે કે કેમ તે જોવુ જ રહ્યુ.

# દેવગઢ બારિયામાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના દરોડા: ૨૦ પેઢીઓની તપાસ કરી ૫૦ કિલો અખાદ્ય ખોરાકનો નાશ કરાયો




દિપક રાવલ દાહોદ લીમખેડા

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, દાહોદ દ્વારા જાહેર જનતાના સ્વાસ્થ્યની સુખાકારી અર્થે ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતા એકમો સામે કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે ફૂડ સેફ્ટી ઓફિસરશ્રી આર.એમ.મહેરા દ્વારા દેવગઢ બારિયા ખાતે નગરપાલિકાની ટીમને સાથે રાખીને સઘન સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.આ તપાસ કામગીરી દરમિયાન દેવગઢ બારિયા નગરની આશરે ૨૦ જેટલી ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન અને વેચાણ કરતી પેઢીઓની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી હતી. તપાસ વેળાએ આરોગ્ય માટે અત્યંત હાનિકારક એવા ૫૦ કિલોગ્રામ જેટલા બળેલા તેલ, ચટણી, પેંડા તેમજ એક્સપાયરી ડેટ વીતી ગયેલી અખાદ્ય સામગ્રી મળી આવી હતી. તંત્ર દ્વારા આ તમામ અખાદ્ય જથ્થાને સ્થળ પર જ જપ્ત કરી તેનો નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ખાદ્ય સુરક્ષાના નિયમોનો અનાદર કરનારા વેપારીઓ સામે દંડાત્મક પગલાં ભરી સ્થળ પર જ રૂ. ૭,૫૦૦/- નો દંડ વસૂલ કરાયો હતો.ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરનારાઓ સામે આગામી દિવસોમાં પણ આવી કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે. ભવિષ્યમાં જો કોઈ એકમમાં શંકાસ્પદ કે અખાદ્ય સામગ્રી જણાશે, તો કાયદાકીય જોગવાઈઓ મુજબ કડકમાં કડક પગલાં લેવામાં આવશે. તંત્ર દ્વારા તમામ વેપારીઓને જાહેર હિતમાં નિયમોનું ચુસ્તપણે પાલન કરી ગુણવત્તાયુક્ત અને સ્વચ્છ ખાદ્ય પદાર્થોનું જ વેચાણ કરવા અપીલ કરવામાં આવી છે.

# સાપુતારા-શામગહાનરાષ્ટ્રીયધોરીમાર્ગના માલેગામ ઘાટમાં બે અકસ્માત




સુશીલ પવાર ડાંગ

ડાંગ જિલ્લાના સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલા માલેગામ ઘાટમાર્ગમાં આજે બે અલગ-અલગ અકસ્માતની ઘટનાઓ બનતા માર્ગ સલામતી સામે સવાલો ઉભા થયા હતા.બંને અકસ્માતમાં વાહનો તથા માલસામાનને ભારે નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. જોકે સદનસીબે બંને બનાવોમાં ચાલક અને ક્લીનરનો ચમત્કારિક બચાવ થયો હતો.પ્રાપ્ત વિગતો અનુસાર, મહારાષ્ટ્રના વણી તરફથી ટામેટાનો જથ્થો ભરી સુરત તરફ જઈ રહેલો ટ્રક માલેગામ ઘાટમાર્ગ પર આવેલા ફોરેસ્ટ રેસ્ટ હાઉસ નજીકના વળાંકમાંથી પસાર થઈ રહ્યો હતો. દરમિયાન અચાનક ટ્રકની બ્રેક ફેલ થઈ જતા ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. ટ્રક માર્ગની સાઈડમાં આવેલી સંરક્ષણ દીવાલ સાથે અથડાઈને અટકી ગયો હતો.સંરક્ષણ દીવાલ સાથે અથડાયા બાદ ટ્રક ઊંડા ખાડામાં ખાબકતાં બચી ગયો હતો.આ અકસ્માતને પગલે ટ્રક સહિત તેમાં ભરેલા ટામેટાંના જથ્થાને ભારે નુકસાન થયું હતું. જોકે ટ્રકના ચાલક અને ક્લીનરનો સદનસીબે ચમત્કારિક બચાવ થયો હતો.બીજી ઘટનામાં મહારાષ્ટ્રના પુણે તરફથી માલસામાનનો જથ્થો ભરી સાપુતારા તરફ આવી રહેલુ કન્ટેનર નં. GJ-27-TT-3728 માલેગામ ઘાટમાર્ગમાં પહોંચતા ચાલકે અચાનક સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા પલટી મારી ગયું હતું.આ અકસ્માતમાં કન્ટેનર તેમજ તેમા ભરેલા માલસામાનને ભારે નુકસાન થયું હતુ.જોકે આ બનાવમાં પણ ચાલક અને ક્લીનરનો ચમત્કારિક બચાવ થયો હતો.માલેગામ ઘાટમાર્ગ પર વળાંકો અને ઢોળાવને કારણે વારંવાર અકસ્માતના બનાવો બનતા હોવાથી વાહનચાલકોમાં ચિંતા જોવા મળી રહી છે. સંબંધિત તંત્ર દ્વારા આવા જોખમી વળાંકો પર જરૂરી સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવામાં આવે તેવી વાહનચાલકો અને સ્થાનિકોમાં માંગ ઉઠી છે.

# આપણી ધરોહર આપણી સંસ્કૃતિ, ત્રંબકેશ્વર મહાદેવ મંદિર, માણાવદર, (જુનાગઢ જિલ્લા)ની જાણકારી

સંકલન મુકુન્દરાય ધારૈયા રાજકોટ

વિશ્વનુ એકમાત્ર શિવ મંદિર જ્યાં બે પોઠિયા બીરાજમાન છે, આ બે નંદી ધરાવતું શિવાલય જૂનાગઢની નજીક આવેલ છે, શીર્ષક વાંચતાં જ એમ થાય કે એકજ મંદિરમાં બે પોઠિયા હોય એ શક્ય જ નથી ! સાચું ને ? પણ, હા, આ શક્ય છે. જૂનાગઢની નજીક આવેલા આ ત્રંબકેશ્વર મહાદેવ મંદિર મંદિરની રસપ્રદ ઐતિહાસિક ગાથા છે જૂનાગઢ શહેરથી ફક્ત 38 કી.મી.ના અંતરે આવેલા માણાવદરમાં આ મંદિર આવેલું છે. સ્વયંભૂ પ્રગટ થયેલા મહાદેવનું આ મંદિર "મહાદેવિયા" તરીકે ઓળખાય છે. બે અનોખા ચમત્કારીક નંદીઓ (પોઠિયાઓ) અને ચાર શિખરબંધ મંદિરોની વિરાટ ધર્મ ધજાથી છલોછલ પ્રાકૃતીક સૌંદર્ય ધરાવતું આ મંદિર એક અદ્ભભુત અનુભૂતી કરાવે છે. મંદિર સુધી પહોંચાડતો રસ્તો 'મહાદેવીયા રોડ' તરીકે ઓળખાય છે. મંદિરના પ્રાંગણ વિશે જણાવું તો, પગથિયાં ચડતા જ સામે ચાર શિખરબંધ મંદિરો આવે છે, જેમાનું એક ભવ્ય શિવ મંદિર સૌથી પહેલા નજરે આવે, તેની સામે જોડીમાં બેઠા હોય તેવા બે અનોખા પોઠિયા તરત જ આપણું ધ્યાનકેન્દ્રિત કરી લે છે મંદિરના ગર્ભગૃહમાં વચ્ચે સ્વયં પ્રગટ થયેલા દેવાધિદેવ મહાદેવ બિરાજમાન છે, તેમની પાછળ દેવી પાર્વતીની મોટાકદની મુર્તિ અને આ પાર્વતીજીની મુર્તિની આજુબાજુ ભગવાન ગણેશની બે મૂર્તિઓ અને હા, સાથે પાર્વતીજીની વધુ એક



નાની મુર્તિ પણ અહી જોવા મળે છે. બાજુમાં રહેલા શિખરબંધ મંદિરમાં હનુમાનજી બિરાજમાન છે. આ મંદિરમાં પૂરા કદની પૂર્વ મુખી હનુમાનજીની મુર્તિ તેમજ બટુક ભૈરવ દાદા સ્થાપિત છે. આ બે મંદિરોની પાછળ આવેલા અન્ય એક શિખરબંધ મંદિરમાં શ્રી લક્ષ્મીજી તેમજ વિષ્ણુ ભગવાનના દર્શન થાય છે. આ જ પ્રાંગણમાં જમણી બાજુએ વધુ એક શિખરબંધ મંદિર આવેલું છે, જ્યાં અંબાજી માતાજીના દર્શન થાય છે. આ તો થઈ, ફક્ત મંદિરના પ્રાંગણની વાત, હવે વાત કરીએ અહીં જોવા મળતા બે અનોખા પોઠિયા વિશે. ડોંગરેજી મહારાજની ભાગવત સપ્તાહ પ્રસંગે એક ચમત્કારીક ઘટના ઘટીઆ જ સમયગાળા દરમિયાન મંદિરમાં પ્રતિમાઓ સ્થાપિત કરવાનો પણ મહોત્સવ યોજાઈ રહ્યો હતો. સ્વયંભૂ શ્રી ત્રંબકેશ્વર મહાદેવની સમક્ષ આવેલો જૂના પથ્થરનો પોઠિયો ખસેડી ત્યાં આરસ પહાણનો નવો પોઠિયો મૂકવાનો હતો. ખૂબ પ્રયત્નો કરવા છતાય તે પોઠિયો સોઈભાર પણ ખસ્યો નહીં. મુહૂર્તનો સમય થતો હતો, માટે પોઠિયાને ખસાડવો કઈ રીતે? એ પ્રશ્ન ઊભો થયો. અંતે ભક્તોએ મંદિરના સંત પૂ. રઘુવીરદાસ બાપુને વિનંતી કરી કે, કોઈ રસ્તો સૂઝાવો. રઘુવીરદાસ બાપુ ડોંગરેજી મહારાજ સાથે ત્યાં આવ્યા અને જૂના પથ્થરના પોઠિયાને હાથ અડાડીને કહ્યું કે, "ચલ થોડી જગાદે" પછી તે પોઠિયો શિવલિંગ સામેથી સહજ રીતે થોડો આસાનીથી ખસી ગયો, ત્યારબાદ જૂના પોઠિયાની સાથે નવા પોઠિયાની પ્રતિષ્ઠા વિધિ થઈ. તેમજ અન્ય મૂર્તિઓ પણ સ્થાપિત કરવામાં આવી આમ અત્રે બે પોઠિયા બિરાજમાન છે.

# શ્રાવણના બીજા સોમવારે સોમનાથ મહાદેવનો દિવ્ય 'શૌર્ય શૃંગાર' - ધર્મરક્ષા અને સ્વાભિમાનનું પ્રતિક

નરેન્દ્ર દવે જૂનાગઢ

વર્ષ ૨૦૨૬ને દેશના આદરણીય પ્રધાનમંત્રીશ્રી તેમજ શ્રી સોમનાથ ટ્રસ્ટના માન.અધ્યક્ષશ્રી દ્વારા 'સોમનાથ સ્વાભિમાન પર્વ' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે સોમનાથમાં આ વર્ષ પર્યંત ઉત્સવ અંતર્ગત યાત્રીઓની સંખ્યામાં ઉતરોતર વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે સ્વાભિમાન પર્વ અંતર્ગત પવિત્ર શ્રાવણ માસમાં દર સોમવારે પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવને વિશેષ સ્વાભિમાન શ્રૃંગાર અર્પણ કરવામાં આવે છે. ત્યારે, શ્રાવણના બીજા સોમવારે મહાદેવને અદભુત અને અલૌકિક 'શૌર્ય શ્રૃંગાર' કરવામાં આવ્યો હતો, જે દર્શનાર્થીઓ માટે પરમ આસ્થા અને ચેતનાનું કેન્દ્ર બન્યો છે.સનાતન સંસ્કૃતિમાં અસ્ત્ર-શસ્ત્ર માત્ર યુદ્ધનું નહિ, પરંતુ ધર્મરક્ષા અને ધર્મ સંસ્થાપનાનું દિવ્ય પ્રતિક છે. મહાદેવના આ શૌર્ય શૃંગારમાં સનાતન ધર્મના પવિત્ર આયુધોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.શૌર્ય શૃંગારનું સાંકેતિક મહત્વ: આ શૃંગારમાં પ્રયોજવામાં આવેલા વિવિધ શસ્ત્રો અને પ્રતીકો સનાતન ધર્મમાં ઊંડું આધ્યાત્મિક અને સામાજિક મહત્વ ધરાવે છે: શંખ અને પદ્મ (કમળ): શંખ એ નાદ બ્રહ્મ, સકારાત્મક ઊર્જા અને ધર્મજાગૃતિનું પ્રતિક છે, જ્યારે પદ્મ સંસારમાં રહીને પણ નિર્લેપતા, પવિત્રતા



અને શાંતિનો સંદેશ આપે છે. ત્રિશૂલ: ત્રિગુણો (સત્વ, રજસ, તમસ) પર સંતુલન જાળવવાનું અને ત્રિવિધ તાપ (ભૌતિક, દૈવિક તથા આધ્યાત્મિક કષ્ટો) ના નાશનું દિવ્ય પ્રતિક. ચક્ર અને ગદા: ચક્ર એ કાળ (સમય) પર ઈશ્વરના નિયંત્રણનું સૂચક છે, જ્યારે ગદા અન્યાય સામે શક્તિ અને ધર્મના અડગ શાસનનું નિર્દેશન કરે છે. ધનુષબાણ અને ભાલુ: લક્ષ્ય પ્રત્યેની અચૂક એકાગ્રતા અને સમાજમાં રહેલી દુષ્પ્રવૃત્તિઓનો દૂરથી જ નાશ કરવાની ક્ષમતા દર્શાવે છે. ખડગ અને પરશુ: જીવના અજ્ઞાનતાના અંધકારને કાપવા (ખડગ) અને મનુષ્યના અહંકારનો છેદ ઉડાડવા (પરશુ) માટેના જ્ઞાન રૂપી શસ્ત્રો છે. પાશ: મોહ અને માયાના સાંસારિક બંધનો માંથી જીવને મુક્ત કરી, તેને ઈશ્વરની ભક્તિ તરફ બાંધવાનું કાર્ય કરે છે. સ્વાભિમાન અને ચેતનાનો સંદેશ: આ 'શૌર્ય શૃંગાર' માત્ર દર્શન પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે સમગ્ર વિશ્વના સનાતનીઓને સંદેશ આપે છે કે ધર્મ અને રાષ્ટ્રની રક્ષા માટે આધ્યાત્મિક શાંતિની સાથે સાથે શૌર્ય પણ અનિવાર્ય છે. 'સોમનાથ સ્વાભિમાન પર્વ' નિમિત્તે કરાયેલો આ વિશેષ શૃંગાર દરેક શ્રદ્ધાળુના હૃદયમાં આસ્થા, રાષ્ટ્રપ્રેમ અને ધર્મ પ્રત્યેના સ્વાભિમાનની જ્યોત પ્રજ્વલિત કરે છે.'ધર્મો રક્ષતિ રક્ષિતઃ - અર્થાત, જે ધર્મની રક્ષા કરે છે, ધર્મ તેની રક્ષા કરે છે.' સોમનાથ મહાદેવનો આ શ્રૃંગાર આ જ વૈદિક મંત્રને ચરિતાર્થ કરે છે.

# કડાણા તાલુકાની રાજનપુર પ્રાથમિક શાળામાં બાળકો ને પરાશર ભોજનમાં વાસી મગ આપવામાં આવતા ભારે હલ્લાબોલ...

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લામાં હાલ GBS (ગિલિયન-બારે સિન્ડ્રોમ) અને ચાંદીપૂરમ જેવા ગંભીર અને જીવલેણ રોગોએ પગપેસારો કર્યો છે, જેના કારણે બાળકોના મોત પણ નીપજ્યા છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા શાળાઓથી લઈને નાસ્તાની લારીઓ સુધી સઘન ચેકિંગ અને તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. તંત્ર દ્વારા રોજ શાળાઓ અને બાળકોના આંકડા પ્રસિદ્ધ કરી પોતાની સક્રિયતાના દાવા કરાઈ રહ્યા છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે.જિલ્લાની અંતરિયાળ શાળાઓમાં બાળકોને પીરસાતા ભોજનમાં ગંભીર ક્ષતિઓ સામે આવી રહી છે, જેનું તાજું ઉદાહરણ કડાણા તાલુકાની રાજનપુર પ્રાથમિક શાળા છે. શાળામાં બાળકોને જે મગ આપવામાં આવ્યા હતા તે વાસી હોવાનું સામે આવ્યું હતું જેના કારણે ગ્રામજનોએ શાળાનો ઘેરાવો



કરીને હલલાબોલ કરેલ હતો અને અઆ ઘટનાની જાણ થતા મામલતદાર સહિત ની ટીમ શાળાએ પહોંચી હતીને ગામજનોઅને વાલીઓની રજુઆત સાભળી ને નવેસરથી ભોજન બનાવી બાળકોને આપવામા આવ્યું હતું તંત્ર દ્વારા ભલે રોજ કડક વલણ અપનાવવાની મોટી વાતો કરાતી હોય, પરંતુ સ્થાનિક કક્ષાએ શાળાઓને વહીવટી તંત્રનો કોઈ જ ડર ન હોય તેમ ખુલ્લેઆમ બાળકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં થઈ રહ્યા છે. ત્યારે હાલ જિલ્લામા ચાલી રહેલ ગંભીર રોગો સામે આવી બેદરકારી સામે આવતા હવે વહીવટી તંત્ર માત્ર કાગળ પરની કાર્યવાહી કે નોટિસો પૂરતું સીમિત ન રાખી આવી બેજવાબદાર શાળાઓ સામે આકરી ફોજદારી અને દંડાત્મક કાર્યવાહી કરે. તંત્ર દ્વારા રાજનપુર શાળાના સંચાલકો સામે સખત પગલાં ભરીને સમગ્ર જિલ્લામાં એક કડક દાખલો બેસાડવામાં આવે, જેથી ભવિષ્યમાં કોઈ પણ શાળા બાળકોના આરોગ્ય સાથે રમૂજ કે ચેડાં કરવાની હિંમત ન કરે.ગુજરાત રાજયમાગૅવાહનવયવહાર કોરપોરેશન દવારા બસોના રુટ પર ચા. નાસતા માટે અલગ અલગ થી બસો ક ઈ હોટલ કે નાસતાની રેસટોરનટો પર ઉભી રાખવાનુ નકકી કરેલ છે. હાલમાં પ્રસરેલ રોગચાળો ને દયાન માં લ ઈને જીલલાવહીવટીતંત્ર ને મહીસાગર નું આરોગ્યવિભાગ દવારા આવા ખાણીપીણીની હોટલોનેનાસતાહાઉસો પર પણકડક ચેકીંગ કરે તે પણ મુસાફર જનતાના ને લોકોના આરોગયમાટે જરુરી હોઈ જેતે જવાબદાર વિભાગ દવારા જરુરી ચેકીંગ અવારનવાર હાથ ધરાયતે જરુરી છે.

# જાફરાબાદના સામાકાંઠા બાલકૃષ્ણ સોસાયટીના ભુતડાદાદાના મંદિર બાજુમા ખડકાઈલો ઉકરડા દુર કરવા ત્વરીત સફાઇ કામગીરી હાથ ધરવામાં આવી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ ના સામાકાંઠા બાલકૃષ્ણ સોસાયટી ભુતડાદાદા ના મંદિર ની બાજુમાં વોર્ડ નંબર ૩ માં ગંદકી થી ખદબદતા ઉકરડા બાબતે નગરપાલિકા ના પ્રમુખ ના પ્રતિનિધિ પ્રફુલ્લભાઇ બારૈયા ને અહીંના સ્થાનિક નાગરિક દ્વારા એક ફોન કરતા પ્રફુલ્લભાઇ બારૈયા દ્વારા નગરસેવા સદનની સેનીટેશન કમિટી ને હંગામી ધોરણે સામાકાંઠા વોર્ડ નંબર ૩ માં ખદબદતી ગંદકી ને દુર કરવા આદેશ આપતા યુદ્ધના ધોરણે જીસીપી ટ્રેક્ટર મારફતે ખદબદતા ઉકરડા ને ઉપાડવામાં આવ્યો હતો અહીં



બાલકૃષ્ણ સોસાયટી ભુતડાદાદા મંદિર ની બાજુમાં અગાઉ જ્યારે ઉકરડો ઉપાડવામાં આવ્યો ત્યારે ફક્ત એક બે ટ્રેક્ટર ભરી બાકીનો ગંદવાડો મુકીને ચાલતી પકડી લેતા હતા પરંતુ આ બાબતની જાણ નગરપાલિકા ના પ્રતિનિધિ પ્રફુલ્લભાઇ બારૈયા ને કરતા તેઓએ તમાંમ કચરો ઉપાડવાની સુચના આપતા અહીં ખદબદતી ગંદકી દુર કરવા આવતા અહિંના નાગરિકો દ્વારા પ્રમુખ શ્રી તથા ચિફ ઓફિસ ભાવનાબેન ની કામગીરી ને બિરદાવી હતી. અલગ-અલગ વિસ્તારોમાં અવાર-નવાર સફાઇ અભિયાન અંતર્ગત નગરપાલિકા દ્વારા વિસ્તારમાં ગટર સફાઈ, કચરા નિકાલ અંગેની કામગીરી કરવામાં આવી હતી હતી. વિસ્તારમાં રહેતા સ્થાનિકોની ફરિયાદ અન્વયે સેનીટેશન દ્વારા સફાઈ કર્મીઓને ત્વરીત કામે લગાવીને સઘન સફાઈ કામગીરી કરવામાં આવી હતી વિવિધ રહેણાંક વિસ્તારોમાં ગંદકીની ફરિયાદને પગલે સેનીટેશન વિભાગ ને હંગામી ધોરણે સફાઇ કરી તાત્કાલીક નિકાલ કરવા આદેશ આપવામાં આવ્યો હતો .આ તકે પ્રફુલ્લભાઇ બારૈયા દ્વારા સફાઈ કર્મીઓને ઝડપથી ગંદકીનો નિકાલ કરવાની સૂચના આપવામાં આવી હતી.

# સંતરામપુર બજાર વિસ્તારમાં જિલ્લા ટાસ્ક ફોર્સના આકસ્મિક દરોડા: ૪ તરુણ શ્રમિકોને મુક્ત કરાવાયા

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લામાં બાળ તેમજ તરુણ મજૂરીની બદીને જડમૂળથી નાબૂદ કરવાના ઉદ્દેશ સાથે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગર દ્વારા નિયુક્ત થયેલ 'જિલ્લા ટાસ્ક ફોર્સ'ની ટીમ દ્વારા સરકારી શ્રમ અધિક પી. કે. બારીઆની રાહબરી હેઠળ તા. ૨૧ ઓગસ્ટના રોજ સંતરામપુર બજાર વિસ્તારમાં વિવિધ વેપારી એકમો પર આકસ્મિક દરોડાની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.આ સઘન તપાસ દરમિયાન સંતરામપુરના કોલેજ રોડ, ગોધરા ભાગોળ ખાતે આવેલી 'કલા ઉત્સવ' માંથી ૦૩ (ત્રણ) તથા સંતરામપુર ખાતે આવેલ અન્ય એક પેઢી 'રાજ સર્વિસ'માંથી ૦૧ (એક) મળી કુલ ૦૪ તરુણ શ્રમયોગીઓ કામ કરતા મળી આવ્યા હતા. ટાસ્ક ફોર્સની ટીમ દ્વારા આ તમામ તરુણ શ્રમિકોને ત્વરિત અસરથી કામ પરથી મુક્ત કરાવવામાં આવ્યા હતા. નિયમોનો ભંગ કરી તરુણો પાસે મજૂરી કરાવવા બદલ સદર બંને સંસ્થાઓ/પેઢીઓ વિરુદ્ધ 'બાળ અને તરુણ શ્રમિક (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ-૧૯૮૬'ની સુસંગત જોગવાઈઓ હેઠળ કાયદેસરની તપાસનોંધ પસાર કરી આગળની શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.બાળકો અને તરુણોના શોષણને અટકાવવા હાથ ધરાયેલી આ સંયુક્ત કાર્યવાહીમાં સરકારી શ્રમ અધિકારી પી. કે. બારીઆ સહિત એન્ટી ટ્રાફિક યુનિટ,મહીસાગરના અધિકારી તથા'ગાયત્રી સેવા સંસ્થાન અને લુણાવાડાના પ્રતિનિધિઓ સક્રિયપણે જોડાયા હતા. જિલ્લામાં કોઈપણ સંસ્થા કે વ્યવસાયિક એકમમાં બાળ કે તરુણ શ્રમિકો પાસે જોખમી કે ગેરકાયદેસર કામ કરાવવામાં આવશે તો તેમની સામે કાયદાકીય લાલ આંખ કરી કડક પગલાં ભરવામાં આવશે તેમજ આગામી દિવસોમાં પણ આ પ્રકારની આકસ્મિક તપાસ ઝુંબેશ અવિરતપણે ચાલુ રહેશે તેમ સરકારી શ્રમ અધિકારીની કચેરી, મહીસાગર દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

# ભોજનની થાળી



- રૂપાલી દવે



મોટાભાગની આજની મોર્ડન મમ્મી ઓની ફરિયાદ: મારું બાળક માટી ખાતા શીખી ગયું છે ખબર નહી મારા બેટા ને માટી ખાવાની આદત ક્યાંથી પડી ગઈ છે.માટી ખાધા બાદ બાળક પર ગુસ્સો કરો તો એ રડતા રડતા "સોરી" તો બોલે છે પણ દીવાલ પરની ફોતરી ઉખાડી ને ચૂપચાપ મોં માં મૂકશે જ.શું કરવું કેટલી હદે બાળક ને ડરવાનું અને ધમકાવાનું? એ રડે છે ત્યારે જીવ બળી જાય છે. વાસ્તવિકતા તો એ છે બાળક માટી ખાય છે એની પાછળ "પોષક તત્વો" ની ખામી ખાસ જવાબદાર છે. નિયમિત પણે નાના બાળક ના શરીર ના વિકાસ માટે આયર્ન, કેલ્શિયમ, વિટામિન્સ અને પ્રોટીનની જરૂર પડતી હોય છે.માત્ર કેલ્શિયમ ની દવા આપવા થી બાળક માટી ખાવાનું બંધ નહી કરે એના શરીર ને આયર્ન,વિટામિન્સ અને પ્રોટીન પણ આવશ્યકતા હોય છે.જ્યારે બાળક ધાક ધમકી કે સજા થી પણ માટી ખાવાનું બંધ ન કરે ત્યારે ડોક્ટર ની સલાહ લેવી જોઈએ."પુત્ર ના લક્ષણ પારણે થી" આમજ નથી કીધું.જે સ્ત્રી સગર્ભાવસ્થા માં આવનાર બાળક ના સ્વાથ્ય ને અનુરૂપ પોષક તત્વો થી ભરપુર ખોરાક લેતી હોય છે એના બાળક ને જન્મ બાદ પોષકતત્વો ની ખામી રહેતી નથી. સગર્ભાવસ્થા બાદ પણ માતાના ખોરાક પર જ બાળક નું સ્વાસ્થ્ય નિર્ભર હોય છે. આ કારણોસર બાળકની આદત અને સ્વાથ્ય એ માતા પર નિર્ભર વધારે હોય છે. બાળક ને સમજણ આવે એ પહેલે થી જ પોષકતત્વો થી ભરપુર પૌષ્ટિક થાળીની આદત પાડવી જોઈએ. આપણા ત્યાં બાળક ને અમુક જ ભાવે અને અમુક તો બિલકુલ ના ખાય મતલબ ન ખાય એ સ્ટેટ્સ સિમ્બોલ બની ગયું છે.શું કામ ન ખાય? બાળકની જીદ પોષવા ને બદલે એની તંદુરસ્તી વધારે જરૂરી હોય છે. બાળકની આદત સુધરવા માટે થાળી માં પીરસેલ દાળ,ભાત, શાકભાજી, કઠોળ , સલાડ અને રોટલી કડકાઈ થી જમાડો. લીલોતરી શાક પૌષ્ટિક તત્વો થી ભરપુર હોય છે ને લીલી ભાજી માં લોહતત્વ વધારે હોય છે.થાળી ગુજરાતી કે અન્ય રાજ્ય ની પણ એ આબોહવા ને અનુરૂપ પંચ રસ,નવ ગુણ,દસ ઔષધી યુક્ત પૂર્વજો એ બનાવી છે.આજ ની ચીઝ પનીરની આહાર વિરોધી રેસિપી ઓની ભેળસેળ માં બાળકો નો ટેસ્ટ બદલાઈ જતા એને ઘરનું સાદુ પૌષ્ટિક ભોજન ભાવતું હોતું નથી જે વ્યક્તિ ભોજન નું મહત્વ સમજે છે એને સો વર્ષ ના આયુષ્યે પણ નિરોગી રહે છે."અન્ન બ્રહ્મ" શ્લોક માંજ ભોજન નું મહત્વ આવી ગયું છે.પ્રાચીન સમય માં પાંચ વર્ષ ના બાળક ને અભ્યાસાર્થે ઘર થી દૂર ગુરુ ના આશ્રમ માં દસ બાર વર્ષ સુધી વિદ્યા થી લઈને શસ્ત્ર અભ્યાસ માટે મોકલવા માં આવતા હતા. ગુરુ આશ્રમથી બેઝિક સંસ્કાર સ્વ શિસ્ત અને પોષક તત્વો યુક્ત ભોજન ની પરંપરા ગ્રહણ કરી ને કાયમ ખડતલ નિરોગી રહેતા હતા. સાંપ્રત સમય માં બાળક ને લાડ પ્યાર માં જે માંગે એ આપવા માં જ બાળક નો માનસિક અને શારીરિક ગ્રોથ થતા નથી. પૂર્વજો એ સ્વાથ્ય અને તંદુરસ્તી ને કેન્દ્ર માં રાખી ને વિવિધ પોષક તત્વો થી ભરપુર વ્યંજનોની થાળી એટલે દાળ,ભાત, શાક ભાજી, કઠોળ, સલાડ,રોટલી અને દહીં છાશ. ચાલો જાણીએ ભોજન ની થાળી ના પોષકતત્વો વિશે : દાળ : ભારત માં મોટાભાગે ગુજરાત માં બપોર ના ભોજન માં તુવેર દાળ, મસૂર દાળ, મગની દાળ,ચણાની દાળ,અડદની દાળ વગેરે દાળ આઠ દિવસ માં ક્રમ અનુસાર બનતી હોય છે.દાળમાં પ્રોટીન,ફાયબર, વિટામિન્સ,ખનીજ તત્વો અને કાર્બોહાઈડ્રેટ ભરપૂર માત્રા માં હોય છે. ગુજરાત માં અન્નપ્રાશન વિધિ(બાળક ને પ્રથમ વાર અન્ન ગ્રહણ કરવાની વિધિ) માં બાળક ને દાળ નું પાણી પીવડાવવા માં આવે છે. આ વિધિ બાદ બાળક ના પાચન તંત્ર ને માફક આવે એ મુજબ નિયમિત દાળ ભાત કે ખીચડી માં ગાય નું ઘી નાખીને આપવામાં આવે છે. ભાત કે ચાવલ કે ચોખા : ચોખા,ચાવલ કે ભાત માં કાર્બોહાઈડ્રેટ અને ખનિજ તત્વો ભરપૂર માત્રા માં ઉપલબ્ધ હોય છે. સુપાચ્ય ખોરાક ચોખા એ બાળક ના શરીર ને ઊર્જાવાન રાખવામાં મદદ રૂપ થાય છે.આમ તો ચોખા,ચાવલ કે ભાત એ વિશ્વભર ના લોકોનો મુખ્ય ખોરાક છે પણ ભારતમાં પશ્ચિમ બંગાળ,આંધ્ર પ્રદેશ,તમિલનાડુ,આસામ, ઓડિશા અને કેરલ ના લોકો ના ભોજન માં ચોખા,ચાવલ કે ભાત કેન્દ્રસ્થાને હોય છે. આ બધા પ્રદેશમાં સાંસ્કૃતિક વિધિ વિધાન કે વાર તહેવાર ની ઉજવણી વાનગીઓ તો ચોખા ચાવલ કે ભાત માંથી જ બનતી હોય છે. રોટલી : ઘઉં માંથી બનતી ગરમા ગરમ રોટલી,ભાખરી થેપલા,પરાઠા વગેરે ની આદત ગુજરાત,યુ.પી, બિહાર, રાજસ્થાન,હરિયાણા અને પંજાબ ના લોકોને હોય જ છે. આજકાલ યુ ટ્યુબ વિડિઓઝ અને ડાયટિશિયનો એ ઘઉં થી ચરબી વધે એવું કહેતા હોય છે.કોઈપણ ખોરાક ક્યારેય નુકશાન કારક નથી હોતો જરૂર થી વધારે માત્રા માં લેવાથી જ નુકશાન થાય છે. ઘઉં માં માત્ર કાર્બ નથી હોતો એની સાથે ઉપયોગી ખનીજ તત્વો,ફાઈબર, વિટામિન બી અને ભરપૂર માત્રામાં પ્રોટીન ઉપલબ્ધ હોય છે.જે શરીર ના ખડતલ બંધા માટે અત્યંત ફાયદાકારક સાબિત થાય છે. કઠોળ : ભારત સહિત દુનિયા ના મોટાભાગ ના દેશો માં કઠોળ નો ઉપયોગ ભોજન માં કરવામાં આવતો હોય છે.કઠોળ માં ભરપૂર માત્રામાં લોહતત્વ સહિત ડાયેટરી ફાઈબર, વિટામિન બી,કેલ્શિયમ,પોટેશિયમ અને પ્રોટીન હોય છે. નિયમિત સવારે નાસ્તામાં એક વાટકી ચણા,મગ કે અન્ય બાફેલા કઠોળ ખાવાથી શરીર લાઈફ ટાઈમ મજબૂત અને તંદુરસ્ત રહે છે. શાક ભાજી અને સલાડ: શાક ભાજી એટલે બટેટા ડુંગળી નહી શાક ભાજી એટલે રંગ બે રંગી શાક સાથે ભાજી નો સમન્વય. આપણા શરીર માટે નિયમિત શાક ભાજી ખાવા અત્યંત ફાયદાકારક હોય છે. શાકભાજી માં ઉપલબ્ધ એન્ટી ઓક્સિડન્ટ,વિટામિન સી,વિટામિન કે,વિટામિન એ, કેલ્શિયમ અને આયર્ન એ આંખ,ત્વચા, વાળ,હાડકા, હૃદય ને મજબૂત રાખવા સાથે શરીર ની રોગ પ્રતિકારક શક્તિ વધારે છે.ગાજર,કાકડી,મૂળા, બીટ વગેરે જેવા સલાડ એ વિટામિન્સ,ફાઈબર અને ખનિજો નો સ્ત્રોત માનવામાં આવે છે. દહીં કે છાશ : દહીં ને વિટામિન બી ૧૨ નો સ્ત્રોત માનવામાં આવે છે એટલે નિયમિત ભોજન બાદ એક વાટકી દહીં ખાવું હિતાવહ છે.વિટામિન બી ૧૨ એ માત્ર ને માત્ર પ્રાણી જન્ય ખોરાક માંથી જ મળે છે.આ કારણોસર શાકાહારી લોકો ને દૂધ માંથી બનતી પ્રોડક્ટ માંથી જ વિટામિન બી ૧૨ મળી શકે છે. વિટામિન બી ૧૨ ની ખામી ના લીધે અલ્ઝાઈમર નામના મગજ સંબંધિત રોગ,અશક્તિ, બ્લડ સેલ્યુલેશન ધીમુ થવું અને ચહેરો પીળો પડી જેવી સમસ્યા શરીર ની અંદર સર્જાઈ છે.સામન્ય રીતે શરીર ને અંદાજિત ૨.૪ માઇક્રોગ્રામ વિટામિન b ૧૨ ની આવશ્યકતા નિયમિત હોય છે. એક કપ ૨૫૦ ગ્રામ દહીં માંથી અંદાજિત ૧.૩થી ૧.૫ માઇક્રોગ્રામ વિટામિન બી ૧૨ મળતા શરીર એની રૂટિન જરૂરિયાત ને સંતોષી શકે છે.જ્યા બાદ દહીં લેવાની આદત ના લીધે ભવિષ્ય માં ક્યારેય વિટામિન બી ૧૨ ની દવાઓ લેવા ની જરૂર પડતી નથી. જ્યા બાદ છાશ પીવાથી પાચન ની સમસ્યા ક્યારેય સતાવતી નથી. આપણા પૂર્વજો એ સમજી વિચારી ને બનાવેલ શરીર ની તંદુરસ્તી અને તાકાત માટે બનાવેલ નિયમિત ભોજન ની થાળી ને અનુસરી ને બાળકો ને બાળપણ થી જ એની આદત પાડશો તો એ માટી તો શું ભૂલ થી ભૂલ માં પણ મેંદો,પિઝા પાસ્તા વગેરે સ્વાસ્થ્ય ને હાનિકારક ખોરાક તરફ પણ નજર કરશે નહીં.

ડોન 3' માંથી બહાર થવાને લઈને રણવીર સિંહ પર ફરહાન અખ્તરની એક્સેલ એન્ટરટેઈનમેન્ટના 45 કરોડ રૂપિયાના કથિત નુકસાનના દાવાનો મામલો હવે IMPPA (ઈન્ડિયન મોશન પિક્ચર પ્રોડ્યુસર્સ એસોસિએશન) સુધી પહોંચી ગયો છે. તેવામાં પિતા જગજીત સિંહે એસોસિએશન સમક્ષ રણવીરનો પક્ષ રજૂ કર્યો છે. તેમની લીગલ ટીમે IMPPAના અધિકારક્ષેત્ર પર પ્રશ્નો ઉઠાવ્યા છે. રણવીર સિંહ અને ફિલ્મ 'ડોન 3'ના મેકર્સ વચ્ચેનો વિવાદ નવા વળાંક પર પહોંચી ગયો છે. ફિલ્મમાંથી કથિત રીતે બહાર થયા પછી એક્સેલ એન્ટરટેઈનમેન્ટ દ્વારા રણવીર સિંહ પાસેથી લગભગ 45 કરોડ રૂપિયાના નુકસાનની ભરપાઈનો દાવો કરવામાં આવ્યો હોવાની વાત સામે આવી હતી. આ જ મામલે રણવીરના પિતા જગજીત સિંહ ભવાનીએ IMPPAનો સંપર્ક કર્યો છે.
18 ઓગસ્ટે જગજીત સિંહ ભવાની IMPPAના અધિકારીઓને મળ્યા હતા. તેમણે રણવીર સિંહ વતી પોતાનો પક્ષ રજૂ કરતા સંબંધિત દસ્તાવેજો અને અન્ય સામગ્રી એસોસિએશનને સોંપી હતી. IMPPA પ્રેસિડેન્ટ અભય સિંહાએ મુલાકાતની પુષ્ટિ કરી હતી અને કહ્યું હતું કે, 'બેઠક સારી રહી. હવે એસોસિએશનની લીગલ ટીમ બંને પક્ષોના દસ્તાવેજો અને દાવાઓની તપાસ કરી રહી છે.'

# 'ડોન 3' વિવાદમાં રણવીર સિંહના પિતાની એન્ટ્રી

## લીગલ ટીમે પ્રોડ્યુસર્સ એસોસિએશનને કાનૂની કાર્યવાહીની ચેતવણી આપી; IMPPAના પ્રેસિડેન્ટે તપાસનો દાવો કર્યો



(એજન્સી) મુંબઈ | તા 25

બીજી તરફ, રણવીર સિંહની લીગલ ટીમે IMPPAની ભૂમિકા પર પ્રશ્ન ઉઠાવ્યા છે. રિપોર્ટ્સ અનુસાર, ટીમે એસોસિએશનને ઔપચારિક જવાબ આપતા કહ્યું છે કે, આ વિવાદ પર નિર્ણય લેવાનો અધિકાર IMPPA પાસે નથી. રણવીર તરફથી કહેવામાં આવ્યું છે કે, એક્સેલ એન્ટરટેઈનમેન્ટ સાથે તેની વચ્ચે કથિત રીતે કોઈ ઔપચારિક કોન્ટ્રાક્ટ નહોતો, પરંતુ એક MoU (મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ) હતો. તેની લીગલ ટીમે 45 કરોડ રૂપિયાના દાવાનો વિરોધ કરતા IMPPAને હસ્તક્ષેપ ન કરવા જણાવ્યું છે.
રિપોર્ટ્સ અનુસાર, રણવીરની લીગલ ટીમે IMPPAને ચેતવણી આપી છે કે, જો એસોસિએશન એક્ટર વિરુદ્ધ કોઈ પ્રસ્તાવ કે નિર્ણય પસાર કરશે, તો તેઓ કાનૂની કાર્યવાહી કરી શકે છે. રણવીર તરફથી દલીલ કરવામાં આવી છે કે જો એક્સેલ એન્ટરટેઈનમેન્ટ અને એક્ટર વચ્ચે વિવાદ છે અને પરસ્પર વાતચીતથી તેનો ઉકેલ ન આવે, તો મામલો કોર્ટમાં જવો જોઈએ.
આ મામલે દિવ્ય ભાસ્કર સાથે વાત કરતા IMPPAના પ્રેસિડેન્ટ અભય સિંહાએ કહ્યું કે, 'આ કેસ લગભગ એક અઠવાડિયા પહેલા IMPPA પાસે આવ્યો હતો. હાલમાં એસોસિએશનની લીગલ ટીમ આના પર કામ કરી રહી છે.' અભય સિંહાએ કહ્યું કે, 'બંને પક્ષોના દસ્તાવેજો અને દાવાઓની તપાસ કરવામાં આવી રહી છે. આવતા અઠવાડિયે પ્રેસ કોન્ફરન્સ કરીને આ મામલે વિગતવાર ચર્ચા કરવામાં આવશે.'
હાલમાં IMPPAએ આ વિવાદ પર કોઈ અંતિમ નિર્ણય આપ્યો નથી. એસોસિએશનની લીગલ ટીમ બંને પક્ષોના દસ્તાવેજો અને દાવાઓની તપાસ કરશે.

### શું છે 45 કરોડ રૂપિયાનો વિવાદ?

ખરેખર, રણવીર સિંહના 'ડોન 3'માંથી કથિત રીતે અલગ થયા બાદ ફિલ્મના નિર્માતા ફરહાન અખ્તર અને રિતેશ સિધવાનીની કંપની એક્સેલ એન્ટરટેઈનમેન્ટ તરફથી એક્ટર પાસેથી લગભગ 45 કરોડ રૂપિયાના નુકસાનની ભરપાઈની માંગણીના સમાચાર સામે આવ્યા હતા.

જણાવવામાં આવ્યું હતું કે રણવીરના ફિલ્મમાંથી બહાર થવાને કારણે પ્રોડક્શનની તૈયારીઓ અને અન્ય કામોમાં પ્રોડ્યુસર્સને આર્થિક નુકસાન થયું. આ જ વિવાદને લઈને મામલો પહેલા ફિલ્મ ઈન્ડસ્ટ્રીની બીજી સંસ્થાઓ સુધી પણ પહોંચ્યો હતો. મે મહિનામાં ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝ એટલે કે FWICE એ રણવીર સિંહ વિરુદ્ધ નોન-કોઓપરેશન ડાયરેક્ટિવ જાહેર કર્યું હતું. જોકે, જૂનમાં ઈન્ડસ્ટ્રીની અલગ-અલગ સંસ્થાઓ સાથે વાતચીત કર્યા પછી આ ડાયરેક્ટિવ પાછું ખેંચી લેવામાં આવ્યું હતું.

હવે મામલો IMPPA સમક્ષ છે. એક તરફ એસોસિએશન બંને પક્ષોના દસ્તાવેજોની તપાસ કરી રહ્યું છે, તો બીજી તરફ રણવીરની લીગલ ટીમ IMPPA ના અધિકારક્ષેત્ર પર પ્રશ્ન ઉઠાવી રહી છે. આવી સ્થિતિમાં, આવતા અઠવાડિયે યોજાનારી IMPPA ની પ્રેસ કોન્ફરન્સ આ વિવાદમાં મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

આ દરમિયાન રણવીર સિંહે પોતાના આગામી પ્રોજેક્ટ 'પ્રલય'નું શૂટિંગ શરૂ કરી દીધું છે. જય મહેતાના ડિરેક્શનમાં બની રહેલી આ ઝોમ્બી-આધારિત થ્રિલર છે, જેમાં તેની સાથે કલ્યાણી પ્રિયદર્શન પણ જોવા મળશે. ડોન 3'માંથી બહાર થવાને લઈને રણવીર સિંહ પર ફરહાન અખ્તરની એક્સેલ એન્ટરટેઈનમેન્ટના 45 કરોડ રૂપિયાના કથિત નુકસાનના દાવાનો મામલો હવે IMPPA (ઈન્ડિયન મોશન પિક્ચર પ્રોડ્યુસર્સ એસોસિએશન) સુધી પહોંચી ગયો છે. તેવામાં પિતા જગજીત સિંહે એસોસિએશન સમક્ષ રણવીરનો પક્ષ રજૂ કર્યો છે. તેમની લીગલ ટીમે IMPPAના અધિકારક્ષેત્ર પર પ્રશ્નો ઉઠાવ્યા છે. રણવીર સિંહ અને ફિલ્મ 'ડોન 3'ના મેકર્સ વચ્ચેનો વિવાદ નવા વળાંક પર પહોંચી ગયો છે. ફિલ્મમાંથી કથિત રીતે બહાર થયા પછી એક્સેલ એન્ટરટેઈનમેન્ટ દ્વારા રણવીર સિંહ પાસેથી લગભગ 45 કરોડ રૂપિયાના નુકસાનની ભરપાઈનો દાવો કરવામાં આવ્યો હોવાની વાત સામે આવી હતી.

### વર્ષોના અબોલા ભૂલીને કશ્મીરા મામીજીના સપોર્ટમાં...!

# સુનીતાને ખુલ્લુ સમર્થન આપતા કહ્યું, 'કંઈક તો ખોટું થયું હશેને, એટલે આટલા વર્ષે પોતાની વાત રજૂ કરી'

(એજન્સી) મુંબઈ | તા 25

ગોવિંદા અને સુનીતા આહુજાના વિવાદમાં દિવસે ને દિવસે નવા વળાંક આવી રહ્યા છે. એક તરફ પરિવારના કેટલાક સભ્યો આ અંગે મગનું નામ મરી પાડવા માંગતા નથી, તો બીજી બાજુ મામી સુનીતા સાથે વર્ષો સુધી અબોલા રાખનાર ભાણેજ વહુ કશ્મીરા હવે ખૂલીને તેનું સમર્થન કરી રહી છે.
ખરેખરમાં, એક્ટર અભિષેક કુમારની બર્થડે પાર્ટીમાં પાપારાઝી સાથે વાતચીત દરમિયાન કશ્મીરાને પરિવારના વિવાદ પર પ્રતિક્રિયા આપવા માટે કહેવામાં આવ્યું હતું. તેણે આ મામલાની દરેક વાત પર ચર્ચા કરવાનો ઈનકાર કર્યો, પરંતુ કહ્યું, હું એટલું જાણું છું કે તે મારી ફેમિલી છે. હું મારી ફેમિલીને પ્રોટેક્ટ કરીશ અને મારી ફેમિલીની મહિલાઓની સાથે ઊભી છું. કશ્મીરાએ સુનીતાના જાહેરમાં બોલવાના નિર્ણયને પણ સમર્થન આપ્યું.
તેણે કહ્યું, લગ્ન અને બેવફાઈને લઈને પ્રશ્ન કર્યો
કશ્મીરાના આ તાજેતરના નિવેદન ઉપરાંત તેણે થોડા સમય પહેલા લગ્ન અને બેવફાઈને લઈને સોશિયલ મીડિયા પર એક ક્રિપ્ટિક પોસ્ટ શેર કરી હતી. તેણે આકાશમાં દિલના આકારના નિશાનની તસવીર સાથે સવાલ કર્યો હતો કે, શું હજુ પણ "સાચો પ્રેમ" અસ્તિત્વમાં છે? તેણે કહ્યું હતું કે, લગ્નો તૂટવાથી અને લોકો દ્વારા છેતરપિંડી કરવાથી તેનો વિશ્વાસ ઓછો થયો છે. આ પોસ્ટ ગોવિંદા અને સુનીતાના લગ્નને લઈને ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે આવી હતી.
મામી, મજબૂત રહો. તમે એકલા નથી, અમે બધા તમારી સાથે છીએ. કોઈને પણ તમને નબળા પાડવા ન દેતા. અસલી જિંદગી હોય કે રીલ લાઈફ, હંમેશાં તમે જેવા છો તેવા જ રહો અને જે તમને પરેશાન કરી રહ્યું છે, તેને તે જ અંદાજમાં જવાબ આપો. તેમને બતાવી દો કે અસલી મુશ્કેલી શું હોય છે.
તમારો આ 'ડેવિલ્સ એન્જલ' તમારી રક્ષા કરવા અહીં છે. હું વચન આપું છું કે કોઈને તમને નીચા દેખાડવા કે રડાવવા નહીં દઉં. મને ખબર છે કે તમે તેમને જવાબ આપી શકો છો, પરંતુ તમે ચૂપ છો કારણ કે તમે ઘરે પાછા જવા માંગો છો. મારું કહેવું છે કે ત્યાં જ ટકી રહો અને જે પણ શોમાં તમને પરેશાન કરી રહ્યું છે, તેની જિંદગી મુશ્કેલ કરી દો. તમને આજે પણ અને હંમેશા પ્રેમ રહેશે. સુનીતાએ અરજી પાછી ખેંચવાનું કારણ જણાવ્યું સુનીતા પોતાના લગ્નની સમસ્યાઓ વિશે પહેલા પણ બોલી ચૂકી છે. તાજેતરમાં જ સુનીતાએ એક ફોન કોલમાં રાખી સાવંત સાથે વાતચીત દરમિયાન એ પણ કહ્યું કે, તેણે છૂટાછેડાની અરજી એટલા માટે પાછી ખેંચી કારણ કે ગોવિંદા પોતાની કો-એક્ટ્રેસ કોમલ રાની સ્વર્ણકાર સાથે લગ્ન કરવાનો હતો.



### ગોવિંદાના મેનેજર શશિ સિંહાએ સુનીતા આહુજાના દાવાને ખોટો ગણાવ્યો

ઈન્ડિયા ટુડે સાથેની વાતચીતમાં શશિએ કહ્યું કે, સુનીતાની વાત સાંભળીને તેને આશ્ચર્ય થયું. તેણે સ્પષ્ટ કહ્યું કે ગોવિંદાના બીજા લગ્નનો કોઈ પ્રશ્ન જ નથી. તેણે કહ્યું, હું આ વાત તમારી પાસેથી સાંભળી રહ્યો છું. એવું કંઈ નથી અને ન તો એવું થશે. બીજા લગ્ન નથી થઈ રહ્યા. તે તેમની પત્ની છે અને કદાચ તેમના મનમાં કંઈક ચાલી રહ્યું હશે, તેથી તેમણે આવું કહ્યું.

શશિએ કહ્યું કે, જો ગોવિંદા ખરેખર લગ્ન સમાપ્ત કરીને બીજા લગ્ન કરવા માંગતો હોત, તો તે પોતે છૂટાછેડાની અરજી આપત. તેના મતે, છૂટાછેડાની પ્રક્રિયા સુનીતાએ શરૂ કરી હતી અને બાદમાં તેણે જ અરજી પાછી ખેંચી લીધી. ગોવિંદાએ અફવાઓને લઈને પબ્લિક નોટિસ જાહેર કરી બીજી તરફ, પર્સનલ લાઈફને લઈને ફેલાયેલી અફવાઓ અંગે ગોવિંદા તરફથી પબ્લિક નોટિસ જાહેર કરવામાં આવી હતી.

ન્યૂઝ એજન્સી ANI અનુસાર, નોટિસમાં મીડિયા ઓર્ગેનાઈઝેશન, ડિજિટલ પ્લેટફોર્મ અને કન્ટેન્ટ ક્રિએટર્સને ગોવિંદા કે તેમના પરિવાર સાથે સંબંધિત ખોટી, બદનામ કરનારી, ખોટા ઈરાદાવાળી, મનઘડંત કે વેરિફાઈ ન થયેલું કન્ટેન્ટ બનાવવા અને ફેલાવવાથી ચેતવણી આપવામાં આવી છે.

# આદિત્ય સીલ-અનુષ્કા રંજનના ઘરે લક્ષ્મીજીઓ પધાર્યાં

## કપલે જોડિયા દીકરીઓના નામ રિવીલ કર્યાં, એક્ટરે કહ્યું- 'અમારા જીવનમાં રોશની આવી ગઈ'

(એજન્સી) મુંબઈ | તા 25

ફિલ્મ 'સ્ટુડન્ટ ઓફ ધ યર 2' ફેમ એક્ટર આદિત્ય સીલ અને તેની પત્ની એક્ટ્રેસ અનુષ્કા રંજન જોડિયા દીકરીઓના માતા-પિતા બન્યા છે. અનુષ્કાએ 23 ઓગસ્ટ 2026ના રોજ બે દીકરીઓને જન્મ આપ્યો.

કપલે સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને આ માહિતી શેર કરી. તેમણે પોતાની દીકરીઓના નામ 'વીરા રંજન સીલ' અને 'માહી રંજન સીલ' રાખ્યા છે. આદિત્ય સીલે ઈન્સ્ટાગ્રામ પર એક ખાસ કાર્ડ શેર કરીને ખુશી વ્યક્ત કરી અને બધાનો આભાર માન્યો.

આદિત્યએ લખ્યું- 'અમારા જીવનમાં રોશની આવી ગઈ' આદિત્ય સીલે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર દીકરીઓના આગમનની ખુશી વ્યક્ત કરતા લખ્યું, 'મારી સનશાઈન અમારા જીવનને રોશન કરવા આવી ગઈ છે. અમારું હૃદય પ્રેમ અને આભારથી ભરેલું છે. વીરા અને માહી, ટીમ ગર્લ.' કપલે જે કાર્ડ શેર કર્યું છે, તેમાં બે બાળકીઓના ક્યૂટ ઈલસ્ટ્રેશન બનેલા છે.

મે 2026માં શેર કરી હતી પ્રેગ્નન્સીની ખબર કપલે આ જ વર્ષે પ્રેગ્નન્સીના સમાચાર ચાહકો સાથે શેર કર્યા હતા. મે 2026માં HT સિટીને આપેલા ઈન્ટરવ્યુમાં અનુષ્કા રંજને જણાવ્યું હતું કે, તેમના બાળકનો જન્મ સપ્ટેમ્બરમાં થવાનો હતો. તેણે કહ્યું હતું કે, તેઓ આ સમાચાર શેર કરવામાં થોડા મોડા પડ્યા હતા, કારણ કે તેઓ પોતાને થોડો સમય આપવા માંગતા હતા. લગ્નની જાહેરાત કરવા કરતાં તેઓ આ સમાચાર શેર કરતી વખતે વધુ નર્વસ હતા, પરંતુ મિત્રો અને લોકોના રિએક્શનથી તેઓ ખૂબ જ ભાવુક અનુભવી રહ્યા હતા.



પ્રેગ્નન્સીમાં 150થી વધુ ઈન્જેક્શન લાગ્યા અનુષ્કા રંજને પોતાની યુટ્યુબ ચેનલ પર IVF ટ્રીટમેન્ટ વિશે ખૂલીને વાત કરી હતી. તેણે જણાવ્યું હતું કે, માતા બનવાની પ્રક્રિયા સરળ નહોતી અને તેને લગભગ 150થી વધુ ઈન્જેક્શન લેવા પડ્યા હતા.

અનુષ્કાના મતે, ઈન્જેક્શનના દુખાવાને કારણે તે રડવા લાગતી હતી. અનુષ્કાએ જણાવ્યું કે વર્ષ 2023થી તે ફેમિલી પ્લાનિંગ વિશે વિચારી રહી હતી, ત્યારબાદ પોતાની બહેન આકાંક્ષા રંજનની સલાહ પર તેણે ડોક્ટરનો સંપર્ક કર્યો હતો.



# કંગના રનૌત રઘવાઈ થઈ...!

## ભાજપ સાંસદે કહ્યું- 'આશુતોષ રાણા, સોનુ સૂદ, તાપસી અને રાખી મારી સરખામણીમાં 1% પણ સફળ નથી, તેમનું જ્ઞાન નહીં સાંભળું'

(એજન્સી) મુંબઈ | તા 25

ભાજપ સાંસદ અને એક્ટ્રેસ કંગના રનૌતે ટીકાકારો પર નિશાન સાધ્યું. તેણે આશુતોષ રાણા, સોનુ સૂદ, રાખી સાવંત અને તાપસી પન્નુનું નામ લઈને કહ્યું કે, જો લોકો તેના જેવા એક ટકા પણ સફળ નથી થયા, તો તે તેમનું જ્ઞાન નહીં સાંભળે. કંગનાએ બાબા રામદેવ પર પણ મર્યાદા ઓળંગવાનો આરોપ લગાવ્યો.
દિલ્હીમાં કંગના રનૌતે પોતાના વિરુદ્ધ નિવેદન આપનારાઓ પર આકરો પ્રહાર કર્યો. તેણે કહ્યું કે, 'ઘણા લોકો રોજ મને લઈને અલગ-અલગ ટિપ્પણીઓ કરે છે અને જ્ઞાન આપવાનો પ્રયાસ કરે છે.' IANS સાથેની વાતચીતમાં કંગનાએ કહ્યું, 'હું રોજ જોઉં છું કે આવા લોકો, ભલે તે આશુતોષ રાણા હોય, જે કહે છે કે કૂતરાની જેમ ભસે છે, ભલે સોનુ સૂદ હોય, જે કહે છે કે મારે રીત શીખવી જોઈએ.'
તેણે આગળ રાખી સાવંત અને તાપસી પન્નુનું નામ લઈને પણ નિશાન સાધ્યું. કંગનાએ કહ્યું કે, 'રાખી સાવંત મારા ચારિત્ર્ય પર ગંદી ટિપ્પણીઓ કરે છે, જ્યારે તાપસી પન્નુ તેમના માતા-પિતા, ઉછેર અને બેકગ્રાઉન્ડનું અપમાન કરતી રહે છે.'
કંગનાએ ટીકાકારોને જવાબ આપતા કહ્યું, 'આ લોકો માટે મારો માત્ર એક સંદેશ છે કે, જો તમે લોકો મારા જેટલી એક ટકા પણ જીવનમાં સફળતા મેળવી શક્યા નથી, તો હું તમારું કોઈ પણ જ્ઞાન નહીં સાંભળું. એ લોકો ફેઈલ છે.'
કંગનાએ કહ્યું કે, તે એવા લોકોની વાતોને મહત્વ આપતી નથી, જેમણે તેના જેવી સફળતા હાંસલ કરી નથી. તેણે પોતાના કરિયર અને સિદ્ધિઓના આધારે ટીકાકારોને જવાબ આપ્યો.

### બાબા રામદેવ પર પણ સાધ્યું નિશાન

કંગનાએ યોગ ગુરુ બાબા રામદેવનો ઉલ્લેખ કરતા કહ્યું કે તેમણે બધી મર્યાદાઓ ઓળંગી દીધી છે. જોકે, ઉપલબ્ધ નિવેદનમાં તે સ્પષ્ટ નથી કે કંગનાએ બાબા રામદેવના કયા નિવેદન કે ટિપ્પણીના સંદર્ભમાં આ વાત કહી. કંગના રનૌત અવારનવાર પોતાના બેફામ નિવેદનોને કારણે ચર્ચામાં રહે છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા ઘણા કલાકારો સાથે તેનો સાર્વજનિક વિવાદ પણ થઈ ચૂક્યો છે. સાંસદ બન્યા પછી પણ તે ઘણા મુદ્દાઓ પર ખુલ્લેઆમ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતી રહી છે. તાજેતરના નિવેદનમાં તેણે ટીકાકારોને સીધો જવાબ આપ્યો છે.
'શર્મિલાજી હિન્દુ-મુસ્લિમ માનસિકતામાંથી બહાર આવો':કંગનાનો ફરી બફાટ, 'વંદે માતરમ' અંગે પીઢ એક્ટ્રેસના નિવેદન પર ભડકી; BJP MPના વિવાદિત નિવેદનો ભાજપ સાંસદ અને બોલિવૂડ એક્ટ્રેસ કંગના રનૌત હાલમાં ફિલ્મો કરતાં તેના વિવાદાસ્પદ નિવેદનોને લઈને વધારે ચર્ચામાં છે. પીઢ એક્ટર નસીરૂદ્દીન શાહ, બાબા રામદેવ, સોનાક્ષી સિંહા અને હૃતિક રોશન વિરુદ્ધ નિવેદનો આપ્યા બાદ હવે તેણે પીઢ એક્ટ્રેસ શર્મિલા ટાગોર પર નિશાન સાધ્યું છે.

# 'મિસ યુનિવર્સ 2026'માં કેઝિયા લિઝ મીઝો ભારતનું પ્રતિનિધિત્વ કરશે...

## 'મિસ યુનિવર્સ ઈન્ડિયા'નો ખિતાબ જીત્યો, ગુજરાતની અનુશ્રી સેકન્ડ રનર અપ બની

(એજન્સી) મુંબઈ | તા 25

કેરલમની મોડલ અને ડાન્સર કેઝિયા લિઝ મીઝોએ 'મિસ યુનિવર્સ ઈન્ડિયા-2026'નો ખિતાબ જીતી લીધો છે. તેણે પોતાની સુંદરતા અને બુદ્ધિમત્તાથી દરેકને પ્રભાવિત કર્યા. તેને 'મિસ યુનિવર્સ ઈન્ડિયા-2025' મણિકા વિશ્વકર્માએ તાજ પહેરાવ્યો.

કેઝિયા હવે આ વર્ષના અંતમાં પ્યુર્ટો રિકોમાં યોજાનારી 75મી 'મિસ યુનિવર્સ' સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે, જેમાં વિશ્વના વિવિધ દેશોની બ્યુટી ક્વીન ભાગ લેશે.

આ સ્પર્ધામાં તમિલનાડુની વૈષ્ણવી ગણેશ ફર્સ્ટ રનર-અપ અને ગુજરાતની અનુશ્રી સાતવલેકર સેકન્ડ રનર-અપ રહી. જયપુરના જી-સ્ટુડિયોમાં રવિવારે મોડી રાત્રે 'મિસ યુનિવર્સ ઈન્ડિયા 2026' ફિનાલે યોજાયો. તેમાં દેશભરમાંથી 52 ફાઈનલિસ્ટ્સે પોતાની પ્રતિભા, સુંદરતા અને આત્મવિશ્વાસનું પ્રદર્શન કર્યું.

ખિતાબ જીત્યા પછી કેઝિયાએ કહ્યું કે, 'આ ખિતાબ મારા માટે માત્ર એક સિદ્ધિ નથી, પરંતુ એક મોટી જવાબદારી છે. આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતનું પ્રતિનિધિત્વ કરવું મારા માટે ગર્વ અને સન્માનની વાત છે. હું આ અવસર દ્વારા ભારતની વિવિધતા, સંસ્કૃતિ, પ્રતિભા અને નવી પેઢીની શક્તિને દુનિયા સમક્ષ રજૂ કરીશ.'

સ્પર્ધામાં બોલિવૂડ એક્ટ્રેસ અને 'મિસ યુનિવર્સ 1994' સુષ્મિતા સેન, બે વખત 'મિસ યુનિવર્સ ઈન્ડિયા' રહી ચૂકેલી ઉર્વશી રૌતેલા અને 'મિસ યુનિવર્સ'માં ફર્સ્ટ રનર-અપ રહી ચૂકેલી સેલિના જેટલી, ફિલ્મ પ્રોડ્યુસર અને પર્યાવરણવિદ્ પ્રજ્ઞા કપૂર અને 'મિસ યુનિવર્સ ઈન્ડિયા'ના માલિક નિખિલ આનંદે આ પેજન્ટને જજ કર્યું. આ દરમિયાન 'મિસ યુનિવર્સ ઈન્ડિયા 2024' રિયા સિંઘા પણ હાજર રહી. ઉર્વશીએ કહ્યું- 'સુષ્મિતા મારી પહેલી ગુરુ'

ઉર્વશી રૌતેલાએ કહ્યું કે, 'સુષ્મિતા સેન મારી પહેલી ગુરુ છે. તેમણે જ મને 'મિસ યુનિવર્સ ઈન્ડિયા'નો તાજ પહેરાવ્યો હતો. તેમના આ નિવેદનથી જૂના દિવસોની યાદો પણ તાજી થઈ ગઈ. એક જ મંચ પર ગુરુ અને શિષ્યની હાજરીએ કાર્યક્રમને ભાવુક બનાવી દીધો.'

## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

**પ્રજ્ઞાનંદ્રા ગ્રાન્ડ ચેસ ટૂર ફાઈનલના ખિતાબ નજીક**

# સેમિફાઈનલમાં કીમરને હરાવી ટાઈટલ ક્લેશમાં બનાવી જગ્યા



(એજન્સી) મિસૌરી । તા. 25

યુએસએ ખાતે રમાઈ રહેલી ગ્રાન્ડ ચેસ ટૂર ફાઈનલ્સ 2026 માં ભારતના યુવા ચેસ ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનંદ્રાએ ઈતિહાસ રચતા ફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. સોમવારે રમાયેલી સેમિફાઈનલ મુકાબલામાં પ્રજ્ઞાનંદ્રાએ જર્મનીના દિગ્ગજ ખેલાડી વિન્સેન્ટ કીમર સામે એકતરફી અને પ્રભાવશાળી વિજય મેળવ્યો હતો.

શરૂઆતના ક્લાસિકલ મુકાબલામાં પ્રજ્ઞાનંદ્રાએ કીમરને 9-3 થી હરાવ્યો હતો, ત્યારબાદ બે રેપિડ ગેમ્સમાં પણ શાનદાર રમત દાખવતા કીમરને 4-0 થી ક્લીન સ્વીપ કર્યો હતો, જેનાથી કુલ સ્કોર લાઈન 17-3 પર પહોંચી ગઈ હતી. હજુ બ્લિટ્ઝ ગેમ્સ રમવાની બાકી હોવા છતાં, મેળવેલા અગ્રેસર ગુણોના આધારે ભારતીય સ્ટાર ખેલાડીએ પહેલેથી જ ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે.

આ ટૂર્નામેન્ટમાં પ્રજ્ઞાનંદ્રા હવે ફાઈનલ મુકાબલામાં અમેરિકાના વેસ્લી સો અથવા ફેબિયાનો કારુઆના સામે ટકરાશે. ગ્રાન્ડ ચેસ ટૂર ફાઈનલ્સ 22 થી 27 ઓગસ્ટ દરમિયાન યોજાઈ રહી છે, જેમાં વિશ્વના ચાર શ્રેષ્ઠ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. આ વર્ષની ગ્રાન્ડ ચેસ ટૂર છ અલગ-અલગ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટોનો સમૂહ છે, જેમાં પોલેન્ડ, રોમાનિયા, ક્રોએશિયા અને સેન્ટ લુઈસની રેપિડ એન્ડ બ્લિટ્ઝ તેમજ સિન્કિફલ્ડ કપનો સમાવેશ થાય છે.

પ્રજ્ઞાનંદ્રાએ સિન્કિફલ્ડ કપમાં 5.5 પોઈન્ટ સાથે વેસ્લી સો સાથે સંયુક્ત રીતે ટોચનું સ્થાન મેળવ્યું હતું. આ ઉપરાંત સેન્ટ લુઈસ રેપિડ એન્ડ બ્લિટ્ઝ સ્પર્ધામાં તેમની વિજયી હેટ્રિકે તેમને જીસીટી ફાઈનલ્સ સુધી પહોંચાડવામાં મોટો ભાગ ભજવ્યો હતો. આ ટૂર્નામેન્ટના ટોચના ત્રણ ખેલાડીઓને સીધા જ 2027 ની ગ્રાન્ડ ચેસ ટૂર માટેનું આમંત્રણ મળશે, જેના કારણે આ ફાઈનલ મુકાબલો વધુ મહત્વપૂર્ણ બની ગયો છે. ભારતીય ચેસ પ્રેમીઓની નજર હવે પ્રજ્ઞાનંદ્રા પર ટકેલી છે કે તેઓ ટાઈટલ જીતીને દેશનું નામ વધુ રોશન કરે.

**દક્ષિણ આફ્રિકાનો ઐતિહાસિક સ્કોર તાન્ઝાનિયા પસ્ત**

# ઈથોપિયા દ્વારા 2028 AFCON ની યજમાની માટે દાવો



(એજન્સી) મિસૌરી । તા. 25

ઈથોપિયાએ વર્ષ 2028 માં આફ્રિકા કપ ઓફ નેશન્સ (AFCON) નું આયોજન કરવા માટે સત્તાવાર રીતે દાવો પ્રસ્તુત કર્યો છે. ઈથોપિયન ફૂટબોલ ફેડરેશને સોમવારે મોડી રાત્રે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' (X) પર એક પોસ્ટ દ્વારા આ બિડની પુષ્ટિ કરી છે. જો ઈથોપિયાની આ બોલી સફળ રહે છે, તો અડધા સદી કરતાં વધુ સમય પછી આ દેશમાં આફ્રિકાની આ સૌથી મોટી ફૂટબોલ સ્પર્ધાનું પુનરાગમન થશે, કારણ કે ઈથોપિયાએ છેલ્લે 1976 માં આ ટૂર્નામેન્ટની યજમાની કરી હતી. ફેડરેશને પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે આ દેશ આફ્રિકાના સૌથી મોટા ફૂટબોલ ઈવેન્ટને હોસ્ટ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. આફ્રિકામાં આશરે 130 મિલિયન લોકોની વસ્તી સાથે બીજા ક્રમની સૌથી મોટી વસ્તી ધરાવતો દેશ હોવા છતાં, ઈથોપિયાની આ યજમાની દાવેદારી સામે અનેક ગંભીર અવરોધો છે. દેશના બે સૌથી વધુ વસ્તી ધરાવતા રાજ્યો અમ્હારા અને ઓરોમિયામાં ચાલી રહેલા સશસ્ત્ર વિદ્રોહ તેમજ સંઘીય સરકાર અને ઉત્તરીય ટિગ્રે ક્ષેત્ર વચ્ચેના ગૃહયુદ્ધના જોખમો યજમાની માટે મોટા પડકારરૂપ સાબિત થઈ શકે છે.

આ ઉપરાંત, ફિફા રેન્કિંગમાં ઈથોપિયા હાલમાં 211 માંથી 143 માં સ્થાને છે અને તે છેલ્લે 2022 માં AFCON ના ગ્રૂપ સ્ટેજમાંથી બહાર થઈ ગયું હતું.

## વર્લ્ડ કપ સ્ટાર્સનું લીગ ચાલુ રાખવા માટે આહ્વાન

# મહિલા હોકી ઈન્ડિયા લીગને બચાવવા ખેલાડીઓની અપીલ

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

ભારતીય મહિલા હોકી ખેલાડીઓએ મહિલા હોકી ઈન્ડિયા લીગને બચાવવા માટે એક ભાવનાત્મક અપીલ કરી છે. ખેલાડીઓનું માનવું છે કે આ ટુર્નામેન્ટે યુવા ટીમનોત્મવિશ્વાસ વધારવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે, જે ટીમ 1974 પછીના તેના સર્વશ્રેષ્ઠ વર્લ્ડ કપ પ્રદર્શનની નજીક પહોંચી ગઈ છે. સ્ક્વોડમાં 11 વર્લ્ડ કપ ડેબ્યુટન્ટ્સ હોવા છતાં, ભારતે ઓલિમ્પિક ચેમ્પિયન નેધરલેન્ડ સામે માત્ર એક જ મેચ ગુમાવી છે અને ઓલિમ્પિક સિલ્વર મેડલ વિજેતા ચીનને શરૂઆતની મેચમાં 2-2 ની બરાબરી પર રોકવામાં સફળતા મેળવી છે. ઓસ્ટ્રેલિયા સામેની મેચ ડ્રો થયા બાદ ભારત હવે પાંચમા અને છઠ્ઠા સ્થાન માટે મેચ રમશે.

ખેલાડીઓ દઢપણે માને છે કે મહિલા હોકી લીગ તેમની આ પ્રગતિ પાછળનું એક મુખ્ય કારણ છે અને તેઓ ડર વ્યક્ત કરી રહ્યા છે કે આ લીગ બંધ થવાથી ભારતીય હોકીની આગામી પેઢીની પ્રતિભાને ભારે નુકસાન થઈ શકે છે.

અનુસંધાનમાં અનુભવી મિડફિલ્ડર નેહાએ જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષમાં મહિલાઓ માટેની આ લીગથી તેમને ઘણો ફાયદો થયો છે. જૂનિયર અને સિનિયર



નેશનલ્સમાં આ સ્તરની સ્પર્ધા જોવા મળતી નથી. આ લીગે બલજીત, સાક્ષી અને રુતુજા જેવા ખેલાડીઓ આપ્યા છે જેઓ વર્લ્ડ કપ ટીમનો ભાગ છે. આગામી ખેલાડીઓ માટે પણ આ લીગ ચાલુ રહેવી ખૂબ જ જરૂરી છે.

ભારતીય ટીમની કેપ્ટન સલિમા ટેટેએ પણ રાષ્ટ્રીય પ્રતિભાશાળી ખેલાડીઓનો વ્યાપ વધારવામાં આ લીગના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે લીગ દ્વારા યુવા ખેલાડીઓને રાષ્ટ્રીય શિબિર માટે પસંદ થવાની મોટી તક મળે છે અને આંતરરાષ્ટ્રીય હોકીના દબાણને હેન્ડલ કરવાનો અનુભવ પ્રાપ્ત થાય છે. સાક્ષી રાણા અને નવનીત કૌરે પણ આંતરરાષ્ટ્રીય સ્ટાર્સ સાથે ડ્રેસિંગ રૂમ શેર કરવાથી ડર દૂર થયો હોવાનું અને આત્મવિશ્વાસ વધ્યો હોવાનું જણાવ્યું હતું.

આ અપીલ એવા સમયે સામે આવી છે જ્યારે પુનરુજ્જીવિત મહિલા હોકી લીગ ગંભીર નાણાકીય પડકારોનો સામનો કરી રહી છે. ઊંચા ઓપરેશનલ ખર્ચ, ઓછા બ્રોડકાસ્ટ અને ટિકિટ રેવન્યુ, ખેલાડીઓની ચૂકવણીમાં વિલંબ અને મર્યાદિત સ્પોન્સરશિપ રસ જેવા કારણોસર લીગનું ભીષણ સંકટમાં મુકાયું છે. ઉદ્ઘાટન સીઝનમાં ચાર ટીમ હતી, પરંતુ કેટલીક ટીમો દ્વારા નાણાકીય દબાણને કારણે નામ પાછા ખેંચવાની કે ફ્રેન્ચાઈઝી સમાપ્ત થવાની વાતો સામે આવી છે.

એક ટીમ દીઠ ખર્ચ આશરે 10 થી 12 કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. ખેલાડીઓએ રમત મંત્રાલય, હોકી ઈન્ડિયા અને ક્રિકેટમાં રોકાણ કરતા કોર્પોરેટ સેક્ટરને મહિલા હોકીને ટેકો આપવા માટે વિશેષ અનુરોધ કર્યો છે.

ભારતીય ખેલાડીઓ માટે આ મહિલા લીગ માત્ર એક વ્યવસાયિક સાહસ નથી, પરંતુ આગામી પેઢીના વિકાસ માટેનો એક મહત્વપૂર્ણ સેતુ છે. વર્લ્ડ કપમાં દમદાર પ્રદર્શન કરનાર ઈશિતા, સાક્ષી, શિલ્પી દબાસ અને લાલથાનલુઆંગી જેવા ખેલાડીઓ આ લીગની જ દેન છે.

# ભારત-પાકિસ્તાન મેચનું અનોખું અને ભારે દબાણ, પરિણામની ચિંતા કર્યા વગર વર્તમાનમાં જીવો: કૌર

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

એસીસી મહિલા ટી-20 એશિયા કપ 2026 ની શરૂઆત પૂર્વે ભારતીય ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌરે ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચને લઈને પ્રતિક્રિયા આપી છે. તેમણે સ્વીકાર્યું છે કે ભારત-પાકિસ્તાન મુકાબલામાં રહેતી તીવ્રતા અને માનસિક દબાણ અન્ય કોઈપણ આંતરરાષ્ટ્રીય મેચ કરતા સાવ અલગ હોય છે. આગામી ટુર્નામેન્ટ યુએઈમાં રમાવાની છે, જ્યાં ગ્રૂપ 'એ' માં ભારત, પાકિસ્તાન, હોંગકોંગ અને થાઈલેન્ડનો સમાવેશ થાય છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેનો રોમાંચક મુકાબલો આગામી 5 સપ્ટેમ્બરે ખેલાશે.

હરમનપ્રીત કૌરે સોની સ્પોર્ટ્સ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ભલે આપણે ઘણી મોટી મેચો રમતા હોઈએ, પરંતુ ભારત-પાકિસ્તાન મેચ વખતે સમગ્ર દેશની નજર ટીવી સ્ક્રીન પર હોય છે, જેના કારણે ખેલાડીઓ પર વધારાનો બોજ રહે છે. આ પ્રકારના ભારે દબાણને હેન્ડલ કરવા માટે તેમણે ખેલાડીઓને સરળ રુટિન અપનાવવાની સલાહ આપી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે જીત કે હારના દબાણમાં રહેવાના બદલે દરેક ખેલાડીએ પોતાની રમત અને વર્તમાન ક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવુ જોઈએ. યોગ્ય



રુટિન અનુસરવાથી જ ઈચ્છિત પરિણામો મેળવી શકાય છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન શ્રીલંકા સહિત અન્ય ટીમો પણ આ પ્રતિષ્ઠિત ટાઈટલ જીતવા માટે મેદાને ઉતરશે. ભારતીય ટીમ પોતાના અભિયાનની શરૂઆત 30 ઓગસ્ટે થાઈલેન્ડ સામે રમીને કરશે. બંને ગ્રૂપમાંથી ટોચની બે ટીમો સેમિફાઈનલ માટે ક્વોલિફાઈ કરશે, જ્યારે 13 સપ્ટેમ્બરે ભવ્ય ફાઈનલ મુકાબલો યોજાશે. કેપ્ટન હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં ભારતીય ટીમ આ વખતે ટ્રોફી પુનઃ પ્રાપ્ત કરવા માટે પૂરી તૈયારી સાથે ઉતરી રહી છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની આ આગામી ટક્કર માત્ર ક્રિકેટપ્રેમીઓ માટે જ નહીં પરંતુ સમગ્ર ટૂર્નામેન્ટનું સૌથી મોટું આકર્ષણ બનશે.

# રાહુલ દ્રવિડે ETPL માં ટીમ માલિક બનવા પર આપી પ્રતિક્રિયા

**યુરોપમાં ક્રિકેટના વિકાસ માટે ટી-20 ફોર્મેટ અનિવાર્ય**



(એજન્સી) નવી દિલ્હી । તા. 25

ભારતીય ક્રિકેટના 'ધ વૉલ' તરીકે જાણીતા પૂર્વ કેપ્ટન અને હેડ કોચ રાહુલ દ્રવિડે હવે ક્રિકેટ પ્રશાસન અને ફ્રેન્ચાઈઝી જગતમાં એક નવો પગલાં માંડ્યો છે. યુરોપિયન ટી-20 પ્રીમિયર લીગ (ETPL)ની ઉદ્ઘાટન સીઝનમાં તેઓ 'ડબલિન ગાર્ડિયન્સ' ટીમના સહમાલિક બન્યા છે. મીડિયા અહેવાલ મુજબ, એક મુલાકાતમાં વાત કરતા દ્રવિડે ETPL સાથે જોડાવા, વૈશ્વિક સ્તરે ક્રિકેટના વિકાસ અને યુવા પ્રતિભાઓ અંગે પોતાના વિચારો ખુલીને રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે યુરોપમાં ક્રિકેટ રમતને આગળ વધારવા માટે આ એક ઉત્તમ મંચ છે, જ્યાં અસંખ્ય પ્રતિભાઓ છુપાયેલી છે અને યુવાનો તથા યુવતીઓને આ રમત સાથે જોડવાની મોટી સંભાવનાઓ રહેલી છે.

આ નવી જવાબદારી અંગે વાત કરતા રાહુલ દ્રવિડે સ્વીકાર્યું હતું કે આ ક્ષેત્ર તેમના માટે થોડું નવું છે. તેમણે કહ્યું હતું કે, "આ મારા કમ્ફર્ટ ઝોનથી થોડું બહાર છે, પરંતુ તેટલું જ રોમાંચક પણ છે." ભૂતકાળમાં હંમેશા એક ખેલાડી અથવા કોચ તરીકે ભૂમિકા ભજવ્યા બાદ, હવે ફ્રેન્ચાઈઝીની નાણાકીય બાબતો, માર્કેટિંગ, કોચ અને ખેલાડીઓની પસંદગી જેવી વ્યવસ્થા સંભાળવી એ એક અલગ પ્રકારનો અનુભવ છે.

આ લીગમાં તેમની સાથે ક્રિકેટ જગતના દિગ્ગજો પણ જોડાયા છે. સ્ટેવ વો અને જેમી ડ્વેર 'એમ્સ્ટર્ડમ ફ્લેમ્સ' ટીમ સાથે છે, જ્યારે ગ્લેન મેક્સવેલ પણ અન્ય એક ટીમનો ભાગ છે. અભિષેક બચ્ચન જેવા ઉત્સાહી માલિકો સાથે કામ કરવાનો અનુભવ ખૂબ જ સુંદર રહ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.

## સાધારણ પરિવારના આકાશની એશિયન ગેમ્સ સુધીની સફર

# સંઘર્ષ અને કઠિન પરિશ્રમથી શૂટિંગમાં બનાવ્યું મોટું નામ

(એજન્સી) જયપુર । તા. 25

જાપાનના આઈચી-નાગોયા ખાતે યોજાનારી એશિયન ગેમ્સ 2026 માં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે જયપુરના 22 વર્ષીય આકાશ ભારદ્વાજે પુરુષોની 10 મીટર એર પિસ્તોલ સ્પર્ધા માટે ક્વોલિફાય કરી લીધું છે. ખાસ વાત એ છે કે આકાશે 21 વર્ષની ઉંમર સુધી ક્યારેય પિસ્તોલને હાથ પણ લગાવ્યો ન હતો, છતાં પોતાની અદ્ભુત મહેનતના બળે તેણે આ મુકામ હાંસલ કર્યો છે. મધ્યમ વર્ગી પરિવારમાં જન્મેલા આકાશના જયપુરના નિવારુ રોડ વિસ્તારના એક પિતા કોમર્શિયલ ડ્રાઈવર તરીકે કામ કરતા હતા અને તેમનો માસિક પગાર માત્ર 10,000 રૂપિયા હતો. શૂટિંગ પહેલા આકાશ એથ્લેટિક્સ અને રગ્બી રમતા હતા અને તેમણે નેશનલ બ્રોન્ઝ મેડલ પણ જીત્યો હતો, પરંતુ ઈજાના જોખમને કારણે તેમણે શૂટિંગ ક્ષેત્રે ઝંપલાવ્યું હતું. જ્યારે આકાશે શૂટિંગ શરૂ કરવાનું નક્કી કર્યું ત્યારે આર્થિક તંગી સૌથી મોટો પડકાર હતો. પિતાએ ક્રેડિટ કાર્ડ પર લોન લઈને તેમની પહેલી પિસ્તોલ ખરીદી આપી હતી, જ્યારે મોટા ભાઈ શુભમે પોતાની કમાણીમાંથી તેમની માસિક એકેડેમીની ફી ભરી હતી. તાલીમ માટે જવા માટે આકાશ રોજ ચાલીને, લિફ્ટ લઈને કે પછી 14 કિલોમીટર સાયકલ ચલાવીને મારુધરા સ્પોર્ટ્સ શૂટિંગ એકેડેમી પહોંચતા હતા. ખર્ચ ચલાવવા માટે તેઓ દૈનિક ભથ્થામાંથી 10 થી 20 રૂપિયા બચાવીને પોષણ અને તાલીમ માટે પેલેટ્સ ખરીદતા હતા. કોઈ અંગત કોચ વગર તેમણે દરરોજ 6 થી 7 કલાક ડમ્બેલ કન્ડીશનીંગ અને ડ્રાય-ફાયર ડ્રીલ્સ કરીને પોતાની જાતને તૈયાર કરી હતી. આકાશે નેશનલ રાઈફલ એસોસિએશન ઓફ ઈન્ડિયા (NRAI) ની પસંદગી પ્રક્રિયાના વખાણ કરતા જણાવ્યું હતું કે તેમની પારદર્શક ટ્રાયલ અને રેન્કિંગ પોઈન્ટ્સના આધારે જ તેમને ભારતીય ટીમમાં સ્થાન મળ્યું છે.



## પામરના જાદુથી અલોન્સોની વિજયી શરૂઆત

# પ્રીમિયર લીગ ડર્બીમાં ચેલ્સીનો ફુલ્હામ સામે વિજય

(એજન્સી) લંડન । તા. 25

પ્રીમિયર લીગની વર્તમાન સિઝનમાં ઝાબી અલોન્સોએ ચેલ્સીના નવા મેનેજર તરીકે વિજયી શ્રી મેળવીને પોતાની કારકિર્દીની શાનદાર શરૂઆત કરી છે. ક્રેવન કોટેજ ખાતે રમાયેલી રોમાંચક ડર્બી મુકાબલામાં કોલ પામરના પ્રભાવશાળી પ્રદર્શનના જોરે ચેલ્સીએ ફુલ્હામ સામે 3-2 થી રોમાંચક વિજય મેળવ્યો હતો. મેચની માત્ર 31મી સેકન્ડે જ જોઆઓ પેત્રોએ ગોલ કરીને ચેલ્સીને શાનદાર શરૂઆત અપાવી હતી. જો કે, થોડીવાર બાદ રોબર્ટ સાંચેઝની ભૂલના કારણે જોશ કિંગે 23મી મિનિટે ફુલ્હામ માટે બરાબરીનો ગોલ નોંધાવ્યો હતો.

ચેલ્સી માટે મોર્ગન રોઝર્સે પોતાના ડેબ્યુ મેચમાં જ શાનદાર ગોલ ફટકાર્યો હતો, જ્યારે પામરે ટીમની લીડને મજબૂત બનાવી હતી. ફુલ્હામ તરફથી ગોઝાલો ગાર્સિયાએ પણ ડેબ્યુ મેચમાં ગોલ કર્યો હતો, પરંતુ આલ્વારો અર્બેલોઆની ટીમ અંતે પરાજય ટાળી શકી ન હતી. મેચની શરૂઆતથી જ બંને ટીમો વચ્ચે આક્રમક રમત જોવા મળી હતી. પામરે એક શાનદાર પાસ દ્વારા જોઆઓ પેત્રોને ગોલ કરવામાં મદદ કરી હતી. પ્રથમ હાફની પૂર્ણાહુતિના થોડા સમય પહેલા 41મી મિનિટે મેક્સેન્સ લેક્રોઈક્સના પાસ પર ડેબ્યુટન્ટ રોઝર્સે નજીકથી ગોલ કરીને ચેલ્સીને ફરીથી આગળ કરી હતી. અલોન્સોએ પોતાની પહેલી જ મેચમાં ટીમ પાસેથી ઉત્તમ પ્રદર્શન કરવવામાં સફળતા મેળવી છે.

## રેકોર્ડ // લોસ એન્જલસ સામે એટલાન્ટાની શાનદાર વિજયી સરસાઈ

# એન્જલ રીસના 26 રીબાઉન્ડથી નવો ડબલ્યુએનબીએ રેકોર્ડ



(એજન્સી)લોસ એન્જલસ । તા. 25

ડબલ્યુએનબીએ (WNBA) ની એક રોમાંચક મેચમાં એટલાન્ટા ડ્રીમ માટે રમી રહેલી એન્જલ રીસે ઈતિહાસ રચ્યો છે. સોમવારે લોસ એન્જલસ સ્પાર્ક્સ સામે રમાયેલી મેચમાં એન્જલ રીસે એક જ મેચમાં અદ્ભુત પ્રદર્શન કરતા ડબલ્યુએનબીએ-રેકોર્ડ 26 રીબાઉન્ડ ઝડપ્યા હતા. આ સાથે જ તેણે આખી સીઝનમાં કુલ 458 રીબાઉન્ડ સાથે ડબલ્યુએનબીએ સિંગલ-સીઝન રીબાઉન્ડનો નવો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો છે. અગાઉ આ રેકોર્ડ લા વેગાસની અજા વિલ્સનના નામે હતો.

રીસે વર્ષ 2003માં ચેમિક હોલ્ડસ્ક્લો દ્વારા બનાવવામાં આવેલા 24 રીબાઉન્ડના પુરા રેકોર્ડને પાછળ છોડી દીધો છે. આ મેચમાં તેણે 11 પોઈન્ટ પણ નોંધાવ્યા હતા, જે આ સીઝનનો તેનો 27મો ડબલ-ડબલ હતો. આ શાનદાર જીત સાથે એટલાન્ટા ડ્રીમે પોતાની પરફેક્ટ વેસ્ટ કોસ્ટ રોડ ટ્રિપ પૂરી કરી હતી.

મેચની શરૂઆતથી જ બંને ટીમો વચ્ચે કાંટે કી ટક્કર જોવા મળી હતી. એટલાન્ટા ડ્રીમે પ્રથમ ક્વાર્ટરના અંતે 20-15 ની સરસાઈ મેળવી હતી, પરંતુ બીજા ક્વાર્ટરમાં વાપસી કરતા લોસ એન્જલસ સ્પાર્ક્સે હાફ ટાઈમ સુધીમાં 37-36 ની લીડ મેળવી લીધી હતી. સ્પાર્ક્સ તરફથી અનેકા ઓગવુમાઈકે શાનદાર રમત દાખવતા સીઝન-હાઈ 27 પોઈન્ટ અને 16 રીબાઉન્ડ મેળવ્યા હતા.

જો કે, ત્રીજા ક્વાર્ટરમાં એટલાન્ટાએ વાપસી કરી અને એલિશા ગ્રે (20 પોઈન્ટ) તથા રાઈન હોવર્ડ (18 પોઈન્ટ) ના પ્રદર્શનની મદદથી 62-55 ની લીડ મેળવી લીધી હતી. અંતિમ ક્વાર્ટરમાં ડ્રીમે પોતાની પકડ મજબૂત રાખીને મેચ 78-71 થી પોતાના નામ કરી લીધી હતી.

આ વિજય સાથે એટલાન્ટા ડ્રીમ (25-13) એ આ સીઝનમાં લોસ એન્જલસ સામે 3-0 ની અજેય સરસાઈ મેળવી લીધી છે અને લીગમાં ત્રીજા સ્થાન માટેની પોતાની દાવેદારી મજબૂત કરી છે. બીજી તરફ, લોસ એન્જલસ સ્પાર્ક્સ (13-25) આ હાર સાથે પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગઈ છે. સ્પાર્ક્સ માટે કેમેરોન બ્રિંકે 15 પોઈન્ટ અને 5 બ્લોક કર્યા હોવા છતાં ટીમ જીત મેળવી શકી ન હતી.

મીડિયા અહેવાલ અનુસાર, એન્જલ રીસની આ રેકોર્ડબ્રેક સિદ્ધિ મહિલા બાસ્કેટબોલ જગતમાં સોનાના અક્ષરે લખાશે, જે આગામી પેઢીના ખેલાડીઓ માટે મોટી પ્રેરણા બનશે.

એન્જલ રીસનું આ પ્રદર્શન માત્ર વ્યક્તિગત સફળતા નથી પરંતુ એટલાન્ટા ડ્રીમની ટીમ માટે ટર્નિંગ પોઈન્ટ સાબિત થયું છે. સીઝનની અંતિમ ઓવરો તરફ આગળ વધી રહેલી આ ટૂર્નામેન્ટમાં ડ્રીમનું આ ફોર્મ તેમને ચેમ્પિયન બનવાની રેસમાં સૌથી આગળ લાવીને મૂકી રહ્યું છે.

## યુએસ ઓપનમાં અલ્કારાઝ-સેરેનાની કઠિન ટક્કર

# વર્ષ 2022 પછી યુએસ ઓપનમાં સેરેના વિલિયમ્સનું પુનરાગમન

(એજન્સી) ન્યુ યોર્ક । તા. 25

યુએસ ઓપન 2026 ના મિક્સ્ડ ડબલ્સ મુકાબલામાં ટેનિસ જગતના બે અત્યંત લોકપ્રિય અને દિગ્ગજ ખેલાડીઓ કાર્લોસ અલ્કારાઝ અને સેરેના વિલિયમ્સની જોડીને પહેલા જ રાઉન્ડમાં ખૂબ જ કઠિન ડ્રો મળ્યો છે. આ સ્ટાર જોડી મંગળવારના રોજ એરિન રૂટલિફ અને લોઈડ ગ્લાસપુલ સામે મેદાને શે. ખાસ વાત એ છે કે આ મુકાબલો મહાન ખેલાડી સેરેના વિલિયમ્સ માટે વર્ષ 2022 પછીની યુએસ ઓપન પરત ફરવાની પહેલી જ મેચ હશે, જેને લઈને ટેનિસ જગતમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. તેમના પ્રતિસ્પર્ધીઓમાં એરિન રૂટલિફ સામેલ છે, જે ગત વર્ષની મહિલા ડબલ્સની ચેમ્પિયન રહી ચૂકી છે. આ જોડીએ ક્વોલિફાયર ટૂર્નામેન્ટ દ્વારા મુખ્ય ડ્રોમાં પ્રવેશ મેળવ્યો છે, જેના કારણે આ મુકાબલો વધુ સ્પર્ધાત્મક બની રહેશે.

ટૂર્નામેન્ટના અન્ય રોમાંચક મુકાબલાઓની વાત કરીએ તો, કેટરિના સિનિયાકોવા અને હેન્રી પટ્ટનની ટોચની ડબલ્સ જોડી નોવાક જોકોવિચ અને આર્યના સાબાલકા સામે ટકરાશે. ઉલ્લેખનીય છે કે સિનિયાકોવા અને પટ્નની જોડીએ ફ્રાન્સિસ ટિયાફો અને લેલાહ



ફર્નાન્ડિઝના હટ્યા બાદ આ ટૂર્નામેન્ટમાં પ્રવેશ કર્યો છે, કારણ કે સિનિયાકોવાના ભાગીદાર રહેલા ટિયાફો સિનસિનાટી ઓપન 2026 ની ફાઈનલમાં પરાજય પામ્યા બાદ ખસી ગયા હતા.

આ ઉપરાંત, ક્રિસ્ટીના મ્લાડેનેવિચ અને માર્સેલો અરેવાલોની જોડી પણ ક્વોલિફાય થઈને જેકુબ મેન્સીક અને કેરોલિના મુચોવા સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. સેરેના વિલિયમ્સ અને કાર્લોસ અલ્કારાઝ જેવી યુગલ જોડીઓનું કોર્ટ પર એકસાથે રમવું એ રમત પ્રેમીઓ માટે કોઈ મોટા તહેવારથી ઓછું નથી. આંતરરાષ્ટ્રીય સ્તરે આ મહાસંગ્રામને લઈને સ્ટેડિયમમાં દર્શકોની ભીડ ઉમટી રહી છે.

### ઈરાન સાથે માહિતી શેર કરનાર કંપનીઓ મુશ્કેલીમાં

# હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજો માટે અમેરિકાની કડી ચેતવણી

(એજન્સી) વાશિંગ્ટન । તા. 25

પર્શિયન ગલ્ફમાં આવેલા અત્યંત સંવેદનશીલ અને વ્યૂહાત્મક દરિયાઈ માર્ગ 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'ને લઈને અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. યુએસ ટ્રેઝરી વિભાગના ફોરેન એસેટ્સ કંટ્રોલ વિભાગ દ્વારા વિશ્વભરના જહાજો અને શિપિંગ કંપનીઓને અત્યંત કડક શબ્દોમાં ચેતવણી આપવામાં આવી છે કે જો તેઓ આ જળમાર્ગ સંબંધિત કોઈપણ પ્રકારની માહિતી ઈરાની સંગઠનો સાથે શેર કરશે, તો તેમની સામે સખત પ્રતિબંધો લાદવામાં આવશે.

અમેરિકી તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ઈરાની સંસ્થાઓ દ્વારા માંગવામાં આવતી માહિતી પૂરી પાડવા બદલ જહાજો પર સેન્ક્શનનો મોટો ખતરો તોળાઈ રહ્યો છે, ભલે તેના બદલે બંને પક્ષો વચ્ચે કોઈ નાણાકીય લેવડ-દેવડ કે ચૂકવણી કરવામાં આવી ન હોય.

અમેરિકાએ પોતાના આક્રમક અભિગમ હેઠળ ખાસ



કરીને ત્રણ મુખ્ય ઈરાની સંસ્થાઓને સીધી નિશાન બનાવી છે, જેમાં 'પર્શિયન ગલ્ફ સ્ટ્રેટ ઓથોરિટી', 'પર્શિયન ગલ્ફ મરીન ઈન્સ્યોરન્સ કંપની' અને 'હોર્મુઝસેફ મરીન સર્વિસિસ ઓથોરિટી' નો સમાવેશ થાય છે. વોશિંગ્ટનની આ કાર્યવાહી તેની 'ઈકોનોમિક ડી-ડે' ઝુંબેશનો મહત્વપૂર્ણ છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ઈરાન પર આર્થિક દબાણ વધારીને તેના વૈશ્વિક કારોબાર અને નાણાકીય સ્ત્રોતોને સીમિત કરવાનો છે.

અગાઉ પણ અમેરિકાએ આ સમુદ્રી માર્ગનો ઉપયોગ કરવા બદલ ઈરાનને કોઈપણ પ્રકારનો ટોલ કે ટેક્સ ચૂકવવાની સામે આંતરરાષ્ટ્રીય જહાજોને સચેત કર્યા હતા. આ મામલે વૈશ્વિક વેપાર પર વ્યાપક અસરો જોવા મળી રહી છે.

સામે પક્ષે, ઈરાને અમેરિકાના આ પગલાંને સખત શબ્દોમાં નકારી કાઢતા તેને 'આર્થિક આતંકવાદ' તરીકે ઓળખાવ્યો છે. ઈરાની સત્તાવાળાઓએ દાવો કર્યો છે કે હાલમાં 46 જેટલા જહાજોએ તેમના નિર્ધારિત ટ્રાન્ઝિટ પ્રોટોકોલનું ઉલ્લંઘન કર્યું છે અને ચેતવણી આપી છે કે ભવિષ્યમાં નિયમો તોડનાર જહાજો સામે ભારે દંડ, કસ્ટડી કે જપ્તી જેવી આકરી કાર્યવાહી કરવામાં આવશે.

આ બંને દેશો વચ્ચેના ગંભીર ટકરાવને કારણે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજોની અવરજવરમાં ભારે ઘટાડો નોંધાયો છે. પરિણામે, વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલ અને લિક્વિફાઈડ નેચરલ ગેસનો પુરવઠો ખોરવાઈ જવાની ભીતિ સર્જાઈ છે, જેને લીધે આંતરરાષ્ટ્રીય ઊર્જા બજારમાં અસ્થિરતાનો માહોલ છવાયો છે.

આ વર્તમાન ઘટનાક્રમ સ્પષ્ટ કરે છે કે દરિયાઈ માર્ગો પરની આ પ્રાદેશિક અશાંતિ માત્ર બે દેશો પૂરતી સીમિત નથી, પરંતુ તે વૈશ્વિક અર્થવ્યવસ્થા અને સામાન્ય નાગરિકોના જીવનને સીધી અસર કરી રહી છે. જો આંતરરાષ્ટ્રીય સ્તરે કોઈ રાજદ્વારી ઉકેલ નહીં આવે, તો ઊર્જા સંકટ વધુ ઘેરું બની શકે છે.

### ટ્રેડમાર્ક દાવો રદ, નિકાસકારોને મોટો ઝટકો

# ઓસ્ટ્રેલિયાની કોર્ટે ભારતીય બાસમતી ચોખાનો ટ્રેડમાર્ક દાવો ફગાવતા નિકાસકારો અને ખેડૂતોમાં ચિંતા



(એજન્સી) ઓસ્ટ્રેલિયા । તા. 25

આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય કૃષિ પેદાશો અને તેની વિશિષ્ટ ઓળખને લઈને સમયાંતરે કાનૂની લડાઈઓ લડાતી હોય છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ઓસ્ટ્રેલિયાની ફેડરલ કોર્ટે ભારતના લોકપ્રિય અને વિશિષ્ટ બાસમતી ચોખા પર એકહથ્થુ ટ્રેડમાર્ક તેમજ સ્પેશિયલ સર્ટિફિકેશન મેળવવાના દાવાને સત્તાવાર રીતે ફગાવી દીધો છે. ભારત સરકારની અધિકૃત સંસ્થા 'એગ્રીકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી' (APEDA) દ્વારા દાખલ કરવામાં આવેલી મહત્વપૂર્ણ અરજી રદ થતાં દેશના અન્નદાતાઓ અને અસંખ્ય ચોખા નિકાસકારોને મોટો આંચકો લાગ્યો છે, જ્યારે પડોશી દેશ પાકિસ્તાનમાં આ નિર્ણયને લઈને ભારે ખુશી અને ઉજવણી જોવા મળી રહી છે.

મીડિયા અહેવાલ મુજબ, ભારત સરકારની એજન્સી દ્વારા ઓસ્ટ્રેલિયાની બજારમાં 'બાસમતી' શબ્દને સર્ટિફિકેશન ટ્રેડમાર્ક તરીકે નોંધણી કરાવવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા, જેથી ઓસ્ટ્રેલિયન માર્કેટમાં માત્ર ભારતીય બાસમતી ચોખાને જ આ વિશેષ નામ હેઠળ સત્તાવાર ઓળખ મળી શકે. જોકે, ઓસ્ટ્રેલિયાના ટ્રેડમાર્ક રજિસ્ટ્રાર અને ત્યારબાદ ફેડરલ કોર્ટે પોતાના ચુકાદામાં સ્પષ્ટપણે નોંધ્યું હતું કે બાસમતી ચોખા માત્ર ભારતમાં જ નહીં પરંતુ પાકિસ્તાનમાં પણ પ્રમાણમાં ઉત્પાદિત થાય છે. આ કારણોસર માત્ર એક જ દેશને આ ટ્રેડમાર્ક આપવાથી અન્ય વેપારીઓના ન્યાયસંગત અધિકારો છીનવાઈ શકે છે.

ઓસ્ટ્રેલિયન કોર્ટના આ નિર્ણય બાદ હવે ભારતીય નિકાસકારોએ ઓસ્ટ્રેલિયાના બજારમાં પાકિસ્તાની ચોખા સાથે સીધી અને કપરી સ્પર્ધાનો સામનો કરવો પડશે. ખાસ કરીને પંજાબ અને હરિયાણા રાજ્યના બાસમતી ચોખાનું ઉત્પાદન કરતા ખેડૂતો અને વેપારીઓની ચિંતામાં મોટો વધારો થયો છે, કારણ કે તેઓ વૈશ્વિક બજારમાં ભારતીય બાસમતીની આગવી ઓળખ સ્થાપવા માટે સતત પ્રયત્નશીલ હતા. અગાઉ પણ ભારત દ્વારા ન્યુઝીલેન્ડ અને કેન્યા જેવા વિવિધ દેશોમાં આ જ પ્રકારની કાનૂની અડચણોનો સામનો કરવામાં આવ્યો છે.

હવામાન વિભાગની આગાહી: ગુજરાતમાં ગાજવીજ સાથે વરસશે વરસાદ, 2 દિવસ આ વિસ્તારોને ધમરોળશે

કોર્ટના આ નિર્ણય બાદ હવે ભારતીય નિકાસકારોએ ઓસ્ટ્રેલિયાના બજારમાં પાકિસ્તાની ચોખા સાથે સીધી સ્પર્ધા કરવી પડશે. ખાસ કરીને પંજાબ અને હરિયાણાના બાસમતી ચોખાના વેપારીઓ અને ખેડૂતો માટે ચિંતા વધી છે, કારણ કે તેઓ વૈશ્વિક બજારમાં ભારતીય બાસમતીની અલગ ઓળખ બનાવવા પ્રયાસ કરી રહ્યા હતા. ભારત આ પહેલાં ન્યુઝીલેન્ડ અને કેન્યા જેવા દેશોમાં પણ આવી જ કાનૂની લડાઈઓનો સામનો કરી ચૂક્યું છે.

#### પાકિસ્તાનની પ્રતિક્રિયા અને વૈશ્વિક અસરો

ઓસ્ટ્રેલિયન કોર્ટનો આ ચુકાદો આવ્યા બાદ પાકિસ્તાનના વાણિજ્ય મંત્રાલય દ્વારા સત્તાવાર નિવેદન જારી કરીને તેને પોતાની મોટી કાનૂની જીત ગણાવવામાં આવી છે. પાકિસ્તાન દ્વારા એવો દાવો કરવામાં આવ્યો છે કે બાસમતી એ કોઈ એક દેશની નહીં પરંતુ ચોક્કસ ભૌગોલિક વિસ્તાર સાથે જોડાયેલી ઉપજ છે, જે ભારત અને પાકિસ્તાન બંનેના ઐતિહાસિક પ્રદેશોમાં વાવવામાં આવે છે. આ ચુકાદાથી આગામી સમયમાં વૈશ્વિક સ્તરે કૃષિ નિકાસના સમીકરણો પર મોટી અસર પડે તેવી પૂરી શક્યતા વર્તાઈ રહી છે.

## ન્યૂઝ બ્રીફ

### વૈશ્વિક વેપાર માર્ગો પર જોખમ વધતા સંયુક્ત રાષ્ટ્રસંઘની ગંભીર ચિંતા



જિનીવા | વિશ્વના વિવિધ પ્રદેશોમાં ચાલી રહેલા સશસ્ત્ર સંઘર્ષોને કારણે વૈશ્વિક વેપારના મુખ્ય જળમાર્ગો ઉપર ગંભીર જોખમ તોળાઈ રહ્યું છે. આ સ્થિતિ વચ્ચે સંયુક્ત રાષ્ટ્રસંઘના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે આંતરરાષ્ટ્રીય કાયદાનું સખતપણે પાલન કરવાની અને વેપારી જહાજો તથા નાગરિક માળખાકીય સુવિધાઓ પર થઈ રહેલા હુમલાઓનો ત્વરિત અંત લાવવાની તાકીદ કરી છે. સોશિયલ મીડિયા પર પોતાના સંદેશમાં તેમણે સ્પષ્ટ કર્યું છે કે હાલના સંઘર્ષો વૈશ્વિક વેપારની ધમનીઓને અનાવશ્યક રીતે શ્વાસ રૂંધી રહ્યા છે અને તેના કારણે સમગ્ર વિશ્વની ખાદ્ય સુરક્ષા વ્યવસ્થા પણ મુશ્કેલીમાં મુકાઈ રહી છે. વૈશ્વિક શાંતિ અને સુરક્ષા તેમજ આવશ્યક ચીજવસ્તુઓના અબાધિત પ્રવાહ માટે દરિયાઈ અધિકારો અને મુક્ત હિલચાલ અત્યંત આવશ્યક છે. આ બાબત પર ભાર મૂકતા તેમણે કાળા સમુદ્ર, હોર્મુઝની ખાડી અને લાલ સમુદ્ર જેવા મહત્વપૂર્ણ વ્યાપારી ક્ષેત્રોમાં સર્જાયેલી સુરક્ષાનીટોચની કટોકટી અંગે ચિંતા વ્યક્ત કરી છે.

### ભારત અને ચીન વચ્ચે સરહદી શાંતિ માટે મહત્વની ચર્ચા



બેઈજિંગ | ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ હાલમાં ચીનની બે દિવસીય સત્તાવાર મુલાકાતે છે. મંગળવારના રોજ તેમણે ચીનના ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગ સાથે બેઈજિંગ ખાતે એક મહત્વપૂર્ણ દ્વિપક્ષીય બેઠક યોજી હતી. આ બેઠક દરમિયાન બંને નેતાઓ વચ્ચે સરહદી વિસ્તારોમાં પરસ્પર શાંતિ અને સ્થિરતા જાળવી રાખવા તેમજ દ્વિપક્ષીય ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની દિશામાં વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી. ચીનમાં સ્થિત ભારતીય દૂતાવાસ દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલી વિગતો અનુસાર, આ બેઠક ભારત અને ચીન વચ્ચે સરહદી પ્રશ્નો પર યોજાનાર પચ્ચીસમા રાઉન્ડની વિશેષ પ્રતિનિધિ સ્તરની વાટાઘાટો પહેલા યોજાઈ હતી. ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને ચીનના ઉપરાષ્ટ્રપતિએ સરહદી વિસ્તારોમાં શાંતિ અને સુલેહ-શાંતિને પ્રોત્સાહન આપવાના ઉપાયો પર ગંભીર મંથન કર્યું હતું.

### અમેરિકાના ઐતિહાસિક નિર્ણયથી સીરિયાના પ્રતિબંધો હટ્યા

# અમેરિકાએ સીરિયાને આતંકવાદની યાદીમાંથી સત્તાવાર રીતે હટાવતા દાયકા જૂના પ્રતિબંધો થયા દૂર

(એજન્સી) વાશિંગ્ટન । તા. 25

અમેરિકા દ્વારા મધ્ય પૂર્વના દેશ સીરિયાને લઈને એક મોટો અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. વર્ષ 1979થી ચાલતી લાંબી પ્રક્રિયા બાદ આખરે અમેરિકાએ સીરિયાને આતંકવાદ પ્રાયોજિત દેશોની યાદીમાંથી ઔપચારિક રીતે બહાર કરી દીધું છે. આ મોટા પગલાને કારણે સીરિયા પર લાદવામાં આવેલા દાયકાઓ જૂના કઠોર આર્થિક પ્રતિબંધો હવે હટી જશે, જેનાથી દેશના અર્થતંત્રને નવજીવન મળવાની પૂરી સંભાવના છે. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ આ પગલાને સીરિયાના સામાન્ય નાગરિકોના ઉજ્જવળ અને સારા ભવિષ્ય માટેનું એક અત્યંત મહત્વપૂર્ણ સોપાન ગણાવ્યું છે. આ નિર્ણયથી આંતરરાષ્ટ્રીય રાજકારણમાં નવા સમીકરણો રચાઈ રહ્યા છે. અમેરિકી પ્રશાસન દ્વારા લેવાયેલા આ નિર્ણાયક પગલા અંતર્ગત સીરિયા સંબંધિત નીતિઓમાં આમૂલ પરિવર્તન જોવા મળ્યું છે. આ ઉપરાંત, 'એચટીએસ' (HTS) સંગઠનને પણ આતંકી સંગઠનની યાદીમાંથી મુક્ત કરી દેવામાં આવ્યું છે. આ નિર્ણયનો સીધો અને મોટો ફાયદો સીરિયાના રાષ્ટ્રપ્રમુખ અહમદ અલ-શરાને મળશે.

અમેરિકી નેતૃત્વ દ્વારા સીરિયાના રાષ્ટ્રપ્રમુખ અહમદ અલ-શરાની કામગીરીની પ્રશંસા કરતા તેમને એક ઉત્તમ અને શાનદાર નેતા તરીકે નવાજવામાં આવ્યા છે. આ ફેરફારથી સીરિયામાં રાજકીય સ્થિરતા સ્થાપિત થવાની સાથે સાથે વૈશ્વિક વેપાર અને સહકારના નવા દરવાજા ખૂલવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. વર્ષોથી ચાલતા પ્રતિબંધો અને સંઘર્ષોના કારણે સીરિયાના નાગરિકોએ ભારે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. હવે આતંકવાદ પ્રાયોજિત યાદીમાંથી નામ હટવાને કારણે વૈશ્વિક સ્તરેથી સીરિયામાં નાણાકીય લેવડ-દેવડ અને રોકાણનો રસ્તો સાફ થઈ જશે. આ પરિવર્તનથી સીરિયાના પુનર્નિર્માણના કાર્યોને વેગ મળશે અને વિદેશી સહાય પણ સરળતાથી ઉપલબ્ધ થઈ શકશે. સ્થાનિક સ્તરે પણ લોકો આ નિર્ણયને લઈને સકારાત્મક પ્રતિક્રિયા આપી રહ્યા છે અને લાંબા સમય બાદ રાહતનો શ્વાસ લઈ રહ્યા છે. અમેરિકા



Image From X

અને સીરિયા વચ્ચેના સંબંધોમાં આવેલા આ મોટા વળાંકથી મધ્ય પૂર્વની ભૂ-રાજનીતિમાં સકારાત્મક બદલાવ જોવા મળી શકે છે. જો આ રીતે રાજદ્વારી સંબંધો સુધરતા રહેશે, તો પ્રાદેશિક શાંતિ અને સુરક્ષાની દિશામાં પણ મજબૂત પગલાં ભરી શકાશે. અમેરિકાએ આ નિર્ણય સાથે અલ-શરાના સંગઠન હયાત તહરીર અલ-શામ (HTS) ને પણ ગ્લોબલ ટેરરિસ્ટની સૂચિમાંથી મુક્ત કરી દીધું છે. આ નિર્ણયનો સીધો ફાયદો સીરિયાના વર્તમાન રાષ્ટ્રપ્રમુખ અહમદ અલ-શરાને મળશે. શરા અગાઉ HTS ના વડા હતા અને તેમનું જૂનું નામ અબુ મોહમ્મદ અલ-જોલાની હતું. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ અહમદ અલ-શરા પ્રત્યે હકારાત્મક વલણ દાખવતાં તેમને અત્યંત પ્રતિષ્ઠિત અને મજબૂત નેતા ગણાવ્યા હતા. બંને નેતાઓ વચ્ચે અગાઉ મુલાકાત પણ થઈ ચૂકી છે.

અમેરિકાએ વર્ષ 1979 માં સીરિયાને સ્ટેટ સ્પોન્સર ઓફ ટેરરિઝમની યાદીમાં મૂક્યું હતું. ત્યારથી દાયકાઓ સુધી સીરિયા પર અનેક આર્થિક પ્રતિબંધો લાગેલા હતા. વિદેશ મંત્રી માર્કો રૂબિયોના જણાવ્યા મુજબ, શરા સરકારે ISIS અને અલ-કાયદા જેવા આતંકી નેટવર્ક સામે કડક ઝુંબેશ ચલાવી છે અને ગ્લોબલ ગઠબંધનમાં જોડાણ કર્યું છે, જેથી અમેરિકાએ આ નિર્ણય લીધો છે. આતંકવાદ પ્રાયોજિત દેશનો ટેગ હટવાથી સીરિયામાં વિદેશી રોકાણ અને ખાનગી કંપનીઓ માટે નવા દરવાજા ખુલશે, જેથી દેશની આર્થિક સ્થિતિમાં સુધારો થશે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે ઈઝરાયલ અને સીરિયા વચ્ચે પ્રાદેશિક તણાવ વધેલો છે. તાજેતરમાં ઈઝરાયલે સીરિયાના અબુ અલ-દુહૂર એરબેઝ પર હુમલો કર્યો હતો. આવા સંવેદનશીલ વાતાવરણમાં અમેરિકાનો આ નિર્ણય પશ્ચિમ એશિયામાં ટ્રમ્પ પ્રશાસનની વિદેશ નીતિમાં મોટો બદલાવ દર્શાવે છે.

# ટ્રમ્પ સરકારનો ફરી એચ-1બી વિઝા ફી વધારી એક લાખ ડોલર કરવાનો પ્રસ્તાવ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 25

અમેરિકામાં ભારતીય પ્રોફેશનલ્સ માટે H-1B વિઝા ફી $1,03,265 સુધી વધારવાની ટ્રમ્પ સરકારની યોજના છે. આ પ્રસ્તાવને વ્હાઈટ હાઉસની મંજૂરી મળી ગઈ છે. આનાથી અમેરિકામાં ભણવા અને નોકરી મેળવવા ભારતીયો માટે મોંઘું થશે. અગાઉ સુપ્રીમ કોર્ટે આદેશ પર પ્રતિબંધ મૂક્યો હતો, પરંતુ હવે કાયદાકીય રૂપ આપવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

અમેરિકા એચ-૧બી વિઝા ફી વધારી એક લાખ ડોલરથી વધુ કરવાની યોજના બનાવી રહ્યું છે. આ નિર્ણયની ભારતીય પ્રોફેશનલ્સ પર મોટા પાયે અસર થશે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી એચ-૧બી વિઝા ફી વધારી ૧,૦૩,૨૬૫ ડોલર કરવાની યોજના બનાવી રહ્યું છે. પ્રમુખ ટ્રમ્પે અગાઉ એચ-૧બી વિઝાની ફી એક લાખ ડોલર કરવાનો આદેશ આપ્યો હતો, જેને સુપ્રીમ કોર્ટે રદ કરી દીધો હતો. જોકે, હવે ટ્રમ્પ સરકાર તેને કાયદાકીયરૂપ આપવાનો પ્રયત્ન કરી રહી છે. ટ્રમ્પ વહીવટી તંત્ર એચ-૧બી અને એફ-૧ ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (ઓપીટી) પ્રોગ્રામ પર નવી ફી લગાવવાની યોજના બનાવી રહ્યું છે. સોમવારે ફેડરલ રજિસ્ટરમાં આપવામાં આવેલી માહિતી અનુસાર યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમ લેન્ડ સિક્યુરિટીએ એચ-૧બી વિઝા ફી વધારી ૧,૦૩,૨૬૫ કરવાનો પ્રસ્તાવ જારી કર્યો છે. ગયા વર્ષે પણ આ ફી વધારવાનાં પ્રયત્નો કરવામાં આવ્યા હતાં પણ કોર્ટે તેના પર પ્રતિબંધ મૂકી દીધો હતો. કોર્પોરેટ ઈમિગ્રેશન સર્વિસ ફર્મ ફ્રેગામેનનાં જણાવ્યા અનુસાર જો આ પ્રસ્તાવિત નિયમ અમલમાં મૂકવામાં આવે છે તો આનાથી અમેરિકામાં કામ કરનારા વિદેશી નાગરિકો, યુનિવર્સિટીથી નોકરી તરફ આગળ વધી રહેલા વિદ્યાર્થીઓ અને એચ-૧ વર્કરોને સ્પોન્સર કરનારા કર્મચારીઓનો ખર્ચ વધી શકે છે.

# ઈટાલીના એરપોર્ટ પરફૂંકાયો તોફાની પવન, ભારે વાવાઝોડાથી રન-વે પર વિમાનો ફંગોળાયા

(એજન્સી) રોમ । તા. 25

ઈટાલીના ફોર્લી એરપોર્ટ પર પ્રકૃતિનો ભારે રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યો છે, જ્યાં અંદાજે 120 કિલોમીટર પ્રતિ કલાકની અત્યંત ખતરનાક ઝડપે ફૂંકાયેલા તોફાની પવન અને ધોધમાર વરસાદે ભારે હાહાકાર મચાવ્યો હતો. હવામાનની આ અચાનક સર્જાયેલી વિપરીત પરિસ્થિતિને કારણે એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઊભેલા ત્રણથી ચાર મહાકાય વિમાનો કોઈ રમકડાંની જેમ હવામાં ફંગોળાઈને જમીન પર ઊંધા વળી ગયા હતા.

આ અકલ્પનીય ઘટનાનો વિડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ વૈશ્વિક સ્તરે અને સ્થાનિક સ્તરે અંધાધૂંધી અને ચિંતાનું મોજું ફરી વળ્યું છે. સુરક્ષાના કારણોસર એરપોર્ટને કલાકો સુધી સંપૂર્ણપણે બંધ રાખવાની ફરજ પડી હતી.

મળતી માહિતી મુજબ, તોફાનની તીવ્રતા વધારે હતી કે એરપોર્ટનું ગ્રાઉન્ડ સ્ટાફ પણ પોતાની જગ્યાએથી હલી શક્યું ન હતું. પવનના જોરને



કારણે રન-વે પર ઊભેલા વિમાનોનું સંતુલન બગડ્યું અને તે ક્ષણોમાં જ પલટી ખાઈ ગયા. આ અકસ્માતને પગલે ફોર્લી એરપોર્ટ પરથી થનારી તમામ વિમાન સેવાઓ અને ઉડ્ડયનો તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવ્યા હતા.

મીડિયા અહેવાલ અનુસાર, એજન્સીઓ દ્વારા એરપોર્ટ પરિસરમાં થયેલા નુકસાનનું આકલન કરવામાં આવી રહ્યું છે અને ફ્લાઈટ્સ પૂર્વવત કરવા માટે કટોકટીની બેઠકો યોજાઈ રહી છે.

આ ભયાનક કુદરતી આપત્તિ બાદ સ્થાનિક વહીવટીતંત્ર અને એરપોર્ટ ઓથોરિટી દ્વારા ત્વરિત પગલાં લેવામાં આવ્યા છે. એરપોર્ટના ક્ષતિગ્રસ્ત વિસ્તારોને સુરક્ષિત ઘેરાબંધીમાં લેવામાં આવ્યા છે જેથી અન્ય કોઈ અનિચ્છનીય ઘટના ન બને. આ અચાનક આવેલા વાવાઝોડાને કારણે સ્થાનિક નાગરિકો અને મુસાફરોને પણ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે.

નિષ્ણાતોના મતે, આ પ્રકારની આત્યંતિક હવામાન ઘટનાઓ વૈશ્વિક આબોહવા પરિવર્તનની ગંભીર અસરો તરફ ઈશારો કરે છે.

ફોર્લી એરપોર્ટ પર થયેલી આ દુર્ઘટનાએ ઉડ્ડયન ક્ષેત્રની સુરક્ષા સામે પણ કેટલાક નવા સવાલો ખડા કર્યા છે. હાલમાં એરપોર્ટ પર મરામત અને સફાઈનું કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે, અને સ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં આવ્યા બાદ જ હવાઈ વ્યવહાર ફરી શરૂ કરવા અંગેનો અંતિમ નિર્ણય લેવામાં આવશે.

**સંબંધ** | વિદેશ મંત્રી જયશંકરની શુભેચ્છાઓનો યુક્રેન દ્વારા સ્વીકાર

# યુક્રેન દ્વારા ભારત સાથેના સંબંધો મજબૂત કરવાની આશા

(એજન્સી) કીવ । તા. 25

યુક્રેનના વિદેશ મંત્રી એન્ડ્રી સિબિહાએ મંગળવારના રોજ ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરનો યુક્રેનના સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે પાઠવેલી હાર્દિક શુભેચ્છાઓ બદલ વિશેષ આભાર વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પર પોતાના સંદેશમાં તેમણે ભારત અને નવી દિલ્હી વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને ભવિષ્યમાં વધુ ગાઢ અને મજબૂત બનાવવા માટે ભારે આશાવાદ વ્યક્ત કર્યો હતો.

યુક્રેની વિદેશ મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે તેઓ યુક્રેન અને ભારત વચ્ચેના પરસ્પર સહકારને આગામી સમયમાં વધુ વ્યાપક બનાવવા માટે ઉત્સુક છે. આ સકારાત્મક અભિગમથી બંને દેશો વચ્ચે રાજદ્વારી આદાનપ્રદાનને વેગ મળવાની પૂરી સંભાવના છે.

દરમિયાન, ભારતમાં આવેલા યુક્રેનના દૂતાવાસ દ્વારા સોમવારના રોજ કીવના 35મા સ્વતંત્રતા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી, જેમાં



દેશના સમૃદ્ધ ઈતિહાસ અને રાજ્યની અસ્મિતાને યાદ કરવામાં આવી હતી. આ વિશેષ સમારોહનું નેતૃત્વ યુક્રેની દૂતાવાસના ચાર્જ ડી'અફેર્સ આર્ટેમ નોસ્કો અને ભારતમાં યુક્રેની સમુદાયના વડા મરિના અકરામ દ્વારા સંયુક્તપણે કરવામાં આવ્યું હતું. આ અવસરે મરિના અકરામે યુક્રેનને સમર્પિત એક ભાવનાત્મક કવિતા પણ રજૂ કરી હતી.

દૂતાવાસ દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે આર્ટેમ નોસ્કોએ પોતાના સંબોધનમાં યુક્રેનના હજારો વર્ષોના ઈતિહાસ, સ્વતંત્રતા માટેના લાંબા સંઘર્ષ અને દેશની અતૂટ તાકાતનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. આ ઉજવણીમાં યુક્રેન ખાતેના ભારતના રાજદૂત અંજની કુમારે પણ વિશેષ ઉપસ્થિતિ નોંધાવી હતી. ભારતીય રાજદૂત અંજની કુમારે કીવમાં યોજાયેલા સ્વતંત્રતા દિવસના મુખ્ય સમારોહમાં હાજરી આપીને યુક્રેનના વિદેશ મંત્રી એન્ડ્રી સિબિહાને રૂબરૂ મળીને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. આ મુલાકાત દરમિયાન તેમણે ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર તરફથી પણ ખાસ શુભેચ્છાઓ પહોંચાડી હતી. આ પ્રકારના રાજદ્વારી સંબંધો બંને રાષ્ટ્રો વચ્ચે પરસ્પર વિશ્વાસ અને સમજણ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વૈશ્વિક પડકારો વચ્ચે પણ ભારત અને યુક્રેન પોતાના સહયોગને જાળવી રાખવા માટે પ્રયાસરત છે.

# બાંગ્લાદેશમાં 330 કિલો વાળની ચોરીથી દંગ

(એજન્સી) ચુઆડાંગા । તા. 25

સામાન્ય રીતે લૂંટ કે ચોરીની ઘટનાઓમાં સોના-ચાંદી, રોકડ રકમ કે કિંમતી ઘરેણાં ચોરાયા હોવાના સમાચાર અવારનવાર સાંભળવા મળતા હોય છે, પરંતુ બાંગ્લાદેશના ચુઆડાંગા જિલ્લામાંથી એક અત્યંત અજીબોગરીબ અને અસામાન્ય કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં હથિયારોથી સજ્જ લૂંટારુઓની એક ટોળકીએ ધોળા દિવસે રસ્તા પરથી 330 કિલોગ્રામ માનવ વાળથી ભરેલી કવર્ડ વ્યાન ફિલ્મીઢબે લૂંટી લીધી હતી. આંતરરાષ્ટ્રીય બજારમાં વિગ અને હેર એક્સ્ટેન્શનની અત્યંત ભારે માંગ હોવાને કારણે લૂંટાયેલા આ વાળની બજાર કિંમત 1 કરોડ ટકાથી પણ વધુ હોવાનું સામે આવ્યું છે.

સ્થાનિક સમાચાર માધ્યમો દ્વારા આ ઘટનાની જાણકારી મળતા જ સમગ્ર પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી અને હેર પ્રોસેસિંગના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ સનસનીખેજ ઘટના ચુઆડાંગા જિલ્લાના દમુરહુદા ઉપજિલ્લા હેઠળ આવેલા કોશાગાટા વિસ્તારમાં બપોરના સુમારે બની હતી. આ માલ કરપસડાંગા સ્થિત હેર ફેક્ટરીમાંથી આગળના પ્રોસેસિંગ અને વ્યાપારી હેતુ માટે કવર્ડ વ્યાનમાં ભરીને અન્ય સ્થળે લઈ જવામાં આવી રહ્યો હતો.

આ દરમિયાન અચાનક 7 થી 8 હથિયારધારી અજાણ્યા શખ્સોએ વ્યાનને રોકી લીધી હતી અને ડ્રાઈવરને બંદક બનાવી દીધો હતો. લૂંટારુઓ વાહનમાંથી માનવ વાળ ભરેલા 23 કોથળા બળજબરીપૂર્વક ઉતારીને નાસી છૂટ્યા હતા. ઘટનાની ગંભીરતાને જોઈને સ્થાનિક પોલીસે ત્વરિત સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું.

## મુખ્યમંત્રી આવાસ તરફ કૂચ કરી રહેલા પ્રદર્શનકારીઓ રોકાયા

# પટણામાં BPSC વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ અને અટકાયત

(એજન્સી) પટણા । તા. 25



બિહારની રાજધાની પટણામાં વિવિધ પડતર માંગણીઓને લઈને વિદ્યાર્થીઓનું આંદોલન વધુ ઉગ્ર બન્યું છે. 70મી BPSC પરીક્ષા રદ કરવા, નેગેટિવ માર્કિંગનો અંત લાવવા તથા સિંગલ શિફ્ટમાં પરીક્ષા લાગુ કરવાની માંગ સાથે હજારો વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા. ગાંધી મેદાનના ગેટ નંબર 10 પર એકઠા થયેલા વિદ્યાર્થીઓની વિશાળ માર્ચ જેપી ગોલંબર પહોંચતા જ વાતાવરણ ગરમાયું હતું.

સ્થિતિને કાબૂમાં લેવા માટે વહીવટી તંત્ર દ્વારા પહેલેથી જ મોટી સંખ્યામાં પોલીસ કાફલો તહેનાત કરવામાં આવ્યો હતો. પ્રદર્શનકારીઓ બેરિકેડ્સ તોડીને મુખ્યમંત્રી આવાસ તરફ આગળ વધવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારબાદ પોલીસે લાઠીચાર્જ કરીને અનેક દેખાવકારોની અટકાયત કરી લીધી હતી.

આ પ્રદર્શન પહેલા સોમવારે વિદ્યાર્થી નેતાઓની શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે આશરે બે કલાક સુધી લાંબી બેઠક યોજાઈ હતી. બેઠક બાદ વિદ્યાર્થી નેતા સૌરભ સિંહે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે સરકારે કેટલાક આશ્વાસનો આપ્યા છે, પરંતુ મુખ્ય માંગણીઓનો કોઈ સંતોષકારક ઉકેલ ન આવતા તેમણે સીએમ આવાસના ઘેરાવનો કાર્યક્રમ રદ કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો.

પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ મુજબ મંગળવારે સવારે વિદ્યાર્થીઓ ગાંધી મેદાન ખાતે એકઠા થયા હતા અને ત્યાંથી કૂચ શરૂ કરી હતી. પોલીસે બેરિકેડિંગ કરીને તેમને રોકવાના ભરપૂર પ્રયાસો કર્યા હતા, જેના કારણે વિસ્તારમાં અફરાતફરી અને ભારે તણાવનો માહોલ સર્જાયો હતો. 70મી BPSC (બિહાર પબ્લિક સર્વિસ કમિશન) ની પરીક્ષા સંપૂર્ણપણે રદ કરવામાં આવે. પરીક્ષા પદ્ધતિમાં લાગુ કરાયેલ નેગેટિવ માર્કિંગ નાબૂદ કરવામાં આવે. નોર્મલાઈઝેશન પ્રક્રિયા હટાવીને સિંગલ શિફ્ટમાં પરીક્ષા લેવામાં આવે. વિદ્યાર્થી નેતાઓનું સ્પષ્ટ કહેવું છે કે જ્યાં સુધી સરકાર તેમની તમામ માંગણીઓ સ્વીકારીને સત્તાવાર આદેશ જારી નહીં કરે, ત્યાં સુધી તેમનો આ વિરોધ પ્રદર્શન યથાવત રહેશે. પટણામાં વિદ્યાર્થીઓ અને પોલીસ વચ્ચે થયેલી આ ટક્કરે રાજ્યમાં યુવા રોષનું મોટું ચિત્ર રજૂ કર્યું છે. વહીવટી તંત્ર દ્વારા સ્થિતિ પર કાબૂ મેળવવાના પ્રયાસો ચાલુ છે, પરંતુ પરીક્ષાઓની પારદર્શિતાને લઈને વિદ્યાર્થીઓમાં પ્રવર્તતી અસંતોષની આગ હજુ પણ યથાવત છે.

પટણામાં 70મી બીપીએસસીની પરીક્ષા રદ કરવા, નેગેટિવ માર્કિંગનો અંત લાવવા તથા સિંગલ પરીક્ષા લાગુ કરવાની માગ સાથે વિદ્યાર્થીઓ દ્વારા આ દેખાવો કરવામાં આવી રહ્યા છે. આ મામલે સરકાર સાથે અમુક મુદ્દાઓ પર ચર્ચા થઇ હતી પરંતુ તેનો ચોક્કસ નીવેડો ન આવતા દેખાવકાર વિદ્યાર્થીઓએ આજે સીએમ આવાસ તરફ કૂચનું એલાન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, વિદ્યાર્થીઓએ પોતાની માંગણીઓના સંદર્ભમાં આ પ્રદર્શનની જાહેરાત કરી હતી. આ મુદ્દે સોમવારે વિદ્યાર્થી નેતાઓની શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે આશરે બે કલાક સુધી લાંબી બેઠક યોજાઈ હતી. બેઠક બાદ ગર્દાનીબાગ ધરણા સ્થળે પહોંચેલા વિદ્યાર્થી નેતા સૌરભ સિંહે પત્રકાર પરિષદ યોજીને માહિતી આપી હતી કે, શિક્ષણ વિભાગે તેમની કેટલીક માંગણીઓ સ્વીકારીને આશ્વાસન આપ્યું છે, પરંતુ મુખ્ય માંગણીઓ હજુ પણ પડતર છે. પરિણામે, વિદ્યાર્થી નેતાઓએ અગાઉથી નક્કી કરાયેલા મુખ્યમંત્રી આવાસના ઘેરાવનો કાર્યક્રમ રદ કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો.

## અલ્લાહાબાદ હાઈકોર્ટનો મોટો નિર્ણય, હિજાબ વિવાદ પર કાનૂની ચુકાદો, અદાલતે ફગાવી અરજી



પ્રયાગરાજ | ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ ખાતે આવેલી ટાગોર પબ્લિક સ્કૂલની અગિયારમા ધોરણની એક મુસ્લિમ વિદ્યાર્થીની દ્વારા શાળામાં હિજાબ પહેરવાની પરવાનગી માંગતી અરજીને અલ્લાહાબાદ હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે ગતરોજ ફગાવી દીધી છે, અને સ્પષ્ટ કર્યું છે કે શૈક્ષણિક સંસ્થાઓમાં સમાનતા તેમજ શિસ્ત જાળવવા માટે નિર્ધારિત યુનિફોર્મ કોડનું પાલન કરવું અત્યંત આવશ્યક છે. અદાલતે પોતાના આદેશમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે ઉપલબ્ધ ધાર્મિક તથા કાનૂની પુરાવાઓ મુજબ હિજાબ પહેરવો એ ઈસ્લામ ધર્મનો કોઈ અનિવાર્ય હિસ્સો સાબિત થતો નથી, જેના કારણે માત્ર વ્યક્તિગત આસ્થા કે દાવાના આધારે કાયદાકીય રાહત આપી શકાય નહીં. આ મહત્વપૂર્ણ મામલાની સુનાવણી જસ્ટિસ જે.જે. મુનીર અને જસ્ટિસ ઈન્દ્રજીત શુક્લાની પીઠ દ્વારા કરવામાં આવી હતી. અદાલતે સુનાવણી દરમિયાન નોંધ્યું હતું કે અરજદાર વિદ્યાર્થીની દ્વારા એવો કોઈ નક્કર પુરાવો રજૂ કરવામાં આવ્યો નથી જે દર્શાવી શકે કે ઈસ્લામમાં હિજાબ ધારણ કરવો ફરજિયાત છે.

## ખાંડના ભાવવધારા પર રાહતભરી અપડેટ, ભાવવધારો માત્ર અસ્થાયી છે, સરકારનું મોટું પગલું

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

છેલ્લા કેટલાક સપ્તાહથી છૂટક અને જથ્થાબંધ બજારમાં ખાંડના ભાવમાં થયેલા અચાનક વધારાથી સામાન્ય જનતાના માસિક બજેટ પર ભારે અસર પડી રહી છે, ત્યારે ઈન્ડિયન શુગર મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (ઈસ્મા) અને કેન્દ્ર સરકાર તરફથી એક અત્યંત રાહતભરી અપડેટ સામે આવી છે. દેશની સર્વોચ્ચ ખાંડ સંસ્થાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે વર્તમાન સમયમાં દેશમાં ખાંડની કોઈ પણ પ્રકારની માળખાકીય કે વાસ્તવિક અછત નથી, અને બજારમાં જોવા મળી રહેલો આ ભાવવધારો માત્ર કામચલાઉ અને અસ્થાયી સ્વરૂપનો જ છે.

બજારના આંકડાઓ અને નિષ્ણાતોના મતે, ખાંડના ભાવ ઊંચકાવા પાછળ તહેવારોની સીઝનને કારણે અચાનક વધી ગયેલી માંગ, ઉત્પાદનમાં થયેલો સાધારણ ઘટાડો, પ્રતિકૂળ હવામાન અને આંતરરાષ્ટ્રીય બજારમાં ખાંડના ભાવમાં નોંધાયેલો સોળ ટકા જેટલો મોટો ઉછાળો મુખ્યત્વે જવાબદાર છે. આ સિવાય, કેટલાક તત્વો દ્વારા બજારમાં માલ દબાવીને કરવામાં આવતી સંગ્રહખોરીના કારણે કૃત્રિમ અછતનું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે. ઈસ્માએ એવો પણ ખુલાસો કર્યો છે કે ઈથેનોલ બ્લેન્ડિંગ પ્રોગ્રામને કારણે ખાંડ મોંઘી થઈ હોવાની વાતો તદ્દન પાયાવિહોણી છે, કારણ કે ઈથેનોલ ઉત્પાદનમાં પંચોતેર ટકા જેટલો મોટો હિસ્સો અનાજનો હોય છે.

આ ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે ગ્રાહકોને રાહત આપવા માટે તાત્કાલિક ધોરણે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. સરકારે બજારમાં પૂરતો પુરવઠો જાળવી રાખવા માટે દસ લાખ ટન કાચી ખાંડની આયાત કરવાની મંજૂરી આપી દીધી છે અને સાથે જ વેપારીઓ માટે સ્ટોક લિમિટ પણ નક્કી કરી દેવામાં આવી છે, જેથી સંગ્રહખોરી પર કડક લગામ કસી શકાય. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા પણ સંગ્રહખોરો સામે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે, જેથી બજારમાં કાળાબજારી અટકે અને ગ્રાહકોને વ્યાજબી ભાવે આવશ્યક ચીજવસ્તુઓ મળી રહે.

## ડેરા પ્રમુખ ગુરમીત રામ રહીમને પાંચ વર્ષમાં સત્તરમાં વખત વીસ દિવસનો ફરલો મળ્યો

(એજન્સી) રોહતક । તા. 25

યૌન શોષણ અને અન્ય ગંભીર ગુનાઓ અંતર્ગત લાંબી જેલની સજા કાપી રહેલા ધાર્મિક સંસ્થાના વડાને લઈને સમયાંતરે નવા અહેવાલો સામે આવતા હોય છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ડેરા સચ્ચા સૌદાના



પ્રમુખ ગુરમીત રામ રહીમને વધુ એક વખત એકવીસ દિવસના ફરલો મંજૂર કરવામાં આવ્યા છે, જેના કારણે તેઓ રોહતક સ્થિત સુનારિયા જેલમાંથી મુક્ત થઈને સીધા સિરસા સ્થિત પોતાના મુખ્ય આશ્રમ ખાતે પહોંચી ગયા છે. આ અગાઉ પણ ગત મે મહિનામાં તેમને અસ્થાયી ધોરણે મુક્તિ આપવામાં આવી હતી, જેણે ફરી એકવાર વિવિધ વર્તુળોમાં ચર્ચા જગાવી છે.

મીડિયા અહેવાલ મુજબ, સીબીઆઈની વિશેષ અદાલત દ્વારા વર્ષ ૨૦૧૭માં બે સાધ્વીઓ પર દુષ્કર્મ આચરવાના કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા બાદ તેમને વીસ વર્ષની આકરી જેલની સજા ફટકારવામાં આવી હતી. આ સજાના અમલ દરમિયાન છેલ્લા પાંચ વર્ષના સમયગાળામાં તેમને જુદા જુદા કારણોસર અવારનવાર ફરલો અને પેરોલ મળવાનો સિલસિલો યથાવત રહ્યો છે. આ સાથે જ તેમને અગાઉ એક પૂર્વ પ્રબંધક અને પત્રકારની હત્યાના પ્રકરણમાં પણ દોષિત માનવામાં આવ્યા હતા, જોકે બાદમાં ઉચ્ચ અદાલત દ્વારા તે હત્યાના આરોપોમાંથી તેમને નિર્દોષ જાહેર કરીને રાહત આપવામાં આવી હતી. જેલ નિયમો અને પ્રક્રિયાઓ અનુસાર આપવામાં આવેલા આ નવા ફરલોના કારણે તેઓ આગામી કેટલાક દિવસો સુધી જેલની બહાર પોતાના આશ્રમમાં વિતાવશે.

## અરવિંદ કેજરીવાલે ભાજપને પંજાબ અને ગુજરાતની સરકારી શાળાઓની સંયુક્ત તપાસ કરવા પડકાર ફેંક્યો

(એજન્સી) રોહતક । તા. 25

દેશમાં શિક્ષણ અને શૈક્ષણિક માળખાને લઈને રાજકીય પક્ષો વચ્ચે નિવેદબાજીઓ તેજ થતી હોય છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે મંગળવારના રોજ ભારતીય જનતા પાર્ટીને ખુલ્લો પડકાર ફેંક્યો છે કે તેઓ પંજાબ અને ગુજરાતમાંથી



એક-એક હજાર સરકારી શાળાઓની સંયુક્ત તપાસ કરે. મીડિયાને સાથે રાખીને કરવામાં આવનારી આ મુલાકાતથી બંને રાજ્યોમાં જાહેર શિક્ષણના સ્તરની વાસ્તવિકતા સામે આવી જશે તેમ તેમણે જણાવ્યું હતું.

કેજરીવાલે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે ભાજપે પંજાબની શિક્ષણ વ્યવસ્થાને બદનામ કરવાનું છોડીને પોતાની શાળાઓની સ્થિતિ પણ જોવી જોઈએ. તેમણે દાવો કર્યો હતો કે પંજાબમાં આપ સરકારના કાર્યકાળ દરમિયાન હજારો શાળાઓનું કાયાપલટ કરવામાં આવ્યું છે અને નીતિ આયોગના રેન્કિંગમાં પણ પંજાબ મોખરે આવ્યું છે. પંજાબમાં ૧૯,૭૦૦માંથી મોટાભાગની શાળાઓને અપગ્રેડ કરવામાં આવી ચૂકી છે જ્યારે બાકીની શાળાઓ પર કામ ચાલી રહ્યું છે. અરવિંદ કેજરીવાલે આરોપ લગાવ્યો હતો કે ભાજપ દ્વારા પંજાબની શાળાઓને બદનામ કરવા માટે ૨૦૧૮ના જૂના વિડીયો તેમજ કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) જનરેટેડ કન્ટેન્ટનો સહારો લેવામાં આવી રહ્યો છે, જ્યારે વાસ્તવિકતા એ છે કે તે સમયે કોંગ્રેસ સરકાર સત્તામાં હતી અને ભાજપ પણ લાંબા સમય સુધી સત્તામાં રહી ચૂકી છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે તેઓ વાજબી ટીકાઓ સ્વીકારવા અને ખામીઓ સુધારવા માટે તૈયાર છે, પરંતુ ખોટી અફવાઓ ફેલાવીને સ્થાનિક શિક્ષકો અને વિદ્યાર્થીઓની મહેનત પર પાણી ફેરવવું યોગ્ય નથી.

## શિક્ષકદિને દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટી દ્વારા સરકારી શાળાઓની દયનીય સ્થિતિ સામે શાંતિપૂર્ણ દેખાવો યોજાશે



નવી દિલ્હી | દેશમાં શિક્ષણ ક્ષેત્રની સ્થિતિ અને પાયાની સુવિધાઓને લઈને સમયાંતરે વિવિધ સવાલો ઉભા થતા હોય છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આગામી ૫મી સપ્ટેમ્બરના રોજ શિક્ષકદિન નિમિત્તે 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) દ્વારા રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં સરકારી શાળાઓની બદતર અને પાયમાલ સ્થિતિ વિરુદ્ધ એક વિશાળ શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન યોજવામાં આવશે. આ માર્ચ ઈન્ડિયા ગેટથી શરૂ થઈને દિલ્હી પોલીસ મુખ્યાલય સુધી કાઢવામાં આવશે, જેમાં વિવિધ સંગઠનો અને પીડિત પરિવારો ભાગ લેશે. CJPના સ્થાપક અભિજીત દીપકેએ દેશભરના તમામ રાજ્યોના શિક્ષણ મંત્રીઓને સત્તાવાર પત્ર લખીને શાળાઓનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ખાલી પડેલી શિક્ષકોની જગ્યાઓ, બજેટ અને ડિજિટલ સુવિધાઓની રાજ્યવાર વિગતો માંગવામાં આવી છે. સંસ્થા દ્વારા એવો ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે કે દેશની અનેક સરકારી શાળાઓમાં બાળકોની હાલત પ્રાણીઓ કરતા પણ બદતર છે, જ્યાં પીવાનું શુદ્ધ પાણી અને યોગ્ય ક્લાસરૂમ જેવી પ્રાથમિક સુવિધાઓ પણ ઉપલબ્ધ નથી. 'સ્કૂલ ઠીક કરો અભિયાન' અંતર્ગત આ ડેટા માંગવામાં આવ્યા છે.

## ડ્રાઈવર બસ રોકીને સ્થળ પરથી ભાગી ગયો

# સુરતથી કાનપુર જતી ખાનગી બસમાં મધ્યપ્રદેશના સરદારપુર પાસે ભીષણ બસમાં આગ લાગી



(એજન્સી) સુરત/સરદારપુર । તા. 25

ગુજરાતના સુરત શહેરથી ઉત્તર પ્રદેશના કાનપુર તરફ મુસાફરોને લઈને જઈ રહેલી એક ખાનગી લક્ઝરી બસમાં મધ્ય પ્રદેશના સરદારપુર નજીક મોડી રાત્રે અચાનક ભીષણ આગ ફાટી નીકળવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ચાલતા વાહનમાં અચાનક ધુમાડો નીકળતાની સાથે જ ડ્રાઈવર બસ રોકીને સ્થળ પરથી ભાગી છૂટ્યો હતો, જેના કારણે બસમાં સવાર અસંખ્ય મુસાફરોમાં ભારે અફરાતફરી અને નાસભાગ મચી ગઈ હતી. મુસાફરોએ સમય સૂચકતા વાપરીને બારીઓના કાચ તોડીને બહાર કૂદીને પોતાના પ્રાણ બચાવ્યા હતા.

મીડિયા અહેવાલ મુજબ, આ દુર્ઘટના મધ્ય પ્રદેશના સરદારપુર નગર સ્થિત ભોપાવર ચોકી પાસે બની હતી. મુસાફરોના જણાવ્યા મુજબ, ગુજરાતના દાહોદ નજીક એક હોટેલ પર આ બસને આશરે ચાર કલાક સુધી રોકીને તેમાં કોઈ ટેકનિકલ ખામી અંગે રિપેરિંગ કામ કરાવવામાં આવ્યું હતું અને ત્યારબાદ તેને આગળ રવાના કરવામાં આવી હતી. કાનપુરના નિવાસી એક મહિલા મુસાફરે જણાવ્યું કે તેમણે પોતાના આઠ વર્ષના માસૂમ પુત્રને બારીમાંથી બહાર ફેંકીને અને બાદમાં પોતે બહાર નીકળીને માંડ માંડ પોતાનો જીવ બચાવ્યો હતો. આ દુર્ઘટનામાં કેટલાક લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી છે જ્યારે મોટાભાગના મુસાફરોનો સામાન બળીને સંપૂર્ણપણે ખાખ થઈ ગયો છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઘટનાની જાણ થતાં જ સરદારપુરના એસડીઓપી વિશ્વદીપ સિંહ પરિહાર અને સ્થાનિક પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. આગની ભયાનકતાને ધ્યાનમાં રાખીને માર્ગનો એક તરફનો વાહનવ્યવહાર બંધ કરીને અન્યત્ર ડાયવર્ટ કરવામાં આવ્યો હતો. ફાયર બ્રિગેડની ટીમ પહોંચે તે પહેલા જ બસ મોટાભાગે બળી ચૂકી હતી, જોકે બાદમાં આગ પર કાબૂ મેળવી લેવાયો હતો. પોલીસે ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર અપાવ્યા બાદ અન્ય મુસાફર બસોની વ્યવસ્થા કરી તમામ મુસાફરોને સુરક્ષિત રીતે આગળ રવાના કર્યા હતા.

પ્રાથમિક તપાસમાં ટેકનિકલ ખામી કે શોર્ટ સર્કિટના કારણે આ આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# નવી દિલ્હી ખાતે વાવ-થરાદની સંસ્કૃતિનું સન્માન થયું: અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ વડાપ્રધાનશ્રીને અર્પણ કરી શિવનગરની 'સુફ શાલ'

### સરહદી થરાદની કળા રાષ્ટ્રીય મંચ પર ઝળકી: વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શિવનગરના કારીગરોની અદભુત સુફ હસ્તકળાને બિરદાવી

માહિતી બ્યુરો,થરાદ | વાવ - થરાદ જિલ્લાના સરહદી થરાદ તાલુકા સ્થિત શિવનગર ગામની પેઢીઓ જૂની ઐતિહાસિક હસ્તકળા 'સુફ કશીદાકારી' હવે દેશના સર્વોચ્ચ મંચ સુધી પહોંચી છે. નવી દિલ્હી ખાતે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તથા થરાદના ધારાસભ્ય શ્રી શંકરભાઈ ચૌધરીએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાથેની સૌજન્ય મુલાકાત દરમિયાન પરંપરાગત રીત-રિવાજ મુજબ શિવનગરની અસલ સુફ કશીદાકારીથી સુશોભિત વિશિષ્ટ 'શાલ' અર્પણ કરી વડાપ્રધાનશ્રીનું સન્માન કર્યું હતું. સ્થાનિક ગ્રામીણ કારીગરો દ્વારા સોય અને દોરાના અદભુત સંયોજનથી તૈયાર કરાયેલી આ કલાકૃતિને દેશના સર્વોચ્ચ નેતૃત્વ સમક્ષ પ્રસ્તુત કરવાની આ ક્ષણ સમગ્ર વાવ - થરાદ પંથક માટે અતિ ગૌરવશાળી સાબિત થઈ છે. સુફ કશીદાકારી એ કોઈ સામાન્ય ભરતકામ નથી, પરંતુ કાપડ પર કોઈપણ પૂર્વ છાપકામ કે રેખાંકન વગર માત્ર દોરાના તારની



ગણતરી (કાઉન્ટિંગ) કરીને ત્રિકોણાકાર અને ભૌમિતિક ભાતો કંડારતી અત્યંત જટિલ અને પ્રાચીન હસ્તકળા છે. વડાપ્રધાનશ્રીએ આ શાલમાં રહેલી અતિ ઝીણવટભરી કારીગરી, પરંપરાગત રંગોની પસંદગી અને સ્થાનિક મહિલા કારીગરોની અથાક મહેનતને અત્યંત આત્મીયતાપૂર્વક નિહાળી હતી. તેમણે ભારતીય લોકવારસાને જીવંત રાખતા ગ્રામીણ કલાકારોના અપ્રતિમ કૌશલ્ય અને સમર્પણની મુક્તકંઠે સરાહના કરી હતી, જેનાથી શિવનગરના કસબીઓમાં આનંદ અને ગર્વની લાગણી પ્રસરી છે.વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી સ્થાનિક હસ્તકળા, ગ્રામીણ રોજગારી અને સરહદી વિસ્તારના સાંસ્કૃતિક વારસાને સતત પ્રોત્સાહન આપવા માટે અગ્રેસર રહ્યા છે. વડાપ્રધાનશ્રીના 'વોકલ ફોર લોકલ' મંત્રને જમીની સ્તરે સાકાર કરતાં, શિવનગર જેવા છેવાડાના વિસ્તારની પરંપરાગત કળાને દેશના વડાપ્રધાન સુધી પહોંચાડી તેમણે સ્થાનિક કારીગરોને રાષ્ટ્રીય સ્તરની ઓળખ અપાવવામાં મહત્વપૂર્ણ સેતુરૂપ ભૂમિકા ભજવી છે. જનપ્રતિનિધિ તરીકેના તેમના આ નિષ્ઠાવાન પ્રયાસોથી હસ્તકલા ક્ષેત્ર સાથે જોડાયેલા પરિવારોમાં નવી આશા, ઉત્સાહ અને આત્મનિર્ભરતાનો સંચાર થયો છે.વડાપ્રધાનશ્રી દ્વારા મળેલી આ સર્વોચ્ચ સ્વીકૃતિ માત્ર એક ગામ કે કારીગર પૂરતી સીમિત ન રહેતાં, સમગ્ર થરાદ અને ગુજરાતના સમૃદ્ધ વારસાનું બહુમાન બની રહી છે. દેશના સર્વોચ્ચ નેતૃત્વનું ધ્યાન આ લુપ્તપ્રાય કળા તરફ આકર્ષિત થવાથી આગામી સમયમાં શિવનગરની સુફ કશીદાકારીને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય પ્રદર્શન મંચો, ઈ-કોમર્સ માર્કેટ અને સરકારી પ્રોત્સાહક યોજનાઓ થકી વિશાળ આર્થિક તકો ઉપલબ્ધ બનશે. આ ઐતિહાસિક સન્માનથી થરાદની કળાને નવી ઓળખ મળશે અને નવી પેઢી પણ આ પારંપરિક વારસાને આગળ ધપાવવા પ્રેરિત થશે.

## પુરી સ્ટેશન પર પ્લેટફોર્મ અપગ્રેડેશન કામને કારણે ગાંધીધામ-પુરી સાપ્તાહિક ટ્રેનો આંશિક રદ રહેશે

पश्चिम रेलवे
Western Railway

પુરી | પૂર્વ તટ રેલવેના ખુર્દા રોડ મંડળના પુરી સ્ટેશન પર પ્લેટફોર્મ અપગ્રેડેશન કામ માટે બ્લૉક લેવામાં આવ્યો છે, જેના કારણે ગાંધીધામ-પુરી સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનો આંશિક રદ રહેશે. વિગતો નીચે મુજબ છે : આંશિક રદ ટ્રેનો : 26 ઓગસ્ટ થી 14 ઓક્ટોબર 2026 સુધી ટ્રેન નંબર 22973 ગાંધીધામ-પુરી સાપ્તાહિક એક્સપ્રેસ માલતીપાટપુર સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે. 29 ઓગસ્ટ થી 17 ઓક્ટોબર 2026 સુધી ટ્રેન નંબર 22974 પુરી-ગાંધીધામ સાપ્તાહિક એક્સપ્રેસ માલતીપાટપુર સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ થશે. 28 ઓગસ્ટ થી 16 ઓક્ટોબર 2026 સુધી ટ્રેન નંબર 12993 ગાંધીધામ-પુરી સાપ્તાહિક એક્સપ્રેસ માલતીપાટપુર સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે.31 ઓગસ્ટ થી 19 ઓક્ટોબર 2026 સુધી ટ્રેન નંબર 12994 પુરી-ગાંધીધામ સાપ્તાહિક એક્સપ્રેસ માલતીપાટપુર સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ થશે.યાત્રીઓને વિનંતી કરવામાં આવે છે કે ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને યાત્રા કરે. ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે ભારતીય રેલવેની અધિકૃત વેબસાઈટ www.enquiry.indianrail.gov.in નું અવલોકન કરે.

## લાઠી ચાર્જ અને પેલેટ ગન મુદ્દે સંસદીય બેઠકમાં ભારે હોબાળો

નવી દિલ્હી | સંસદની ગૃહ બાબતોની સમિતિની બેઠકમાં મંગળવારે (25 ઑગસ્ટ 2026) ભારે હોબાળો જોવા મળ્યો હતો. વિપક્ષી સભ્યોએ બેઠકમાં પેલેટ ગનનો ઉપયોગ અને જંતર-મંતર ખાતે દિલ્હી પોલીસ દ્વારા કરવામાં આવેલા લાઠીચાર્જ અંગે ચર્ચા કરવાની માંગ કરી હતી. જોકે, સૂત્રોના જણાવ્યા મુજબ કમિટીના અધ્યક્ષ અને ભાજપના સાંસદ રાધામોહન દાસે(Radhamohan Das) આ મુદ્દાઓ પર ચર્ચા કરવાનો ઈન્કાર કરી દીધો હતો. દિલ્હીમાં વિદ્યાર્થી આંદોલન દરમિયાન પેલેટ ગનથી ઘવાયેલા સાહિલ(Sahil)ના કિસ્સામાં એફઆઈઆર નોંધવાની માંગ સાથે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી(Rahul Gandhi)એ દિલ્હીના સંસદ માર્ગ પોલીસ સ્ટેશન બહાર ધરણાં કર્યા હતા. તેઓ 5 કલાક સુધી ધરણાં પર બેઠા બાદ પોલીસે આખરે અજાણ્યા શખ્સો સામે કેસ દાખલ કર્યો હતો.

**ઈ-ઓક્શન સૂચના**

"પાણીથી અસરગ્રસ્ત કોટેડ પેપર બોર્ડ (રીલ/શીટ/બંડલ), કેમિકલ સામગ્રી (પીએસી પાવડર, સ્ટાર્ચ પાવડર, અન્ય કેમિકલ્સ) તથા પેકિંગ સામગ્રી-અંદાજે ૫,૧૨,૧૭૫ કિ.ગ્રા., પ્રતિ કિ.ગ્રા.ના ધોરણે."

રસ ધરાવતા ખરીદદારોને"પાણીથી અસરગ્રસ્ત કોટેડ પેપર બોર્ડ (રીલ/શીટ/બંડલ), કેમિકલ સામગ્રી (પી એસ પાવડર, સ્ટાર્ચ પાવડર, અન્ય કેમિકલ્સ) તથા પેકિંગ સામગ્રી-અંદાજે ૫,૧૨,૧૭૫ કિ.ગ્રા., પ્રતિકિ.ગ્રા.ના ધોરણે" સામગ્રીના નિકાલ માટેની-ઓક્શનમાં ભાગ લેવા આમંત્રિત કરવામાં આવે છે. ઉપરોક્ત સલ્વેજ સામગ્રી નો કાલ "જ્યાં છે જેવી સ્થિતિમાં", "જે કંઈછે તે પ્રમાણે"અને"કોઈ ફરિયાદ નહીં" ના ધોરણે કરવામાં આવશે અને આ સામગ્રી મેસર્સ ખેરાણી પેપર મિલ્સ પ્રા. લિ.ની છે. ઉપરોક્ત સામગ્રીનું નિરીક્ષણ ૮૦૮/સી, ૩જો તબક્કો, જીઆઈડીસી, વાપી, વલસાડ, ગુજરાત- ૩૯૬૧૯૫ ખાતે ૨૬/૦૮/૨૦૨૬ થી ૦૩/૦૯/૨૦૨૬ દરમિયાન સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધી, માત્રકામકાજનાદિવસોમાં કરી શકાશે. સામગ્રીનું નિરીક્ષણ માટે કૃપા કરીને શ્રી સુમિત બોઝ-મોબાઈલનં. +૯૧-૯૭૨૩૩૨૯૯૭૪ નો સંપર્ક કરવો. ઈ-ઓક્શન ૦૪/૦૯/૨૦૨૬ ના રોજ www.b2bsalvage.com વેબસાઈટ પર યોજવામાં આવશે. ઈ-ઓક્શનમાં ભાગ લેવા માટે જરૂરી ભાગીદારી ફોર્મ તથા ઈ-ઓક્શનના નિયમો અને શરતો મેળવવા માટે કૃપા કરીને શ્રી હેમંત બિરલા નો સંપર્ક કરવો. ફોર્મ તથા એમડી રકમ જમા કરવાની છેલ્લી તારીખ ૦૩/૦૯/૨૦૨૬ સાંજે ૦૪:૦૦ વાગ્યા સુધી રહેશે.

**ઓક્શનિયર: બીટુબી સેલ્વેજ ઓક્શનિયર્સ ઈન્ડિયા એલએલપી, રજિસ્ટર્ડ ઓફિસ: ૧૨૧, લવકુશ કોલોની, માંગલીયા, ઈન્દોર, મધ્યપ્રદેશ-૪૫૩૭૭૧, સંપર્ક નં.: +૯૧ ૯૭૫૪૭૦૬૦૭૧**

**પશ્ચિમ રેલ્વે પાલઘરથી ટ્રેન નં. ૦૯૪૨૪/૦૯૪૨૩ અમદાવાદ ⇌ મેંગલુરુ માટે વધારાનો સ્ટોપેજ પૂરો પાડે છે**

| ટ્રેન નં. ૦૯૪૨૪ અમદાવાદ - મેંગલુરુ સાપ્તાહિક સ્પેશિયલ (૨૮.૦૮.૨૦૨૬ થી) | | સ્ટેશન નામ | ટ્રેન નં. ૦૯૪૨૩ મેંગલુરુ - અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ (૨૯.૦૮.૨૦૨૬ થી) | |
|---|---|---|---|---|
| આગમન | પ્રસ્થાન | | આગમન | પ્રસ્થાન |
| ૨૨:૦૨ કલાક. | ૨૨:૦૪ કલાક. | પાલઘર | ૧૯:૧૦ કલાક. | ૧૯:૧૨ કલાકે. |

રૂટ પરના સ્ટેશનો, સ્ટોપ અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે

WESTERN RAILWAY
wr.indianrailways.gov.in
Like us & Follow us on:
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને બધી અનામત ટિકિટો માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો.

# સિટી એક્સપ્રેસ

WEDNESDAY 26 AUGUST-2026

AHMEDABAD




## મીઠાઈ-માવામાં ભેળસેળ રોકવા 22 એકમોમાં દરોડા

અમદાવાદ | અમદાવાદમાં તહેવારોની સિઝન પહેલાં મીઠાઈમાં થતી ભેળસેળ રોકવા AMCના ફૂડ વિભાગે 22 એકમો પર દરોડા કર્યા છે. આ તપાસ દરમિયાન કાજુ કતરીના નમૂનામાં ચાંદીના વરખની જગ્યાએ અન્ય ધાતુનો વરખ હોવાનું સામે આવતાં તેના સપ્લાયર સામે સીલિંગની કાર્યવાહી કરવામાં આવી છે. આ સાથે જ અન્ય એક એકમમાં FSSAI લાયસન્સ ન હોવા અને અસ્વચ્છતા જણાતા તેને પણ સીલ કરી દેવાયું છે. બાપુનગરમાં શ્રી કનૈયાલાલ માવાવાળાના એકમમાંથી કાજુ કતરીમાં ચાંદીને બદલે અન્ય ધાતુનો વરખ મળતા તેને સીલ કરાયું.

## ગુજરાતમાં આગામી સાત દિવસ સામાન્ય વરસાદની શક્યતા

અમદાવાદ |ગુજરાતમાં આગામી 7 દિવસ હળવાથી સામાન્ય વરસાદની હવામાન વિભાગે શક્યતા વ્યક્ત કરી છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ઝાપટાં પડી શકે છે. હાલ રાજ્યમાં 7% ઓછો વરસાદ નોંધાયો છે, જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છમાં ચિંતાજનક 30% ઘટ છે. અમદાવાદ સહિત ઉત્તર ગુજરાતમાં સૂકું હવામાન રહેશે. ખેડૂતોને સારા વરસાદ માટે રાહ જોવી પડશે. હવામાન વિભાગના જણાવ્યાનુસાર, છેલ્લા 24 કલાક દરમિયાન ગુજરાતમાં ખૂબ જ ઓછો વરસાદ નોંધાયો છે, જેમાં મુખ્યત્વે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના માત્ર બે સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડ્યો છે, જ્યારે અન્ય ભાગોમાં હવામાન સૂકું રહ્યું છે.

# રાજ્યમાં ઓગસ્ટમાં સામાન્ય કરતા 22 ટકા ઓછો વરસાદ:આગામી 7 દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી, અમદાવાદમાં ગરમીનો પારો 34.3°C



અમદાવાદ | હવામાન વિભાગે ગુજરાતમાં આગામી 7 દિવસ દરમિયાન હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જો કે, આ સમયગાળા દરમિયાન રાજ્યમાં ભારે વરસાદ કે તોફાની પવનની કોઈ ચેતવણી આપવામાં આવી નથી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી 5 દિવસ દરમિયાન માછીમારો માટે દરિયામાં જવા અંગે પણ કોઈ વિશેષ ચેતવણી આપવામાં આવી નથી.

રાજ્યમાં હાલમાં હવામાનની ત્રણ સિસ્ટમની અસર જોવા મળી રહી છે, જેમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, મોન્સૂન ટ્રફ અને લો પ્રેશર એરિયાનો સમાવેશ થાય છે.

છેલ્લા 24 કલાકમાં મહીસાગર જિલ્લામાં સૌથી વધુ 32.6 મિલીમીટર (1.28 ઈંચ) વરસાદ નોંધાયો છે. બીજી તરફ, ઓગસ્ટ મહિનામાં સમગ્ર ગુજરાતમાં સામાન્ય કરતા 22 ટકા ઓછો વરસાદ નોંધાયો છે. અમદાવાદ શહેરમાં આગામી દિવસોમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. શહેરમાં એકાદ-બે સ્થળે હળવા વરસાદી ઝાપટાં પડી શકે છે. જો કે, હાલ અમદાવાદ સહિત રાજ્યમાં ભારે વરસાદની કોઈ આગાહી કરવામાં આવી નથી.

ગુજરાતમાં 23 ઑગસ્ટની સરખામણીએ 24 ઑગસ્ટના રોજ તાપમાનના પારામાં નોંધપાત્ર ફેરફારો જોવા મળ્યા છે. રાજ્યના મોટા ભાગના શહેરોમાં તાપમાન વધ્યું છે, જેમાં ડીસામાં સૌથી વધુ 2.8C નો વધારો નોંધાતાં પારો 30.8C થી વધીને 33.6C એ પહોંચ્યો છે. આ સિવાય ભુજ (30.8C થી 33.5C), અમદાવાદ (33.0C થી 34.3C)માં પણ ગરમીનો પારો ઊંચકાયો છે. બીજી તરફ, કેટલાક શહેરોમાં તાપમાનમાં ઘટાડો નોંધાયો છે, જેમાં ભાવનગરમાં સૌથી વધુ 2.3Cનો ઘટાડો થતાં તાપમાન 34.5Cથી ઘટીને 32.2C થયું છે. રાજકોટ (33.9Cથી 31.7C) અને કંડલા (33 Cથી 31.2C) માં પણ રાહત જોવા મળી છે.

# કેનેડા PR વિઝાના નામે રૂ.97.50 લાખની ઠગાઈ




ગાંધીનગર | ગાંધીનગરના કુડાસણ સ્થિત 'વીન વીન ઓવરસીઝ' નામના વિઝા એજન્ટે કેનેડાના PR વિઝા અપાવવાની લાલચ આપીને એક જ પરિવારના ભાઈ-બહેન પાસેથી રૂ. 97.50 લાખ પડાવી લીધા છે. એજન્ટે PR વિઝા આપવાને બદલે માત્ર ક્લોઝ વર્ક પરમિટ આપતાં કેનેડા પહોંચેલા ભાઈ-બહેનને અંતે ભારત પરત ફરવું પડ્યું હતું. આ અંગે પીડિત પરિવારે ઈન્ફોસિટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરના કુડાસણ સ્થિત ઉમિયા બંગલોમાં રહેતા સુનિલભાઈ અમરતભાઈ પટેલે પોતાના પુત્ર અને ભત્રીજીને કેનેડા મોકલવા માટે વિઝા એજન્ટની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન અમેરિકા રહેતા પરિચિત મારફતે કુડાસણના 'રાધે સ્ક્વેર'માં ઓફિસ ધરાવતા રવિ સુરેશ સોલંકી (રહે. રાણીપ)નો સંપર્ક થયો હતો. રવિ સોલંકીએ અત્યાર સુધીમાં 35 લોકોને વિદેશ મોકલ્યા હોવાનો દાવો કર્યો હતો અને 3 થી 4 મહિનામાં કેનેડાના વિઝા તથા ત્યારબાદ તુરંત PR અપાવવાની ખાતરી આપીને રૂ. 97.50 લાખમાં ડીલ નક્કી કરી હતી.

વિઝા પ્રોસેસિંગના ભાગરૂપે બાયોમેટ્રિક અને મેડિકલ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ એજન્ટે પરિશાદ પાસેથી રૂ. 97.50 લાખ રોકડા મેળવી લીધા હતા અને મનોટોબા સ્થિત એક કંપનીની ક્લોઝ વર્ક પરમિટ આપી દીધી હતી. જોકે, કેનેડા પહોંચ્યા બાદ સુનિલભાઈના પુત્ર પાસે હેલ્થ કાર્ડ ન હોવાથી કંપનીએ તેને કામ આપવાની ના પાડી દીધી હતી, જ્યારે ભત્રીજીને પણ થોડા સમય બાદ નોકરીમાંથી મુક્ત કરી દેવામાં આવી હતી. તેમ છતાં એજન્ટે PR ફાઈલ ચાલુ રાખવાના બહાને દર 15 દિવસે 1,500 કેનેડિયન ડોલર લેવાનું ચાલુ રાખ્યું હતું. ત્યારબાદ એજન્ટે કોઈ મદદ કરવાને બદલે ગોળગોળ જવાબો આપવાનું શરૂ કરતાં પરિવારને શંકા ગઈ હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે એજન્ટ રવિ સોલંકી પોતે પરિવાર સાથે કેનેડા ભાગી જવાની પેરવીમાં હતો. છેતરાયાનો અહેસાસ થતાં સુનિલભાઈ પટેલે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# રાજ્યમાં 25 ચીફ ઓફિસરની સામૂહિક બદલી:સુરત-અમદાવાદ-ગાંધીનગર-રાજકોટ ઝોનમાં મોટા ફેરફાર, જુઓ કોને ક્યાં મુકાયા



અમદાવાદ | રાજ્યના શહેરી વહીવટીતંત્રમાં સરકારે મોટો ફેરફાર કર્યો છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે રાજ્યની નગરપાલિકાના ચીફ ઓફિસર સંવર્ગના 25 અધિકારીની બદલી અને નવી નિમણૂકના આદેશો કર્યા છે. 24 ઓગસ્ટે મંજૂર કરાયેલા આ હુકમથી અનેક નગરપાલિકાઓ ઉપરાંત સુરત, અમદાવાદ, ગાંધીનગર અને રાજકોટ ઝોનના પ્રાદેશિક કમિશનર કક્ષાના પદના અધિકારીઓમાં પણ ફેરફાર થયો છે.

રવિકાન્ત પટેલને સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર પદેથી માણસા ચીફ ઓફિસર તરીકે મુકવામાં આવ્યા છે. જ્યારે પારસ મકવાણાની વેરાવળ-પાટણથી બદલી કરીને સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર બનાવાયા છે.

કેશવ કોલડીયાને અંકલેશ્વરથી બદલીને પ્રાદેશિક કમિશનર મ્યુનિસિપાલિટી, સુરત ઝોન બનાવાયા છે. નીતિન બોડાતને કલોલથી અમદાવાદ ઝોનના પ્રાદેશિક કમિશનર તરીકે નિમણૂક મળી છે. સતીશ પટેલ માણસાથી ગાંધીનગર ઝોનના પ્રાદેશિક કમિશનર અને રૂપલ ખેતીયાને ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડમાંથી રાજકોટ ઝોનના પ્રાદેશિક કમિશનર બનાવવામાં આવ્યા છે.

હુકમમાં મુજબ માંડવી-બારોઈ નગરપાલિકાના ચીફ ઓફિસર તરીકે વર્ગ-2ના વૈભવ વ્યાસને વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. તેઓ પોતાની હાલની કામગીરી ઉપરાંત આ જવાબદારી પણ સંભાળશે.

સરકારે તમામ બદલી-નિમણૂકોનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો આદેશ કર્યો છે. આ મોટા વહીવટી ફેરફારથી રાજ્યની અનેક નગરપાલિકાઓમાં ચીફ ઓફિસર સ્તરે નવી ટીમ કાર્યરત થશે. ગુજરાતમાં અગાઉ પણ શહેરી વિકાસ વિભાગ દ્વારા નગરપાલિકાના ચીફ ઓફિસરની સામૂહિક બદલી કરવામાં આવી ચૂકી છે.

## રિક્ષાચાલકે TRB જવાનને ફડાકા માર્યા, પોલીસકર્મી લંગડાતો ચાલ્યો:બંધ સિગ્નલે રિક્ષા રોકતાં અકસ્માત બાદ બબાલ



અમદાવાદ | અમદાવાદના વિક્ટોરિયા ગાર્ડન પાસે બંધ સિગ્નલે પૂરઝડપે નીકળતી રિક્ષાને TRB જવાને રોકવાનો પ્રસાય કરતા કાચ તૂટી જતાં ચાલકે TRB જવાનને માર મારી પોલીસકર્મીને ધક્કો મારી નીચે પાડી દીધો હતો. રિક્ષાચાલકે રોડ વચ્ચે બોલાચાલી કરી હુમલો કરતાં પોલીસે તેની સામે સરકારી કામમાં અડચણરૂપ બનવા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી છે.

ઈ-ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા TRB જવાન રાહુલ પટણી સોમવારે બપોરે વિક્ટોરિયા ગાર્ડન પાસે ટ્રાફિક કામગીરીમાં હતા. આ દરમિયાન રાયખડ ચાર રસ્તા તરફથી બંધ સિગ્નલે આવેલી એક પૂરઝડપ રિક્ષાને રોકવાનો પ્રયાસ કરાતાં તે TRB જવાનના હાથ સાથે અથડાઈ હતી અને રિક્ષાનો કાચ તૂટી ગયો હતો.

રિક્ષા કાચ તૂટતાં ઉશ્કેરાયેલા ચાલકે રોડ પર જઈ TRB જવાન સાથે ગાળાગાળી કરી મારપીટ શરૂ કરી હતી. વચ્ચે પડેલા મનોજભાઈ નામના પોલીસકર્મીને પણ તેણે ધક્કો મારી નીચે પાડી દીધા હતા, જેમાં તેને પગમાં ઈજા થતાં લંગડાતા ચાલતા હતાં. બનાવ બાદ અન્ય પોલીસકર્મીઓએ ચાલકની અટકાયત કરી હતી, જેની ઓળખ બહેરામપુરાના જીગર સોલંકી તરીકે થઈ છે. ઈ-ટ્રાફિક પોલીસે આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## 112 કોલિંગના આંકડાથી 'સેફ સિટી' અમદાવાદની પોલ ખુલી, 1 લાખથી વધુ ઝઘડા

અમદાવાદ | અમદાવાદ શહેરની શાંત અને સુરક્ષિત હોવાની વર્ષો જૂની છબી હવે સરકારી ઈમરજન્સી લોગના આંકડા સામે નબળી પડતી દેખાઈ રહી છે. કડક દારૂબંધી અને ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમના નીચા દર માટે વખણાતા ગુજરાતના આ આર્થિક પાટનગરમાં એક કડવી વાસ્તવિકતા સામે આવી છે: શહેરના જાહેર માર્ગો, રહેણાંક વિસ્તારો અને કોમર્શિયલ હબ સતત શેરી હિંસા, ઝઘડા અને શારીરિક હુમલાઓની ચપેટમાં છે.

ઓગસ્ટ 2025 ના અંતમાં શરૂ થયેલી 112 ઈમરજન્સી હેલ્પલાઈનના 334 દિવસના પોલીસ લોગ ડેટાએ 'સેફ સિટી' ના દાવાઓને ખોટા સાબિત કર્યા છે. જુલાઈ 2026 સુધી નોંધાયેલા કુલ 210,593 ઈમરજન્સી કૉલ્સમાંથી 100,081 કૉલ્સ માત્ર શારીરિક માથાકૂટ, જાહેર ઝઘડા અને હિંસક હુમલાના હતા.

આ આંકડો દર્શાવે છે કે શહેરમાં દર 4.8 મિનિટે એક હિંસક ઝઘડો નોંધાય છે, એટલે કે ચોવીસે કલાક દર કલાકે સરેરાશ 12 થી 13 હિંસક કૉલ આવે છે.

## ગુજસીટોકના આરોપીએ છરીની અણીએ વેપારીઓ પાસે ખંડણી માંગી:બસ દીઠ 5 હજારની માંગણી કરી સહયોગ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સની ઓફિસેથી 500 રુપિયા પડાવ્યા




અમદાવાદ | અમદાવાદમાં ગીતા મંદિર એસટી બસપોર્ટ પાસે ટ્રાવેલ્સ વેપારીઓમાં ફફડાટ જોવા મળ્યો છે. ગુજસીટોકના આરોપીએ છરીની અણીએ વેપારી પાસેથી બસ દીઠ પાંચ હજારની ખંડણી માંગી છે. મોડી રાત્રે આરોપી ટ્રાવેલ્સની ઓફિસમાં જઈને છરીની અણીએ ખંડણીને અંજામ આપતો હતો. આરોપી માથાભારે હોવાથી તેની સામે બે દિવસમાં કાગડાપીઠમાં હત્યાના પ્રયાસની અને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં વેપારીએ ખંડણીની ફરિયાદ નોંધાવી છે.

ગીતામંદિર આસપાસની ટ્રાવેલ્સ ઓફિસોમાં અચાનક ડરનો માહોલ છવાઈ ગયો હતો. CTMમાં હરીદર્શન પાર્ક સોસાયટીમાં રહેતા કેયુર ખાણદર ગીતામંદિર ચાર રસ્તા પાસે મુંશીનાવંડાની નજીક સહયોગ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ચલાવે છે. થોડા દિવસ પહેલાં કેયુર, તેમના પિતા દિનેશભાઈ, મેનેજર નિક્ષીત અને અન્ય કર્મચારીઓ ઓફિસમાં હાજર હતા. ત્યારે શરીફખાન પઠાણ અચાનક ઓફિસમાં આવ્યો હતો. બાદમાં કેયુરની છાતી પર છરી રાખી ધમકી આપી હતી કે, અહીં ટ્રાવેલ્સનો ધંધો કરવો હોય તો દરેક બસના પાંચ હજાર રૂપિયા આપવા પડશે નહીં તો જાનથી મારી નાખીશ. આ દરમિયાન કેયુરના કર્મચારીઓ ગૌતમ અને ઉર્વેશ સાથે પણ મારઝૂડ કરવામાં આવી હતી.

બીજા દિવસે શરીફખાન રાતના બે વાગ્યે ફરી છરી લઈને આવ્યો હતો. ઓફિસ કેમ ખુલ્લી છે કહી કેયુરને ધમકાવ્યો અને પૈસાની માગણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપીને 500 રૂપિયા લઈ ગયો હતો. એટલું જ નહીં શરીફખાન આસપાસની અન્ય ટ્રાવેલ્સ ઓફિસમાં ગયો અને ત્યાં પણ છરી બતાવી 500 રૂપિયાની ઉઘરાણી કરી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે. વેપારીએ શરીફખાન સામે ફરિયાદ નોંધાવી

માથાભારે છાપને કારણે શરૂઆતમાં વેપારીઓ ચૂપ રહ્યા હતા. પરંતુ વારંવારની ધમકીઓથી કંટાળીને અંતે વેપારીઓ એક થયા અને મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. આ અંગે વેપારીએ શરીફખાન સામે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી છે. તો એ પહેલા 24 ઑગસ્ટે શરીફખાન સામે કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયો હતો. પોલીસે તપાસ કરતા જમાલપુર વિસ્તારમાં ત્રાસ મચાવતી બાલમખાન-હમઝા ગેંગ વિરુદ્ધ સપ્ટેમ્બર 2022માં ગુજસીટોક હેઠળ ગુનો નોંધાયો હતો. આ ગેંગમાં એક જ પરિવારના પાંચ સભ્ય સહિત છ આરોપી સામેલ હતા. ગેંગનો મુખ્ય આરોપી બાલમખાન પઠાણ જેલમાં ગયા બાદ તેનો પુત્ર હમઝા ગેંગનું સંચાલન કરતો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું હતું. આ ગેંગ સામે હત્યાના પ્રયાસ, મારામારી, બળજબરીથી ખંડણી વસૂલવી અને ધમકી સહિતના 40થી વધુ ગંભીર ગુના ઉપરાંત નશીલા પદાર્થોના ગુના નોંધાયેલા હોવાનું સામે આવ્યું હતું. ગુજસીટોક જેવા કડક કાયદા હેઠળ કાર્યવાહી થયેલા ગુનાહિત વર્તુળ સાથે શરીફખાનનું નામ જોડાતાં હાલની ખંડણીની ફરિયાદને પોલીસ ગંભીરતાથી લઈ રહી છે.

## અમદાવાદમાં 41મા રાષ્ટ્રીય ચક્ષુદાન પખવાડિયાનો પ્રારંભ:આરોગ્ય મંત્રીએ અસારવા આંખની હોસ્પિટલથી શુભારંભ કરાવ્યો; રાજ્યમાં વર્ષે અંદાજે 6,000 આંખોનું દાન




અમદાવાદ | અમદાવાદના અસારવા સ્થિત એમ એન્ડ જે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપ્થેલમોલોજી ખાતેથી આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાના હસ્તે 41મા રાષ્ટ્રીય ચક્ષુદાન પખવાડિયાનો પ્રારંભ થયો છે. રાષ્ટ્રીય અંધત્વ અને દૃષ્ટિ ખામી નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં 'નેત્રદાન મહાદાન'ના સંદેશ સાથે લોકોને ચક્ષુદાન માટે જાગ્રત અને પ્રેરિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ચક્ષુદાન પખવાડિયા દરમિયાન સમગ્ર રાજ્યમાં જનજાગૃતિ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું કે, દેશમાં લાખો લોકો કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટની રાહ જોઈ રહ્યા છે. વ્યક્તિના મૃત્યુ બાદ માત્ર ત્રણ કલાકની અંદર આંખોનું દાન કરી શકાય છે. બ્રેઈન ડેડ સિવાય સામાન્ય મૃત્યુ પછી પણ નિર્ધારિત સમયમાં મેળવી શકાતું અંગ આંખ છે. રાજ્યમાં દર વર્ષે અંદાજે 5,500થી 6,000 આંખોનું દાન પ્રાપ્ત થાય છે, જેથી વધુમાં વધુ લોકો આ મહાદાનમાં આગળ આવે તેવી અપીલ કરવામાં આવી છે.

આરોગ્ય મંત્રીએ ઉમેર્યું હતું કે, અગાઉ મોતિયાના કારણે લોકો દૃષ્ટિ ગુમાવતા હતા, પરંતુ હવે ગામડે ગામડે કેમ્પ યોજીને સફળતાપૂર્વક મોતિયાના ઓપરેશન કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત, હવે પશુઓમાં પણ મોતિયાના ઓપરેશનની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

આ પ્રસંગે આરોગ્ય મંત્રીએ ખાદ્યપદાર્થોમાં ભેળસેળ સામે અને 'એનાલોગ પનીર' જેવા મુદ્દાઓને પ્રકાશમાં લાવવા બદલ મીડિયાની કામગીરીની પ્રશંસા કરી હતી. આ પખવાડિયા દરમિયાન રાજ્યભરમાં લોકોને મૃત્યુ બાદ ચક્ષુદાન કરવા અને જરૂરિયાતમંદ લોકોના જીવનમાં ઉજાસ પથરાવવા માટે વ્યાપક ઝુંબેશ ચલાવવામાં આવશે.

## કોલવડામાં UGVCLના પ્રોજેક્ટમાં મોડીરાત્રે તસ્કરો ત્રાટક્યા : 1 હજાર કિલો કેબલ કાપી ફરાર થયાં...

ગાંધીનગર | ગાંધીનગરના કોલવડા ગામ ખાતે ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ (UGVCL) દ્વારા હાથ ધરવામાં આવેલા અંડર ગ્રાઉન્ડ વીજ લાઈનના પ્રોજેક્ટને તસ્કરોએ નિશાન બનાવ્યો છે. કોલવડા ગામમાં સન સાઈન પબ્લિક સ્કૂલથી શ્રવણા અમૃત ફ્લેટ તરફ જતા મુખ્ય માર્ગ પરથી અજાણ્યા ચોર ઈસમો આશરે રૂ. 3 લાખની કિંમતનો 150 મીટર લાંબો અને 1,000 કિલો વજનનો એલ્યુમિનિયમ કેબલ વાયર કાપીને ફરાર થઈ ગયા છે. આ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. કોલવડા ગામમાં UGVCL દ્વારા અંડર ગ્રાઉન્ડ વીજળી લાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરીનું મુખ્ય ટેન્ડર અમદાવાદની રાજેશ પાવર સર્વિસિસ લિમિટેડ પાસે છે, જ્યારે સબ-કોન્ટ્રાક્ટર તરીકે પ્રણવી એન્ટરપ્રાઈઝ કંપની કામગીરી સંભાળી રહી છે. 20 ઓગસ્ટની મોડી રાત્રિથી 21 ઓગસ્ટની વહેલી સવાર દરમિયાન તસ્કરોએ આ ચોરીને અંજામ આપ્યો હતો.વતન ઈંદોર ગયેલા કંપનીના જવાબદાર વિકાસકુમાર મિશ્રાને સુપરવાઈઝરે ફોન પર ઘટનાની જાણ કરી હતી. તેમણે સ્થળ પર આવીને નિરીક્ષણ કરતા માલૂમ પડ્યું હતું કે અજાણ્યા તસ્કરોએ અંડર ગ્રાઉન્ડ લાઈનમાંથી 150 મીટર જેટલો કિંમતી એલ્યુમિનિયમ વાયર કાપી લીધો હતો. આ ચોરાયેલા વાયરનું વજન આશરે 1,000 કિલોગ્રામ (એક ટન) જેટલું થાય છે.

ઘટના અંગે મુખ્ય કોન્ટ્રાક્ટર કંપનીના ઉચ્ચ અધિકારીઓને માહિતગાર કર્યા બાદ પેથાપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. એક ટન જેટલો ભારેખમ કેબલ કાપીને વાહનમાં ભરીને લઈ જવાની આ ઘટનામાં કેબલની તાંત્રિક જાણકારી ધરાવતી કોઈ રીઢા ગુનેગારોની ગેંગ અથવા સ્થાનિક ચોર ટોળકી સંડોવાયેલી હોવાની શંકા સાથે પોલીસે તપાસ તેજ કરી છે.